
વર્ષ ચોસઠમું · જાન્યુઆરી ૧૯૯૧
સંસ્થાપક · રવિશંકર રાવળ · આદ્યતંત્રી · બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનું માસિક

તંત્રી
ધીરુ પરીખ
સંપાદક
બિહારીલાલ ટાંક



રડો ન મુજ મૃત્યુ ને!—

'રડો ન મુજ મૃત્યુને! હરખ માય આ છાતીમાં
ન રે!–કયમ તમેય તો હરખાતાં ન હૈયાં મહીં?
વીંધાયું ઉર તેથી કેવળ શું રક્તધારા છૂટી,
અને નહિ શું પ્રેમધાર ઉછળી અરે કે રડો?
હતું શું બલિદાન આ મુજ પવિત્ર પૂરું ન કે?
અ' રપ હીઠી શું હૈં મુજ અક્ષમ્ય તેથી રડો?

૯. શું હરખાત જો ભય ધરી ભજી ભીરુતા
અપાક અસહાય હું હૃદયમાં રૂંધી સત્યને
શ્વસ્યાં કરત ભૂતલે? મરણથી છૂટયો સત્યને
ગળે વિષમ જે હતો કંઈક કાળ ડૂમો! થયું
સુણો પ્રગટ સત્ય : વેર પ્રતિ પ્રેમ, પ્રેમ ને પ્રેમ જ!
હસે ઈસુ, હસે જુઓ સુક્રતુ, સૌમ્ય સંતો હસે.'

ને ન રડીએ, પિતા, મરણુ આપનું પાવન,
ક્રમય દૈન્યનું નિજ રડી રહ્યા જીવન.'

ઉમાશંકર જોષી

સળંગ અંક
૭૫૬



સં. ૧૨૮૫ દ્વિ. જ્યેષ્ઠ વદિ ૭ શુક્રે મહારા
જ શ્રી જયાસઘ દેવસ્ય । ઠ. બીલ્હણે [ન
કારિતા ।] કૌંસમાંના શબ્દો છબીમાં ઝિલાયા નથી.

જયસિંહ સિદ્ધરાજની આ પ્રતિમા હારીજ પાસે આવેલા માકાગ્રામમાંથી મળી આવી **છે.** સંવત ૧૨૮૫માં એની સ્થાપના કોઇ **ઠક્કુર** બીલ્હણે કરાવી હશે એમ પ્રતિમાની બેસણી પર કોતરાએલા શબ્દો પરથી જાણી શકાય **છે.** શ્વેત આરસમાંથી કંડારાએલી આ પ્રતિમાની ઊંચાઇ ૩૯, લંબાઈ ૨૩ અને પહોળાઇ ૫ સેન્ટિમીટર **છે.** સિદ્ધરાજ જયસિંહના અવસાનકાળ પછી થોડાં જ વર્ષે બનેલી આ પ્રતિમા એમના વર્ણનને આધારે બની હોય એવું અનુમાન કરવામાં આવે તો તેનું દસ્તાવેજી મૂલ્ય વધી જાય છે. લલિતાસન કે અર્ધપર્યંકાસનમાં સ્થિત રાજવીનાં નિમીલિત નેત્રો, મુખ પર પ્રસરેલી પ્રસન્નતા અને જોડાયેલા કરદ્વય દ્વારા શિલ્પીએ એમના વ્યક્તિત્વની વિનમ્રતા અભિવ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો **છે.** બેસણી પર કોતરાએલા શબ્દો શિલ્પની છબી નીચે દર્શાવ્યા **છે.** (**લાલભાઇ દલપતભાઈ સંગ્રહાલય, અમદાવાદના સૌજન્યથી**)

'કુમાર' **સાંકળિયું** વર્ષ ચોસઠમું
જાન્યુઆરી ૧૯૯૧ · સળંગ અંક ૭૫૬

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત.
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧,
(ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી
હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય
કોમર્શિયલ સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧
વાર્ષિક લવાજમ રૂ. ૭૫, પરદેશમાં રૂ. ૨૫૦
છૂટક નકલ રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

બીજફલનની સંકુલતા/ઉશનસ્

(શિખરણી - સૉનેટ)

કરું જોયા, મોહ્યા શરદઋતુની ફુલ્લ પૃથિવી
મહાશ્ચર્યાનંદેઃ કણકણ તૃણે શી પુલકિતા!
તરુશાખા, ક્ષેત્રો ફલખચિત, વલ્લી કુસુમિતા!
અહો, આ પૃથ્વીની પરિણત, તૃષાતૃપ્ત શી છવિ!

ન જાણે, કેવું એ ગગનબીજ સંભોગથી ગયું
હશે પૃથ્વી ગાત્રે પરમરૂપપાત્ર સ્ખલિત શું!
ધરાની માટીને ગરભ ખરી કોઈ તડિત શું,
અને ભૂનું ગર્ભાશય પણ અહો, ઉર્વર નર્યું!

મને લાગે છે કે પુરુષ નભનું એ બીજ, અને
ધરા કેરું ગર્ભાશય ઉભય જાદૂઈ; પ્રીતનું
નહીં તો ના હોયે અશું ફલન સંકુલ રીતનું,
કશુંયે જ્યાં સાદું સરલ ન મળે રૂપ-વરણે;

ઝીણેરું જંતુ લ્યો, કીડી-કીટક લ્યો, લ્યો તરુ, કૃષિ;
લીલેરો તંતુ લ્યો, તૃણ પરણનો,
ઉર-સ્ફુરણનો;
સમજ પડતી કોઈની કશી?

થઈશું નહીં ક્રૂર/પન્ના નાયક

(ગાન)

અહીંનું બધું પડતું મૂકી ચાલને જઈએ દૂર ને દૂર
અહીંની કોઈ માયા નહીં
અહીંની કોઈ છાયા નહીં
અહીં ગાયેલાં ગીતના બધા જઈએ ભૂલી સૂર.

કોઈ અજાણ્યા ઝાડની ઉપર
બાંધીએ જઈને માળો
કાતીલ હોય શિયાળો ભલે
કારમો હોય ઉનાળો
મોસમની વાત આઘી કરી અળગી કરી નીકળી જઈએ
ઊમટી આવ્યાં આપણને ક્યાંક ખેંચી જતાં કોઈ નદીનાં પૂર.

એક નિરાળી દષ્ટિ હશે
એક નિરાળી સૃષ્ટિ હશે
આપણે તો બસ આપણા મહીં
રમતા જશું ભમતા જશું
આભથી થતી વૃષ્ટિ હશે
કોઈ ઋણાનુબંધ હશે ને આપણો એ સંબંધ હશે
ને પ્રેમને નામે આપણે કદી થઈશું નહીં ક્રૂર.

તંતુ/રમણીક અગ્રાવત

(ઝૂલણા)

શું કરું શું કરું એ જ મનમાં રહે
દિવસના બોજનું શકટ તાણે
શ્વાન જાણે
એ જ રફતારમાં ખખડધજ માર્ગમાં
જવું બસ જવું જવું...

એમ તો આંખ છે શ્વાસ છે વાસ છે
પાતળો પાતળો ક્યાંક તો બચ્ચોકચ્ચો
અહેસાસ છે ખરો
ક્યાંથી ક્યાં લઈ જશે
કોણ જાણે બધું...

બુદ્‌બુદો સેંકડો ઝળહળી હલબલી
જળ-વિલિન થૈ અને જળ બને જળ રહે
પવનની પીઠ પર હળુ હળુ ગંધ સરતી રહે
અવકાશમય બને મન ભરે
ટપક ટપ ટપક ટપ જળ ઝમે
ટપક ટપ ટપક ટપ જળ ઝમે
અનવરત ટપક ટપ ટપક ટપ જળ ઝમે...

ના બનાવ/નટરાજ બ્રહ્મભટ્ટ

(ગઝલ)

પત્રને હેવાલ ખાલી ના બનાવ
એક ભીના શબ્દની છે માગણી.

જે સવારે લાગતો તડકો સીધો
એ બપોરે કેટલો કરતો ટણી?

માંડ મટવા આવ્યું છે દૂઝતું દરદ
એને ના ઉશ્કેર તું ખાલી ખણી.

આ જીવન તકલાદી સીસાપેન છે
એટલે તો રોજ બટકે છે અણી.

કાળ ના ભૂંસી શકે જેનાં ભજન
ચોપડી ક્યાં ચાર એ મીરાં ભણી?

કિનારા સાંભરી આવ્યા!/યોગેશ વૈદ્ય

(ગઝલ)

નજર સામે ન જાણે કેટલાં શહેરો તરી આવ્યાં,
ડૂબેલા વ્હાણને જ્યારે કિનારા સાંભરી આવ્યા!

સવારે નીકળ્યાં'તા જે કુંવારી લાગણી લઈને,
એ લોકો સાંજ ઢળતામાં ઉદાસીને વરી આવ્યાં.

ઝુરાપાનું આ વળગણ ક્યાં ઉતારી નાખવું, મિત્રો?
અમે પણ ચોકની વચ્ચે ચટાઈ પાથરી આવ્યા.

પડ્યા પળવાર માટે એકલા જો ઘરના ફળિયામાં,
તો ખોળામાં સુકાયેલ જૂઈનાં પર્ણો ખરી આવ્યાં.



વીસ વર્ષની યુવાન વયે વિધવા થઈ રૂઢિચુસ્ત સમાજનો ભોગ બનવા છતાં જેમણે અદમ્ય ઉત્સાહ અને અપાર ધીરજથી તે સમાજમાં પોતાનું જીવનધ્યેય ખોજીને તેને મક્કમતાથી વળગી રહી, પરદેશ જઈ અભ્યાસ કરી દેશની બેહાલ વિધવાઓ માટે નાણાં ઉઘરાવી લાવી સમદુખિયારી બહેનોનાં હામી બનનારે

પાર્વતીબાઈ આઠવલે

જેમણે પોતાના સમાજની વિધવા બહેનોના કલ્યાણની પ્રવૃત્તિમાં સમગ્ર આયખું સમર્પી તેને ધન્ય બનાવ્યું હતું.

રંજના દ્વિવેદી

રૂઢિવાદી સમાજના સખત વિરોધ વચ્ચે ૫ ઓગસ્ટ ૧૯૧૮ને દિવસે ૪૮ વર્ષની એક પ્રથમ ભારતીય વિધવાએ વધુ અભ્યાસ-અર્થે અમેરિકા જવા સફર આરંભી સગાઓ અને મિત્રોના ભયંકર અસહકારના વાવાઝોડા વચ્ચે આ સ્ત્રી પોતાના ગુરુ મહર્ષિ કર્વેના સહકાર અને પોતાની દૃઢ માન્યતાને જોરે જ ટકી રહી હતી. આ એ જ પ્રખર સમાજસુધારક મહર્ષિ કેર્વે હતા, જેમણે પાર્વતીબાઈની વિધવા મોટી બહેનની સાથે લગ્ન કરી તે વખતના હિન્દુ સમાજમાં ગજબનો વિખવાદ જગવ્યો હતો. વિધવાવિવાહના સમર્થક કેર્વેએ પોતે વિધવા સાથે લગ્ન કરી સમાજમાં એક દાખલો પૂરો પાડ્યો હતો. વૈધવ્યની ઊંચી દીવાલો વચ્ચે ગૂંગળાઈ મરતી ભારતીય વિધવાઓ ખૂલ્લી હવામાં મોકળાશથી શ્વાસ લઈ શકે, અને એક મનુષ્ય તરીકે જીવી શકે તે જ તેમનું સ્વપ્ન હતું.

મહર્ષિ કર્વે જેવા બનેવી વિધવા પાર્વતીબાઈ ને મળ્યા તે તેમનું સદ્‌ભાગ્ય હતું. મહર્ષિ કર્વેનાં સતત પ્રોત્સાહન અને દોરવણી નીચે પાર્વતીબાઈએ વિધવા થયા બાદ મોટી ઉંમરે અભ્યાસ આરંભ્યો. અને ત્યારબાદ જ્યારે કર્વેએ પૂના ખાતે ભારતનું પ્રથમ વિધવાગૃહ શરૂ કર્યું ત્યારે પાર્વતીબાઈએ પોતાનું સમગ્ર જીવન પોતાના ગુરુના સ્વપ્નને સાકાર કરવા માટે સમર્પિત કરવાનો નિર્ધાર કર્યો. આ વિધવાગૃહ જ વર્ષો જતાં મહિલા મહાવિદ્યાલયમાં પરિણમ્યું. વિધવાગૃહના કામમાં પાર્વતીબાઈને પોતાના અંગ્રેજીના અલ્પ જ્ઞાનને લીધે સતત તકલીફ પડતી. ગુરુજીએ વિધવા-ગૃહ માટે નાણાં ભેગા કરવાનું કામ તેમને સોંપ્યુ હતું. અને તે કામ માટે અંગ્રેજશાસનના જમાનામાં અંગ્રેજીની જરૂર પાર્વતીબાઈ ને સતત લાગ્યા કરતી. છેવટે ગુરુજીની ઇચ્છાને મા·· આપી તેમણે ઈંગ્લૅંડ કે અમેરિકા જઈ અંગ્રેજી ભણવાનો નિર્ણય કર્યો.

વિધવા થયા બાદ પાર્વતીબાઈ ભણ્યાં. હવે તે પુનાના વિધવા-ગૃહમાં કામ કરે, નાણાં ભેગા કરવા વિવિધ લોકોને મળે, જાહેરમાં ભાષણ કરે - આ દરેકે દરેક બાબત તે વખતના હિન્દુ સમાજને સ્વીકાર્ય ન હતી. તેમ છતાં આચાર્ય કર્વે જેવા સુધારાવાદી સમર્થકની ધાકને કારણે બધું નભી જતું હતું. પણ હવે જ્યારે વિદેશ જવાની વાત આવી ત્યારે હિન્દુ સમાજના રોષનો પાર ન રહ્યો. આચાર્ય કર્વેની ગમે તેવી ધાક હોય તો ય હવે આ બાબતમાં સમાજ કોઈનીય શેહમાં રહી શકે તેમ ન હતો. આમેય તે વખતનો હિન્દુ સમાજ ભલભલા વિદ્વાન પુરુષોને પણ સાત સમંદર પાર જવાની પરવાનગી આપતો નહીં. સાત સમંદરને ઓળંગનાર હિન્દુના હિન્દુત્વનું શું? તેણે જવું જ હોય તો નાતબહાર મુકાવું પડે. વળી, પાર્વતીબાઈનાં મોટીબહેન બાયાના પુનઃ લગ્ન દ્વારા પાર્વતીબાઈના પિયરનું કુટુંબ તો નાતબહાર મુકાવાનો અભિશાપ ક્યારનું ય મેળવી ચૂક્યું હતું. નાતબહાર મુકાઈને ય પોતાની ત્રણ ત્રણ વિધવા દીકરીઓમાંથી કોઈનું ય જીવન સુધરતું હોય તો

મા-બાપ તે માટે ગમે તે ભોગ આપવા તૈયાર હતાં. તે જમાનામાં વૈધવ્યના અભિશાપથી તેઓ બરાબર પરિચિત હતાં. સાવ અભણ મા-બાપે આવો સુધારાવાદી નિર્ણય લઈ સમાજનો આક્રોશ વહોર્યો પણ તેમની બે દીકરીઓનાં અંધારિયાં જીવનમાં તેમનાં આ ત્યાગ અને હિંમત પ્રકાશભર્યાં કોડિયાં બની રહ્યાં.

સમાજના ઉગ્ર વિરોધ વચ્ચે પણ પાર્વતીબાઈ વધુ અભ્યાસાર્થે વિદેશ ગયાં. ત્યાં બે વર્ષ સખત મહેનત કરી, પોતાની મહેનતની કમાણીથી ભણ્યાં અને પાછા વળતાં પોતાના ગુરુ અને તેમણે સ્થાપેલ વિધવા-ગૃહ માટે તે ત્યાંનાં લોકોનો સદ્ભાવ તો લેતાં જ આવ્યાં પણ સાથે સાથે એ અમૂર્ત સદ્ભાવને મૂર્તરૂપે વ્યક્ત કરતી ન્યૂ યૉર્કની એક સ્ત્રી-સંસ્થાએ ભેટમાં આપેલ ફોર્ડ કાર અને ખાસી એવી રોકડ રકમ પણ લેતાં આવ્યાં.

૧૯૨૮માં, પોતાના અમેરિકા-પ્રવાસના બરાબર આઠ વર્ષ બાદ, પાર્વતીબાઈએ મરાઠી ભાષામાં પોતાની આત્મકથા લખી. એ આત્મકથા લખવાનો તેમનો હેતુ પૈસા કે પ્રસિદ્ધિનો ન હતો.

પોતાના જેવી હજારો ભારતીય વિધવાઓને જો તે જીવનકહાણીમાંથી કંઈક આત્મ-બળ કે પ્રેરણા મળે તો ય ઘણું, એ વિચારે જ તેમણે આ આત્મકથા લખવી શરૂ કરી હતી. યુગોજૂની વૈધવ્યની સાંકળોમાંથી વિધવા બહેનોને મુક્ત કરાવવાની તીવ્ર ઇચ્છાએ જ આ સ્ત્રીને પોતાની આત્મકથા લખવા પ્રેરી હતી.

· પાર્વતીબાઈની આ હૃદય-દ્રાવક આત્મકથા એક અંગ્રેજ પાદરી જસ્ટીન અબોટના વાંચવામાં આવી. મરાઠીનું જ્ઞાન ધરાવતા આ પાદરીને એક સાવ અભણ વિધવા ભારતીય સ્ત્રીની આ કથા સ્પર્શી ગઈ. આ પુસ્તક અંગ્રેજી ભાષાભાષી પોતાના દેશવાસીઓ સુધી પહોંચવું જ જોઈએ તે લાગણી સાથે જસ્ટીન અબોટે પાર્વતીબાઈની મરાઠી આત્મકથાનો અનુવાદ આરંભ્યો અને એક વર્ષમાં પાર્વતીબાઈની મૂળ મરાઠીમાં લખાયેલ આત્મકથાનો અનુવાદ "My Story : The Autobiography of an Indian Widow" શીર્ષક હેઠળ પ્રકટ થયો.

પાર્વતીબાઈનો જન્મ કોંકણના રત્નાગીરી જીલ્લાના દેવરૂક ગામમાં ઈ.સ. ૧૮૭૦માં થયેલો. દસ બાળકોવાળા બ્રાહ્મણ કુટુંબનું એ સંતાન હતાં. બાળ-વિવાહના એ જમાનામાં પાર્વતીબાઈનાં લગ્ન પણ ચૌદ વર્ષની નાની ઉંમરે થયેલાં અને વીસ વર્ષની ઉંમરે તો તેમના માથે વૈધવ્યનું દુઃખ આવી પડેલું. અભણ, બ્રાહ્મણ સંસ્કારમાં ઉછરેલ, એક વર્ષના નાનકડા બાળકની માતા પાર્વતીબાઈના માથે તો જાણે આકાશ જ તૂટી પડ્યું! ગોવામાં સરકારી નોકરી કરતા તેમના પતિ પોતાની પાછળ કંઈ જ મૂડી મૂકતા ગયા નહોતા કે જેના આધારે પાર્વતીબાઈનું જીવન નભી શકે. એક વર્ષના બાળક સાથે વિધવાના વેશમાં સજજ પાર્વતીબાઈ મા-બાપને ઘરે પાછા ફર્યાં. થોડાં વર્ષો પહેલાં નવ-વધૂના વેશમાં સાસરે વળાવેલ પોતાની વ્હાલી દીકરીને આ વેશે પાછી આવેલ જોઈ મા-બાપના દુઃખનો કોઈ પાર ન રહ્યો. તેમની બે મોટી દીકરીઓ



ઈ.૧૮૯૬માં ૧૮ વિધવા બહેનો સાથે શરૂ થયેલું ૩ ઓરડાનું પ્રથમ વિધવા-ગૃહ, જ્યાં પાર્વતીબાઈ આઠવલે રસોઈ અને અન્ય કામો કરતાં હતાં.

તો પોતાના દુઃખી વૈધવ્યના આકરા દિવસો કાઢી જ રહી હતી. તેમાં વળી નાની દીકરીને ય કેશ-વિહીન વિધવા-વેશ ધારણ કરવાનો વખત આવ્યો હતો. આના કરતાં મોટું દુઃખ કોઈ પણ મા-બાપને બીજું શું હોઈ શકે?

વીસ વર્ષની વયે વિધવા થયેલ પાર્વતીબાઈએ રૂઢિગત હિન્દુ વિધવાને શોભે તેવું જીવન જીવવા માંડ્યું. પિયરમાં રહી આવું ઓશિયાળું જીવન જીવવું તેમને જરાય ગમતું ન હતું. પણ લાચારી હતી. ક્યાં જાય? પિયરમાં બને તેટલું ઉપયોગી થઈ પડવા તે રાત-દિવસ પોતાનાથી બનતું બધું જ ઘરકામ કર્યા કરતાં. પોતાના ઊંડા દુઃખનો આભાસેય અન્યને ન આવે તેનો તે ખ્યાલ રાખતાં ને પોતાની એકલતા અને દુઃખને પોતાના મનમાં ઊંડે ઢબૂરીને તે હંમેશાં હસતા રહેવાનો પ્રયત્ન કરતાં. તે લખે છે, 'મારાં મા-બાપની હાજરીમાં હું હંમેશ ખુશ દેખાવા પ્રયત્ન કરતી.'

પાર્વતીબાઈના મોટા ભાઈ નરહરપંત સુધારાવાદી વિચારસરણી ધરાવતા. પોતાના પરમ મિત્ર આચાર્ય કર્વેથી પ્રભાવિત નરહરપંતે પોતાની બાળ-વિધવા બહેન બાયાને મુંબઈમાં અભ્યાસ કરવા મૂકેલી. મુંબઈ ખાતે અભ્યાસ કરતી પોતની બહેનને સારો મુરતિયો મળતા પરણાવી દેવાનો તેમનો વિચાર હતો. તેમના પિતા શ્રી બલદેવ જોષીની પણ તેમાં પૂર્ણ સંમતિ હતી. બલદેવ જોષીએ વર્ષો પહેલાં એક વાર પુના ખાતે વિધવા-વિવાહ પર થયેલ ચર્ચા-સભામાં ભાગ લીધેલો. ત્યારથી તેઓ દૃઢ પણે વિધવા-વિવાહના સમર્થક બનેલા. બાળ-વિધવાને પુર્નલગ્નનો હક્ક હોવો જ જોઈએ, તેમ તેઓ માનતા.

એકવાર નવરાશની પળોમાં પોતાના દીકરાના મિત્ર આચાર્ય કર્વેને તેમણે નવ વર્ષની કુમળી વયે વિધવા થયેલ પોતાની દીકરી બાયા માટે સારો વિધુર મુરતિયો બતાવવા વિનંતી કરી. શ્રી જોષીને આશા હતી કે વિધવા-વિવાહના સમર્થક કર્વે તેમને આ કામમાં ચોક્કસ

મદદ કરશે. પણ જ્યારે તેમણે કર્વેનો ઉત્તર સાંભળ્યો ત્યારે તેમના આનંદનો પાર ન રહ્યો.

'તમારી દીકરી મારા માટે હા પાડે તો હું તેને પરણવા તૈયાર છું. આ લગ્નમાં હું કોઈ બાધ જોતો નથી.' - દૃઢ આત્મવિશ્વાસભર્યા આ શબ્દોએ એક બ્રાહ્મણ કુટુંબની દુનિયા જ જાણે પલટી નાખી. બાયાની સંમતિ બાદ સગપણની જાહેરાત થઈ.

પણ તે વખતનો પરંપરાવાદી હિન્દુસમાજ આવું લગ્ન સાંખી લે તેમ ન હતો. આ લગ્નનો ભયંકર વિરોધ થયો. પણ આચાર્ય કર્વેના મક્કમ નિર્ધાર સામે હિન્દુસમાજના હાથ હેઠા પડ્યા. છેવટે સમાજે જોષીકુટુંબને નાતબહાર મૂકવાનો ભય બતાવ્યો. પણ દીકરીના ઊજળા ભવિષ્ય ખાતર જોષીકુટુંબ ગમે તેવો રોષ અને સજા ભોગવવા તૈયાર હતું. સમાજના સખત વિરોધ છતાં આ લગ્ન થઈને જ રહ્યાં.

મોટીબહેન બાયાનાં આ લગ્ને પાર્વતીબાઈના જીવનને ધરમૂળથી બદલી નાંખ્યું. આચાર્ય કર્વે સાચા અર્થમાં સમાજસુધારક હતા. સમાજભરની વિધવાઓનો ઉદ્ધાર કરવાનો ભેખ ધરીને બેઠેલ આચાર્ય કર્વે પોતાની સાસરીના કુટુંબની વિધવાઓ પ્રત્યે ધ્યાન આપે તે સ્વાભાવિક જ હતું. પાર્વતીબાઈને પોતાની સાથે પુનામાં રાખી ભણાવવાની ઇચ્છા બતાવી. પણ તેમનો આ પ્રસ્તાવ તેમનાં સાસુને જરાય ન રુચ્યો. બાયાના પગલે પાર્વતીબાઈ પણ પૂનાની સુધારાવાદી હવામાં પુનર્લગ્નનું વિચારે તો કુટુંબે ફરીથી નાતનો રોષ વહોરવાનો વખત આવે, અને ખર્ચા થાય તે જુદા. 'મારી ઇચ્છા શું છે તે જાણવાની તો કોઈને પડી જ ન હતી.' - પાર્વતીબાઈ લખે છે. છેવટે ઘણી સમજાવટને અંતે બાયા અને આચાર્ય કર્વે પાર્વતીબાઈને પૂના લઈ જવામાં સફળ થયાં. પૂનામાં દીકરીના બાળકને સારું ભણતર મળશે, એ વિચારે ઘરડી માએ મન વાળ્યું.

આચાર્ય કર્વે સાચા અર્થમાં નારી-વાદી હતા. તેમની દૃઢ માન્યતા હતી કે ભારતીય વિધવાઓને પ્રણાલીગત વિધવાજીવનની બેડીઓમાંથી છોડાવવાનો એકમાત્ર ઉપાય તેમનું શિક્ષણ જ હોઈ શકે. શિક્ષણ સિવાય અન્ય કોઈ પણ પ્રકારે તેમનો ઉદ્ધાર શક્ય ન હતો. વિધવાઓ પોતે પગભર થાય તો જ સામાજિક અન્યાય અને અપમાનનો સામનો કરવાનું બળ તેમનામાં આવી શકે. ભારતીય વિધવાઓને વૈધવ્યના અભિશાપમાંથી શિક્ષણ દ્વારા મુક્ત કરવાનો તેમનો દૃઢ સંકલ્પ હતો. તેમના આ નિર્ધારે જ પાર્વતીબાઈ જેવી સાવ નિરક્ષર, નિર્બળ સ્ત્રીમાં સમાજવિરુદ્ધ જઈ અભ્યાસ શરૂ કરવાનું બળ પૂર્યું. સમાજની ટીકા અને હાંસી વચ્ચે પાર્વતીબાઈએ સ્કૂલે જવા માંડ્યું. સતત પ્રયત્ન અને સખત પરિશ્રમને અંતે તેમણે ટીચર્સ ટ્રેનિંગ સર્ટિફિકેટ કોર્સ પૂરો કર્યો.

આ ગાળા દરમ્યાન જ આચાર્ય કર્વેએ પુનામાં વિધવા-ગૃહની સ્થાપના કરી. હાલમાં જ પોતાનો ટ્રેનિંગ કોર્સ સરસ રીતે પાસ કરનાર પોતાની નાની સાળીને કર્વેએ પોતાની સંસ્થામાં શિક્ષિકા તરીકે જોડાવા આમંત્રણ આપ્યું. કર્વે જેવા સ્વપ્ન-દ્રષ્ટા ગુરુના આ મહાન સ્વપ્નમાં ભાગીદાર બનવાનો આ પ્રસંગ પાર્વતીબાઈને મન તેમના જીવનનો ધન્ય અવસર હતો. 'તેમના સ્વપ્ને મને પણ એક સ્વપ્ન આપ્યું, વિધવા-ઉદ્ધાર દ્વારા મારી જન્મભૂમિની સેવા કરવાનું સ્વપ્ન.'

વિધવા-ગૃહમાં પાર્વતીબાઈને આ સંસ્થા માટે નાણાં એકઠાં કરવાનું કામ ફાળવવામાં આવ્યું તે માટે તેમણે ભારતભરની યાત્રા કરવી પડતી. લોકોને મલીને તેમને આ કાર્યના મહત્ત્વને સમજાવવું પડતું. પણ એ વખતમાં વિધવાને કોણ સાંભળે? પણ હારે તો એ આચાર્ય કર્વેનાં શિષ્યા શાનાં? નાણાં ભેગા કરવાના કાર્ય સાથે તેમણે ભારતના ગામેગામમાં આચાર્ય કર્વેનો સંદેશ પણ પહોંચાડવા માંડ્યો. ફંડ ઉઘરાવવા માટેની યાત્રાઓએ તેમને ભારતનાં ગામડાઓમાં વસતી વિધવાઓના સંતપ્ત જીવનને નિકટથી જોવાની તક પણ પૂરી પાડી. આ નૈકટ્યે તેમના મનમાં વિધવા-જીવન માટે એવી તો કરુણા ઉપજાવી કે પ્રણાલીગત વિધવા વેશમાં સજ્જ પાર્વતીબાઈએ હવે પોતાની હજારો વિધવાબહેનો ખાતર પોતે વિધવા-વેશ ત્યજવાનો નિર્ણય કર્યો. આજ દિવસ સુધી એક હિન્દુ વિધવાને શોભે તેમ નિયમપૂર્વક માથું મૂંડાવતા, પાર્વતીબાઈએ ૧૯૧૨માં માથું ન મૂંડાવવાનો નિર્ણય કર્યો. તેમના આ પગલાના ભયંકર પ્રત્યાઘાતો પડ્યા. પૂનામાં હિન્દુઓ વિફર્યા. ઘણી નિંદા થઈ, પણ પાર્વતીબાઈનનો નિર્ધાર મક્કમ હતો અને આચાર્ય કર્વે જેવા વડીલ સમાજસુધારકનું તેમને સંપૂર્ણ સમર્થન હતું. તેઓ પોતાનાં નિર્ણય પર અડીખમ રહ્યાં. પછી તો હૃદય સોંસરા ઊતરી જાય તેવાં તેમનાં જાહેર ભાષણોએ એવી તો સભાનતા પ્રેરી કે એના પગલે પગલે માન્યામાં ન આવે તેવા આશ્ચર્યકારક પ્રસંગો બનવા માંડ્યા. ઘણી વિધવાઓએ હવે માથું મૂંડાવવાનો વિરોધ કરવા માંડ્યો. રૂઢિવાદી કુટુંબીજનોના અણગમા વચ્ચે આ બધું બનતું ચાલ્યું. વિધવાઓના વિરોધ છતાં જબરા કુટુંબીજનો સામે ઘણીવાર તેમને ક્રમને નમતું પણ આપવું પડતું.

આ સંદર્ભમાં એક રમૂજી પ્રસંગ પાર્વતીબાઈ નોંધે છે. માથું મૂંડાવવાના વિરોધના વંટોળ દરમ્યાન તેમના ગામના હજામોએ તેમને ગજબનો સાથ આપ્યો. મુલ્કરાજ આનંદની જાણીતી વાર્તા 'બાર્બર્સ ટ્રેડ યુનિયન'ની યાદ તાજી કરાવી જાય તેવી ઘટના બની. તેમણે સંયુક્તપણે એવો નિર્ણય લીધો કે બમણા પૈસા મળતા હોય તો ય હવે કોઈએ વિધવાઓના માથાં મૂંડવાના કામ માટે મંજૂર થવું નહીં! અને તેમના આ સહૃદય માનવીય નિર્ણયે પાર્વતીબાઈના કામને વેગ આપ્યો. લોકોએ અનિચ્છાએ પણ તેમની ઇચ્છા અપનાવવી પડી અને આમ વિધવાઓના માથાં મૂંડાતાં બંધ થયાં!

લોકો સુધી પોતાની માન્યતા પહોંચાડવાનું કામ અઘરું હતું. વળી, તેમાં દક્ષિણમાં ભાષાનો પ્રશ્ન પણ નડતો. અંગ્રેજીના અલ્પજ્ઞાનને લીધે એમને ઘણી તકલીફ પડતી. આચાર્ય કર્વેએ તેમને અંગ્રેજી બરાબર શીખવવા ઇંગ્લૅન્ડ કે અમેરિકા જવા પ્રેરણા આપી હતી પણ તેમની એક શરત હતી કે વિદેશમાં તેમણે પોતે કમાઈને ભણવું.

પ્રથમ વિશ્વયુદ્ધને લીધે તે વખતે ઇંગ્લૅન્ડ જવું શક્ય ન હતું અને તેથી પાર્વતીબાઈએ અમેરિકા જવાનો નિર્ણય કર્યો. સ્ત્રી-શિક્ષણનો

જ્યાં ખૂબ જ પ્રચાર ને પ્રસાર થયો હતો તેવા દેશમાં ભણવા જવાના વિચારમાત્રથી પાર્વતીબાઈનું મન થનગની ઊઠ્યું.

'પ્રથમ ગ્રાસે મક્ષિકા'ની જેમ પાર્વતીબાઈ અમેરિકા જતાં રસ્તામાં જ માંદા પડ્યાં. સ્ટીમરની સફર તેમને અનુકૂળ ન આવી. સાન ફ્રાન્સિસ્કોની ધરતી પર તેમણે પગ માંડ્યો ત્યારે તેમની તબિયત નાદુરસ્ત હતી. હાર્ડવર્ડ યુનિવર્સિટીમાં પાલી ભાષાનું શિક્ષણ આપવા જઈ રહેલ તેમના સહ-યાત્રી ધર્માનન્દ કોસામ્બીએ માંદાં પાર્વતીબાઈની રહેવાની વ્યવસ્થા વાય.એમ.સી.એ.માં કરી આપી. શરીરે સ્હેજ સારું થતાં તેમના સેવાભાવ અને અભ્યાસ પ્રત્યેની રુચિથી વાય.એમ.સી.એ.ના સેક્રેટરી પ્રભાવિત થયા અને તેમણે પાર્વતીબાઈને વાય.એમ.સી.એ.માં નોકરીએ રાખી લીધાં. સાફસૂફી અને વાસણ માંજવાનું કામ પાર્વતીબાઈ કરતાં. તેમની અંગ્રેજી શીખવાની ઈચ્છાની જાણ થતાં ત્યાં રહેતાં એક અમેરિકન વૃદ્ધાએ તેમને અંગ્રેજી પણ શીખવવા માંડ્યું.

પણ પાર્વતીબાઈને આ વ્યવસ્થાથી સંતોષ ન હતો. તેમણે ન્યૂ યૉર્કથી પ્રસિદ્ધ થતા લાલા લજપતરાયના મેગેઝીન 'યંગ ઈન્ડિયા'માં પોતાને સારી નોકરી મેળવવામાં મદદ કરવા માટે અપીલ કરતો પત્ર પ્રકાશિત કરાવ્યો અને આ અપીલના ઉત્તરરૂપે સાનફ્રાન્સિસ્કોમાં વસતા અને બર્કની યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા ત્રણ મરાઠી યુવકોએ તેમને પોતાની સાથે આવી રહેવા આમંત્ર્યા. આ ત્રણેય અભ્યાસ સાથે નોકરી પણ કરતા હતા. તેમના આમંત્રણની શરત એ હતી કે પાર્વતીબાઈએ નોકરી ન કરવી. તેઓ પાર્વતીબાઈનો ખર્ચે ઉઠાવી શકે તેમ હતા. પાર્વતીબાઈએ તેમની શરત માન્ય રાખી અને તેઓ આ યુવકો સાથે રહેવા માંડ્યાં. 'તેઓ મારા પર પોતાની માસી જેવું વ્હાલ રાખતા.' - પાર્વતીબાઈ લખે છે. તેમણે આ ત્રણે જણ માટે રાંધવાની અને તેમની બધી જ સગવડ સંભાળવાની જવાબદારી ઉપાડી લીધી.

આ દિવસો દરમ્યાન પાર્વતીબાઈને પોતાના ગુરુએ આપેલ વચનનું પાલન ન કર્યાનો થોડો વસવસો હતો. ક્યાં ગયું પોતાની કમાણીમાંથી ભણવાનું વચન? વળી, આ છોકરાઓ ઘરમાં મરાઠી બોલતા તેથી અંગ્રેજી શીખવાનો ધ્યેય પણ ક્યાંય પાર પડતો દેખાતો ન હતો. છેવટે એ ત્રણેને પોતાના આશયથી વાકેફ કરી તેઓ ન્યૂ યૉર્કમાં આવીને વસ્યાં. અહીં નાનીમોટી જે નોકરી મળી તે તેમણે કરવા માંડી. ઘરે ઘરે ફરી પ્રૉફેસર ગોખલેનાં પુસ્તકો વેચવાનું કામ પણ તેમણે કર્યું.

આ દરમ્યાનનમાં તેમનો પરિચય એક બંગાળી યુવક સાથે થયો. પાર્ટ ટાઈમ નોકરી કરી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા આ યુવકને પાર્વતીબાઈનું સખત પરિશ્રમભર્યું જીવન જોઈ દયા આવી. એક ઉચ્ચ હિન્દુ કુળની સ્ત્રી આમ આ હિન્દુઓના ઘરોમાં વાસણ માંજે તે તેને ઘણું અજુગતું લાગ્યું. તેણે પાર્વતીબાઈને ભારત પાછા જવા સમજાવવા માંડ્યા.'બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલ તમે આ લોકોના ઘરોમાં નોકરનું કામ કરો તે યોગ્ય નથી...તમારા વર્તનથી અહીંના ભારતીય સમાજને શરમ અનુભવવી પડે છે.' પાર્વતીબાઈનો જવાબ સરળ હતો, 'હું જે ધ્યેય સારુ અહીં આવી છું તે પ્રાપ્ત કરવા હું ઇમાનદારીપૂર્વક કમાઉં છું. આમાં મને કંઈ જ ખોટું જણાતું નથી.' પણ પેલા બંગાળી યુવકે તેમને સતત એક જ વાત સમજાવ્યા કરી. 'તમે લોકોના ઘરોમાં ઘરકામ કરો તેના કરતાં પાછાં જાવ.' તેણે તો તેમના પાછા જવા માટે ટિકિટ પણ ખરીદી લીધી! બૅગ પણ લઈ આવ્યો! 'એક દીકરાની જેમ તેણે મારો સામાન બૅગમાં ભરવા માંડ્યો.' પાર્વતીબાઈ પાસે હવે અન્ય કોઈ રસ્તો જ નહતો. પોતાના જીવનનો આવો મહત્ત્વનો નિર્ણય તેમના દીકરા જેવડી ઉંમરનો, તેમને મદદ કરવા માટે ઉત્સાહી, એવો આ યુવક લઈ ચૂક્યો હતો. તેમણે કમને ભારત જવું પડવાનું હતું.

એક ભારતીય સ્ત્રીને આવા નરકમાંથી છોડાવ્યાના પરમ સંતોષ પેલા બંગાળી યુવકને થતો. પાર્વતીબાઈની વિદાયના આગલે દિવસે તે યુવકના કેટલાક ભારતીય મિત્રો પાર્વતીબાઈને મળવા આવ્યા. પાર્વતીબાઈને વિદાય આપવા આવેલ આ યુવકોને જ્યારે ખ્યાલ આવ્યો કે પાર્વતીબાઈ પોતાનું ધ્યેય સિદ્ધ કર્યા વગર ભારત જવા તત્પર ન હતાં ત્યારે તેમણે પેલા યુવક સાથે લાંબી ચર્ચા કરી. 'હિન્દુ થઈને જો આપણે અ-હિન્દુ ઘરોમાં કામ કરી શકીએ તો હિન્દુ બહેનો એમ કરે તેમાં શો બાધ હોઈ શકે?' આ અર્થની વાતચીત પાર્વતીબાઈના જીવનવિકાસમાં ખૂબ મહત્ત્વનો ફાળો ભજવી ગયેલ. એ પળનું વર્ણન કરતા પાર્વતીબાઈ લખે છે, 'મારી આસપાસ વીંટળાઈ વળેલ નિરાશાનાં વાદળોને ભેદીને જાણે આશાના તેજસ્વી કિરણો મને ઘેરી વળ્યાં.' તે જ ક્ષણે તેમણે ભારત પાછા ન જવાનો નિર્ણય લીધો.

ફરી એક વાર લોકોનાં ઘરમાં 'કામકાજ કરવાનો ક્રમ ચાલુ થઈ ગયો. આ દરમ્યાનમાં પાર્વતીબાઈની મુલાકાત મિસ ઓ' રેઈલી નામની અમેરિકન સમાજસેવિકા સાથે થયો. પાર્વતીબાઈનો ઉત્સાહ અને સૂઝ મિસ રેઈલીને પ્રભાવિત કરી ગયાં. તેમણે પાર્વતીબાઈનું નામ વૉશિંગ્ટન ડી. સી. ખાતે ભરાનાર આંતરરાષ્ટ્રિય ઔદ્યોગિક પરિષદ માટે ભારતીય મહિલાઓનાં પ્રતિનિધિ તરીકે સૂચવ્યું. એ પરિષદમાં જવાનો બધો ખર્ચો મિસ. રેઈલીએ જ આપ્યો.

પરિષદ દરમ્યાન મિસ રેઈલી પાર્વતીબાઈની વધુ નિકટ આવ્યાં અને પરિષદ બાદ તેમણે પાર્વતીબાઈને પોતાની સાથે આવી રહેવા અને પોતાની મહિલા ટ્રેનિંગ સ્કૂલમાં મદદ કરવા આમંત્ર્યાં. આ આમંત્રણે પાર્વતીબાઈને બેવડી તક આપી : જન-સંપર્ક દ્વારા અંગ્રેજી શીખવાની અને અમેરિકાની સ્ત્રીસંસ્થાની કામગીરી નિકટથી જોવા-સમજવાની. મિસ રેઈલી પોતે એક પ્રસિદ્ધ સ્ત્રીકાર્યકર હતાં. તેથી તેમને અવારનવાર વિવિધ પરિષદોમાં જવાનું થતું. દર વખતે તેઓ પાર્વતીબાઈને પણ પોતાની સાથે લઈ જતાં અને જ્યાં જતાં ત્યાં પાર્વતીબાઈને પોતાની વાત કહેવાની તક પણ તેઓ આપતાં. આમ મિસ રેઈલીના સહવાસે પાર્વતીબાઈના ઘડતરમાં અગત્યનો ફાળો આપ્યો.

આઠેક મહિના જેટલો સમય મિસ રેઈલી જેવા સમર્થ સ્ત્રી-કાર્યકર સાથે ગાળ્યાં બાદ પાર્વતીબાઈએ અનુભવ્યું કે પોતે જે ધ્યેય સારુ અમેરિકા આવ્યાં હતાં એ પ્રાપ્ત થઈ ચૂક્યું હતું. હવે સ્વદેશ પાછા ફરવાનો સમય આવી પહોંચ્યો હતો. (અનુસંધાન પૃ. ૧૮ પર)

॥ कथासरित्सागर ॥

કનુભાઈ જાની

વરરુચિનું પાછું ગૃહાગમન

દરમ્યાનમાં વરદાન આપવાવાળા પાર્વતીના પતિને મેં ઘોર તપથી હિમાલયમાં આરાધ્યા; એમણે મારી સમક્ષ (પેલું) પાણિનીય શાસ્ત્ર (વ્યાકરણ) પ્રકટ કર્યું; અને એમનાં ઇચ્છા અને અનુગ્રહથી મેં એ (અધૂરું વ્યાકરણ) પૂરું કર્યું. પછી તો, ચન્દ્રમૌલિના કૃપામૃતનો જેને સહારો હોય, એને વળી મારગનો થાકબાક ક્યાંથી જણાય? હું ઘેર આવ્યો. ગુરુને ને માતાને પગે પડ્યો. અને એમની પાસેથી ઉપકોશાનો વૃત્તાન્ત[1] સાંભળ્યો, મહાઅદ્ભુત! એની પ્રત્યેના સહજસ્નેહાદરની સાથોસાથ મારે હૈયે આનંદ ને આશ્ચર્યની પણ સીમા ન રહી.

મારે મુખેથી પેલું નવવ્યાકરણ સાંભળવાની ઇચ્છા ઉપાધ્યાય વર્ષે પ્રકટ કરી; પણ સ્વામી કાર્તિકેયે જાતે જ (વર્ષચિત્તે) એ પ્રકટ કરી દીધું. ત્યારે વ્યાડિ-ઇન્દ્રદત્તે ઉપાધ્યાય વર્ષને ગુરુદક્ષિણા (જણાવવા) માટેની વિનંતી કરી. વર્ષ કહે, 'આપજોને મને કોટિએક સુવર્ણમુદ્રાઓ.' ગુરુવચન માથે ચડાવ્યું, અને બન્ને મને કહે, 'ચાલો મિત્ર, હવે જઈએ યાચવા ગુરુદક્ષિણા રાજા નન્દ કને! ના કો પાસેથી ક્યાંયથી મળે કાંચન આટલું! એ છે અધિપતિ (નવસો) નવ્વાણુ કરોડનો! એણે (હમણાં જ) થોડા સમય પહેલાં જ ઉપકોશાને ધર્મની બહેન કરી છે; એટલે એ તારો સાળો થયો : એ નાતે (એ ગુણે) પણ ત્યાંથી (કાંચન) જરૂર મળે.'

એમ નિશ્ચય કરીને અમે ત્રણેય સહપાઠીઓ નંદનો જ્યાં પડાવ હતો ત્યાં - અયોધ્યામાં - ગયા. પણ આ તરફ અમે (હજી માંડ) પહોંચ્યા, ને પેલી તરફ રાજાએ દેહ છોડ્યો! રાષ્ટ્રસમસ્તમાં હાહાકાર વ્યાપ્યો. અમનેય વિષાદ થયો. (પણ) ઇન્દ્રદત્ત તો યોગની સિદ્ધિઓવાળો. તે જ ક્ષણે એ કહે: 'હું આ મૃત રાજાના શરીરમાં પ્રવેશ કરીશ. વરરુચિ પછી (મારી આગળ) માગવાવાળો બને; હું એને કાંચન ચાપીશ. હું પાછો ન ફરું ત્યાં સુધી વ્યાડિ મારા (આ) દેહનું (અહીં) રક્ષણ કરશે.' એમ કહીને નંદના શબમાં ઇન્દ્રદત્તના પ્રાણે પ્રવેશ કરી દીધો[2]! રાજા ફરી જીવિત થયો! રાષ્ટ્રમાં એનો મોટો ઉત્સવ મચ્યો.

આ બાજુ નિર્જન દેવમંદિરમાં ઇન્દ્રદત્તના ખોળિયાનું રક્ષણ કરવા વ્યાડિ રોકાયો અને હું રાજદરબારે (રાજા પાસે) પહોંચી ગયો. પહોંચીને રાજાને સ્વસ્તિવચને વધાવી, મેં રાજા યોગનન્દને[3], ગુરુદક્ષિણા માટે મને એક કરોડ સુવર્ણમુદ્રા આપવા યાચના કરી કે તરત સાચેસાચા નંદનો જે મંત્રી હતો શકટાલ નામે, એને એણે આદેશ આપ્યો: 'આને એક કરોડ સુવર્ણમુદ્રા અપાવો'. મરેલો (આમ) જેવો જીવતો થયો કે તરત ત્યાં યાચક આવી ચડ્યો, એ જોઈને મંત્રી વાત પામી ગયો! બુદ્ધિશાળીથી છાનું શું રહે?

'ભલે દેવ, આપું છું' કહીને વિચાર કર્યો: 'નંદનો કુમાર હજી બાળક છે, રાજ્યમાં શત્રુઓ ઘણા છે, એટલે હમણાં તો આ (નકલી) રાજાના આ (નકલી) દેહનું પણ રક્ષણ કરવું જ રહ્યું.' એમ નિશ્ચય કરીને એણે તત્કાળ રાજ્યભરનાં બધાં જ શબો, ગુપ્તચરો દ્વારા શોધાવી શોધાવીને, બળાવી નાંખ્યાં. એ દરમ્યાન પેલા દેવગૃહમાંના ઇન્દ્રદત્તના ખોળિયાને પણ, વ્યાડિ પાસેથી ઝૂંટવી લઈને, બાળી મુકાવ્યું.

એ દરમ્યાન રાજાને કોટિહેમના દાન માટે ઉતાવળ કરતો જોઈને વિચારમાં પડેલા શકટાલે (રાજાને) કહ્યું, 'સૌ સેવકો હાલ તો આનંદોત્સવમાં રોકાએલા છે, એટલે આ વિપ્ર એકાદ ક્ષણ રાહ જુએ. હું આ હમણાં જ આપું.'

એ જ વખતે વ્યાડિએ આવીને પેલા યોગનંદની સન્મુખ ઠૂઠવો મૂક્યો : "ભારે થઈ (મહારાજ!), ઘોર પાપ! તમારા આરોહણટાણે જ! એક દ્વિજ યોગસમાધિ ચડાવીને પડેલો હતો, એનો જીવ કંઈ ગયો નહોતો, છતાં 'આ તો રખડતું (અનાથ) શબ છે' કહીને, બળજબરીથી શબને ફૂંકી માર્યું!" આ સાંભળીને યોગનંદની અવસ્થા દુઃખથી આકળવિકળ જેવી થઈ ગઈ; પણ દેહ બળી જતાં હવે આ (ઇન્દ્રદત્ત) નન્દના દેહમાં (બરાબરનો) ફસાઈ ગયો! (એ વિચારી) મહાચતુર શકટાલ ઊઠીને બહાર ગયો અને મને કરોડ મુદ્રાઓ આપી.

પછી એકલો પડતાં જ એ યોગાનંદે વ્યાડિને કહ્યું, 'હું છું વિપ્ર, છતાં (હવે) થયો શૂદ્ર! આ રાજ્યલક્ષ્મી સ્થિર હોય તો ય એથી શો લાભ?' એ સાંભળીને એને આશ્વાસન આપતાં વ્યાડિએ પ્રસંગોચિત શિખામણ આપી: 'જો, શકટાલ તને જાણી ગયો છે! એટલે હવે તો એની જ ચિન્તા કર. એ મહામન્ત્રી છે. એ ચાહે ત્યારે ઝડપથી તને પૂરો કરશે, અને પૂર્વનંદના કુમાર ચન્દ્રગુપ્તને જ રાજા બનાવશે. માટે વરરુચિને જ તું તારો પ્રધાનમન્ત્રી બનાવ. એની દિવ્ય-પ્રભાવશાળી બુદ્ધિથી તારું રાજ્ય સ્થિર થશે' એમ કહીને વ્યાડિ ગુરુને દક્ષિણા પહોંચાડવા ચાલ્યો ગયો, અને યોગનન્દે મને બોલાવીને મન્ત્રીપદ આપ્યું.

પછી મેં રાજાને જણાવ્યું કે, 'તમારું બ્રાહ્મણપણું ગયું એથી રાજ્ય સ્થિર રહ્યું એમ, જ્યાં સુધી શકટાલ મન્ત્રીપદે છે ત્યાં સુધી, રખે માની બેસતા માટે એને તો યુક્તિથી ખતમ જ કરો.' એમ મેં મન્ત્રણા કરવાથી, યોગનન્દે શકટાલને અંધારે ઊંડે કૂવે ધકેલી દીધો.

વળી, 'એક જીવતા બ્રાહ્મણને એમણે સળગાવી માર્યો છે' એવો એમનો અપરાધ જાહેર કરીને, એના સો પુત્રોને પણ એણે કૂવામાં પધરાવી દીધા. પેલા સો પુત્રો અને શકટાલ - એ સૌની વચ્ચે કૂવામાં મૂકવામાં આવતું એક કુલડી સત્તુ[૪] અને એક કુલડી પાણી! ત્યારે શકટાલે પુત્રોને કહ્યું, 'આ (આટલા-અમથા) સત્તુ ને પાણીથી એકનું જીવવુંય મુશ્કેલ છે ત્યાં આપણા આટલા બધાની તો વાત જ ક્યાં?! એટલે આ સત્તુને પાણી સાથે આપણામાંનો કોઈ એક જ એવો જણ જ રોજ ખાય જે યોગનન્દ પર પૂરો બદલો લેવા સમર્થ હોય.' 'તમે જ એ માટે સમર્થ, એટલે તમે જ ખાવ' એમ પુત્રોએ એને (શકટાલને) કહ્યું. (કહ્યું છે કે,) શૂરાને પ્રાણથીયે તે વ્હાલી શત્રુપ્રતિક્રિયા! પછી તો એ શકટાલ રોજરોજ એક કુલડી સત્તુ ને પાણી એકલા એકલા લેવાની કષ્ટભરી વૃત્તિ રાખતો. જીતવાની મહેચ્છાવાળા ક્રૂર હોય છે. પોતાની ઉન્નતિ ઇચ્છનારે પોતાના માલિકનો વિશ્વાસ મેળવ્યા વિના જ, એનું મન જાણ્યા કે પામ્યા વિના જ, સ્વેચ્છાએ વર્તન ન કરવું જોઈએ. ભૂખે ટળવળીને મરતા પુત્રોની વેદના નજર સામે જોતો અંધારા કૂવામાં પડેલો શકટાલ (ત્યાં પડ્યો પડ્યો) આમ મનોમન વિચારતો હતો. જોતજોતામાં એની નજર સામે જ એના સોએ પુત્રો મૃત્યુ પામ્યા. એ ત્યાં જીવતો પડ્યો રહ્યો.

દરમ્યાનમાં યોગનન્દ ત્યાં પોતાના સામ્રાજ્યમાં બરાબર સ્થિર થયો, અને વ્યાડિ પણ ગુરુને દક્ષિણા આપીને એની પાસે આવી ગયો. આવતાં જ એણે કહ્યું, 'ચિરકાળ સુધી તારું રાજ્ય તપો! હું હવે વિદાય લઉં; ક્યાંક તપ કરવા જાઉં.' સાંભળીને યોગનન્દ ગળગળો થઈને બોલી ઊઠ્યો : 'આ રાજ્યમાં જ તું પણ ભોગો ભોગવી લે, મને છોડીને ન જા.' ત્યારે વ્યાડિ બોલ્યો, 'હે રાજા! કોણ ધીમાન એવો હોય જે આ ક્ષણભંગુર, મૂળમાંથી અસાર, એવા શરીરના ભોગોમાં ડૂબેલો રહે? લક્ષ્મીની મૃગતૃષ્ણા ના પ્રાજ્ઞને મોહતી કદી.' એમ કહીને, તપ કરવા માટે મક્કમ એવો વ્યાડિ, તરત જ ત્યાંથી નીકળી પડ્યો. હે કાણભૂતિ! અયોધ્યાના પડાવમાંથી યોગનન્દ પણ પોતાની રાજધાની પાટલિપુત્રમાં રાજ્ય ભોગવવા, મારી અને સકલ સૈન્યની સહિત પાછો ફર્યો.

આમ ઉપકોશાની પરિચર્યા પામતો હું, મન્ત્રીત્વની ધુરા બરાબર સંભાળતાં સંભાળતાં, માતા અને અન્ય વડીલોની સાથે, રાજ્યલક્ષ્મીને ચિરકાળ ભોગવવા લાગ્યો. મારા તપથી પ્રસન્ન થયેલી ગંગા પણ મને રોજેરોજ ઘણું ઘણું સુવર્ણ આપતી હતી, અને સ્વયં સરસ્વતી હાજરાહજૂર મારાં કાર્યોમાં સૂર પુરાવતી હતી.

ઇતિ મહાકવિશ્રી સોમદેવ ભટ્ટવિરચિત
કથાસરિત્સાગરના કથાપીઠ લમ્બકનો

ચતુર્થ તરંગ

પાદટીપ

૧. ઉપકોશાને ફસાવવા જતાં એના કૃતક પ્રેમીઓ જ પેટીમાં પુરાઈ, રાજા આગળ ખુલ્લા પડી જઈ, પોતે જ ફસાય છે. આવા 'ક્રમમાં ફસાનાર પ્રેમીઓ'ના આ વસ્તુ પરની ઘણી લોકકથાઓ યુરોપમાં હોવાનું, અને 'ફસાતા પ્રેમાંધો'ના મોટિફ પરની એ સેકડો યુરોપીય કથાઓનું મૂળ કથાસરિત્સાગરની આ ઉપકોશાની કથામાં હોવાનું પેન્ઝર કહે છે. (I, ૪૨). આ વિષે એણે જે દીર્ઘ નોંધ (I ૪૨થી ૪૪) આપી છે તે રસપ્રદ છે.

૨. 'રાઈનો પર્વત'માં (અને એની મૂળ કથાવાળા લાલજી મણિયારના ભવાઈવેશમાં) મૃત રાજા પર્વતરાયરૂપે પ્રકટીને રાજા થતા રાઈની વાત છે. અલબત્ત, ત્યાં પરકાયાપ્રવેશનો જાદુ નથી પણ એ જાદુનો ઉપહાસ તો જાલકા દ્વારા છે જ. પરકાયા પ્રવેશના અનુસંધાનમાં મ. ન. દ્વિવેદી પણ યાદ આવે. એમણે પ્રાણવિનિમયની ક્રિયા સાધ્યાનું, એ વિષે એક પુસ્તક લખ્યાનું, ને પછી એકવાર પોતાના એક કુટુમ્બી પર એનો પ્રયોગ કરતાં ને નિષ્ફળ જતાં એ પુસ્તક બાળી નાખ્યાનું કહેવાય છે.

પરકાયાપ્રવેશની કથાઓ પારવિનાની છે. મેરુતુંગાચાર્યના 'પ્રબંધચિન્તામણિ'માંય છે. એક કથામાં તો પોતાના હાથીમાં રાજાનો પ્રાણ પ્રવેશે છે એવી કથા છે. અન્ય પ્રાણીઓમાં પણ મનુષ્યના પ્રાણપ્રવેશની કથાઓ છે. બૌદ્ધકથા છે કે મૌર્યસમ્રાટ ચન્દ્રગુપ્તના શબમાં દેવગર્ભ નામે યક્ષે પ્રવેશ કર્યો હતો.

'યોગ' શબ્દનું ભાષાન્તર ટોની 'magic' શબ્દથી કરે છે! વળી (I ૩૭) પાદટીપમાં નોંધે છે કે હિન્દુઓમાં એવી 'વ્યાપક' માન્યતા છે કે માણસ જ્યારે સૂતેલો હોય છે ત્યારે એનો જીવ શરીરને છોડીને બીજે ફરવા જાય છે (goes travelling'); અને એ કારણે કોઈ સૂતેલા માણસને કોઈ હિન્દુ જગાડશે નહિ. હિન્દુઓ (એટલે કે Indians પણ) વિષે, આવા પાશ્ચાત્ય વિદ્વાનો પણ, મળેલી માહિતીને ચકાસ્યા વિના, ભ્રમો સેવતા અને ફેલાવતા રહ્યા છે! કહે છે, સૂતેલાની તો મશ્કરી પણ ન થાય, એમ એ લોકો (હિન્દુઓ) માનતા હોય છે; સૂતેલાને મોઢે જો રંગ ચોપડવામાં આવે કે મૂછો ચીતરવામાં આવે તો, એનો જીવ જ્યારે પોતાના ખોળિયામાં પ્રવેશવા માટે પાછો આવે ત્યારે એ પોતાના ખોળિયાને ઓળખી શકે નહિ ને એને બીજાનું માનીને' પાછો' જાય! આપણી માન્યતાઓ વિષેનાં આવાં 'સંશોધનો'થી હસવું આવે છે. ટેંઝરે આ બધું કોને-શેને આધારે લીધું છે, માન્યું છે, તે જણાવ્યું નથી.

દેહાન્તર-પ્રવેશનું મોટિફ રસિક છે, અને એની કથાઓ ઘણી છે એ ખરું. પણ 'જીવ' વિષેની આ બાબતના બે અલગ અલગ મોટિફો તારવી શકાય: એક, પોતાનું ખોળિયું છોડી અન્યમાં પ્રવેશ-વાળું મોટિફ; અને બે, ક્યાંય બીજે જ સંઘરી રાખવામાં આવતા જીવ-વાળું મોટિફ. આ બીજામાં એવી કથાઓ આવે જેમાં 'એનો જીવ અમુકતમુકમાં છે' - દા.ત. 'પોપટમાં છે; એની ડોક મરડતાં આ મરશે'- એમ આવે. જીવ, આમ, કોઈક બહારની વસ્તુ કે અન્ય પશુ-પંખીમાં હોય. દા.ત. સાંડેસરાસંપાદિત 'પંચતંત્ર'માં (૧૯૪૯ પૃ ૩૨૬) 'રાજા, મંત્રી અને નગ્ન શ્રવણ'ની વાત. મૂળ કથા પ્રમાણે દમનકને ખરો મંત્રી કેવો હોય એ દર્શાવવા માટે કરકટ બલભદ્રમંત્રીની કથા કહે છે: રાજા સુરથના રાજ્યમાં આટવિકોનો ત્રાસ ડામવા રાજા પોતાના મંત્રી બલભદ્રને એની સામે મોકલે છે. બલભદ્રના ગયા પછી એક શ્રમણ આવે છે, ને પોતાની વિદ્યાથી રાજા પર પ્રભાવ પાડે છે. એકવાર એ મોડો આવે છે. કારણમાં જણાવે છે કે પોતે પોતાનું ખોળિયું મૂકીને, દેવલોકને યોગ્ય ખોળિયું ધારણ કરીને, સ્વર્ગમાં ગયેલો અને ત્યાં ખુદ દેવો રાજાના કુશળવર્તમાન પૂછતા હતા. પછી કહે, 'હું રોજ આમ સ્વર્ગમાં જાઉં છું.' રાજા તો પછી એની સેવામાં જ, રાજકાજ વિસરીને, પર્યુપાસ્યો રહેવા લાગ્યો. બલભદ્રે પાછા આવીને આ પરિવર્તન જોયું. ખિન્ન થયો. પેલો શ્રમણ મંત્રીને પણ પોતાની શક્તિની વાત કરે છે. એટલે મંત્રી, એકવાર એને મઢૂલીમાં પૂરી, મઢૂલી સળગાવે છે. રાજા પૂછે છે કે (અનુસંધાન પૃ. ૨૪ પર)

સત્ય સફેદ નથી હોતું અને જૂઠ નગ્ન નથી હોતું

વિનોદ ભટ્ટ

'આ રેડ ચેરીનું ઝાડ તેં કાપી નાખ્યું? બાપે તેના ૧૩ વર્ષના દીકરા સામે જોઈ ગુસ્સાથી પૂછ્યું. બાળકે માથું હલાવી હા પાડી એટલે બાપે તેને ધડાધડ ચાર તમાચા ખેંચી નાખ્યા. બાળકે રડતાં રડતાં તેના પિતાશ્રીને ફરિયાદ કરી : 'સાચું બોલવાની સજા? - જ્યોર્જ વૉશિંગ્ટન ૬ વર્ષનો હતો ત્યારે તેના બાપાનું મનગમતું ચેરીનું ઝાડ તેણે કુહાડીથી કાપી નાખ્યું ને તેના ડેડીએ પૂછ્યું કે આ ઝાડ તેણે પાડી નાખ્યું ત્યારે નાનકડો જ્યોર્જ સાચું બોલ્યો કે મેં આ કૃત્ય કર્યું છે. તેના બાપાએ સાચું બોલવા બદલ શાબાશી આપી ને તમે તેને સાચું બોલવા બદલ માર્યો?'

'ગધેડા, જ્યોર્જ વૉશિંગ્ટને ચેરીના ઝાડ પર ઘા કર્યો એ વખતે તેનો બાપ એ ઝાડ પર નહોતો બેઠો...' કહી બાપે બીજી એક અડબોથ તે છોકરાને લગાવી દીધી...જ્યોર્જ વૉશિંગ્ટન નાનપણમાં એક વાર સાચું બોલ્યો હતો એ વાતને બહુ ચગાવવામાં આવી છે....કદાચ તે બહુ ઓછીવાર જૂઠું બોલ્યો હશે. પણ તે જૂઠું નહોતો બોલતો એના કારણમાં એમ કહેવાય છે કે તેને કોઈએ પૂછ્યું નહોતું કે આપણા દેશમાંથી આર્થિક મંદી ક્યારે દૂર થશે?

કોઈ માણસ જો એમ કહે કે જીવનમાં તે ક્યારેય અસત્ય નથી બોલ્યો તો તેની એક પણ વાત પર વિશ્વાસ ના મૂકવો, તે ઘણી બધી વાતોમાં જૂઠું બોલતો હશે. સત્યનો સ્વાદ એટલો બધો કડવો હોય છે કે ડાયબિટીઝનો દરદી પણ તેનું સેવન કરતાં ડરે. સાચું બોલનારને લોકો પોતાનો કટ્ટર શત્રુ માને છે એવું પ્લેટોએ કહ્યું છે. આ વાતની ખબર હોવા છતાં પ્લેટોએ તત્કાલીન રાજા ડાયોનિસિયસને રાજ્ય સારી રીતે કેમ ચલાવવું એ અંગે વણમાગી સાચી સલાહ આપવાને કારણે તેને રાજાએ ફાંસીની સજા ફરમાવી હતી - એ તો એનું નસીબ પાંસરું કે એના ગળાના માપનો ગાળિયો ના મળ્યો એટલે તે ફાંસીના ફંદામાંથી બચી ગયો, પણ સોક્રેટીસ સાચું બોલવાને કારણે જ તેના સમાજને કડવો ઝેર જેવો લાગ્યો હતો ને એટલે ઝેરથી ઝેરને મારવા માટે તેને કાતીલ ઝેર આપવામાં આવ્યું હતું. સત્યના આગ્રહને કારણે વૈજ્ઞાનિક ગેલિલિયો પણ નહોતો બચ્યો. એ સમયની પ્રજાને સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે એમાં રસ હતો, પણ ગેલિલિયોએ આ સામે પડકાર ફેંકીને જણાવ્યું કે આ માન્યતા સાવ ખોટી છે, પૃથ્વી જ સૂર્યની આસપાસ ફરે છે. બસ, આવી બન્યું! આટલી મોટી પૃથ્વી તે કંઈ નાના અમથા સૂરજની આસપાસ ફરતી હશે! લોકોએ ભેગા થઈને ગેલિલિયોને જીવતો જલાવી દીધો. સૂર્યમાં ભેળવી દીધો...સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે કે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે, અથવા તો એ બંને અન્યની આસપાસ કુદરડી ફરે એમાં ગેલિલિયોને શો ફરક પડવાનો હતો! આવડી અમથી વાત માટે સાચ-જૂઠમાં પડીને તેણે શું મેળવ્યું? - મોત જ ને!

ને આમ જોવા જોઈએ તો આજનું સત્ય એ આવતીકાલનું જૂઠ પણ સાબિત થઈ શકે છે. આજે ઘણાને મંગનો ગ્રહ નડે છે એટલે તે મંગળને રીઝવવા મંગળની વીંટી પહેરે છે. ધારો કે કાલે ઊઠીને મંગળગ્રહ શોધાય, ત્યાં વસ્તી મળી પણ આવે ને એવું ય જોવા મળે કે મંગળગ્રહના માનવીઓ પૃથ્વી નામનો ગ્રહ ના નડે - પૃથ્વી મંગળ પર આક્રમણ ના કરે, એ વાસ્તે વીંટી પહેરતા દેખાય - એટલે કોણ, કોને કેટલું નડે છે એ કહેવું ઘણું અઘરું છે - પણ સત્ય બોલનારને લગભગ તો તે નડતું જ હોય છે એ અનુભવસિધ્ધ વાત છે.

અને ઢાલની જેમ સત્યને પણ બે બાજુ હોય છે એટલે સત્યની કઈ બાજુ નિર્ભેળ સત્ય છે એ પારખવું કઠીન પડે છે. - સત્યની બીજી ખાસિયત એ છે કે સત્ય બોલવાથી તે અદૃશ્ય થઈ જાય છે. ગાંધીજીને આ વાતની ખબર હોવી જોઈએ, કેમકે ગાંધીજી સત્ય બોલતા, પણ સત્ય હોય એ બધું બોલી નાખવાનો ઉત્સાહ તે દાખવતા નહીં. ક્યારેક ચૂપ પણ રહેતા - મૌન પાળતા. સાચું હોય એ બધું બોલાઈ ન જાય એની તકેદારી રૂપે જ તે આમ કરતા હશે! - માર્ક ટ્વેઈને આ સંદર્ભમાં, પણ દાઢમાં કહ્યું છે કે 'સત્ય એ આપણું અમૂલ્ય ઘરેણું છે, તેને કરકસરથી વાપરો.'

ગુલાબ કંટકોની વચ્ચે રહે છે એ રીતે સત્ય છેતરપીંડીની વચ્ચે રહે છે એવું શીલર માને છે... મહાભારતના યુધ્ધમાં ધર્મનો વિજય થયો છે એમ ભલે કહેવાયું, પણ એ યુધ્ધમાં વિજય મેળવવા માટે યુધિષ્ઠિરને ય 'નરોવા કુંજરોવા' જેવા અર્ધસત્યનો આશરો લેવો પડ્યો હતો.

સત્ય તો મૂરખ પણ બોલી શકે છે, સાચું બોલવા માટે અક્કલ-હોંશિયારીની જરૂર નથી પડતી. અક્કલની, બુધ્ધિ ચલાવવાની જરૂર - સિફતથી જૂઠું બોલનારને પડે છે. જે માણસની યાદદાસ્ત સારી નથી હોતી એ જ સાચું બોલવાનું પસંદ કરે છે, કારણ કે એકવાર સાચું બોલી નાખ્યા પછી કશું યાદ રાખવાની ઝંઝટ રહેતી નથી...

જો સત્યથી કોઈને ઈજા પહોંચતી હોય તો એ કરતાં ઘા રૂઝવનાર અસત્ય લાખ દરજ્જે સારું છે એવું થીઓડોર હેકરે કહ્યું છે. કોઈને ય નુકસાન પહોંચાડવાનો સત્યનો ધર્મ હોતો નથી. સત્ય માનવતાથી ઉપર હોઈ જ ના શકે. સત્ય માણસ માટે છે, સત્ય માટે માણસ નથી. કોઈ માણસ કેન્સરથી પીડાતો હોય અને આપણને

ખાતરી હોય કે આ માણસ માંડ આઠ-દસ દિવસનો ઘરાક છે તો એ વખતે દરદીના મોઢે એમ સાચું ના કહેવાય કે તું ખાટલેથી ઊભો થાય તો તારો ગુલામ થઈ જાઉં, હવે કશામાં જીવ રાખ્યા વગર હરિનું નામ લે, હવે તું અઠવાડિયાનો જ મહેમાન છે... એને બદલે તેને ગમે તેવું આશ્વાસક જૂઠ બોલવાનું ચોક્કસ પસંદ કરવું.

અને આપણે જેને સત્ય કહીએ છીએ તે સત્ય ક્યારેય નિર્ભેળ નથી હોતું. ભેળસેળના આ જમાનામાં આઈ.એસ.આઈ. માર્કાના શુદ્ધ સત્યની કોઈ અપેક્ષા પણ નથી રાખતું... એગ્નસ રીપેલિયરે તો એવું કહ્યું છે કે કેટલીક નગ્નતાઓ વાંધાજનક હોય છે, નગ્ન સત્ય એ એમાંનું એક છે, તો લોગન પીઅરસલે એવી ચેતવણી ઉચ્ચારી છે કે તમારે જો જૂઠાબોલાની છાપ પાડવી હોય તો હંમેશાં સાચું બોલો.

જહોન ડન જણાવે છે કે 'સત્ય ને અસત્ય આમ તો જોડિયા ભાઈ છે, પણ સત્ય થોડોક મોટો છે.' અને આ બન્નેના ચહેરા પણ લગભગ સરખા છે એમ આ લખનાર માને છે. પણ ઉમર ખય્યામના મતે આ બન્ને એક વાળ જેટલું બારીક અંતર છે. સત્યની જેમ અસત્યને પણ મિટાવી શકાતું નથી. હા, સત્યની વિશેષ ઓળખ એટલી કે તેનો ચહેરો વધુ સુંદર છે, પણ વસ્ત્રો ફાટેલાં છે - એક જર્મન કહેવતમાં સત્યની આ પિછાણ છે.

પણ એક વાત છે. એકલું સત્ય ક્યારેય આકર્ષક નથી હોતું. અને એટલે તો તેને જૂઠના-કલ્પનાના - વાઘા પહેરાવવા પડતા હોય છે. આ નવલકથાઓ અને વાર્તાઓ શું છે! આ કવિતાઓમાં કેટલું સાચું હોય છે!... એરિસ્ટોટલે તો કવિ હોમર પર એવો આક્ષેપ કર્યો છે કે હોમરે અન્ય કવિઓને ચતુરાઈપૂર્વક - કુનેહપૂર્વક અસત્ય બોલવાની કળા શીખવાડી છે... જેમાં જૂઠાણું ન હોય તેવાં ઈતિહાસમાં પુસ્તકો અત્યંત કંટાળાજનક હોય છે એવું આનાતોલા ફ્રાન્સનું કહેવું કોઈ અમાન્ય કરી શકે તેમ નથી.

જૂઠ એ તો સત્ય સુધી પહોંચાડનાર સીડી છે એવું આ લખનારનું મંતવ્ય છે જેને નિત્સેનું સમર્થન પણ મળે છે. નિત્સેએ ભારપૂર્વક જણાવ્યું છે કે 'જે માણસ જૂઠું બોલી શકતો નથી તેને ખબર નથી કે સત્ય શું છે!' અને અસત્ય એટલે શું? - જે આપણા ગળે ના ઊતરે, માનવાનું મન ન થાય તે જ અસત્ય, બાકી બધું સત્ય.

તુંડે તુંડે જેમ અલગ અલગ મતિ હોય છે તેમ માણસે માણસે સત્ય પણ જુદું હોય છે. ઘુવડના સત્ય કરતાં શાહમૃગનું સત્ય અલગ હોય છે ને વકીલના સત્ય કરતાં લાઈ-ડિક્ટેટરનું સત્ય ભિન્ન હોય છે તો વડાપ્રધાનના સત્ય કરતાં એલચી(એમ્બેસેડર)નું સત્ય અલગ હોય છે. એલચી માટે કોઈકે રમૂજમાં કહ્યું છે કે તે એક પ્રામાણિક માણસ છે જેને પરદેશમાં રહી પોતાના દેશના ભલા ખાતર જૂઠું બોલવું પડે છે. વિલિયમ હેઝ્લિટે નોંધ્યું છે કે રાજકીય સત્ય બદનક્ષીભર્યું હોય છે, ધાર્મિક સત્ય ઈશ્વરની નિંદા કરનારું હોય છે.

અને આ બધાનાં સત્ય કરતાં કબર પરના પથ્થર ઉપર લખાએલ સત્ય સાવ નોખું હોય છે. પેલા સંસ્કૃત સુભાષિતમાં જણાવ્યું છે કે 'સત્યં બ્રૂયાત્, પ્રિયં બ્રૂયાત્'; પણ સત્ય હોય એ બધું પ્રિય નથી હોતું ને પ્રિય હોય એ બધું સત્ય નથી હોતું. હા, કબર પરના પથ્થરનું લખાણ પ્રિય હોય છે ને તેને સાચું માનીને ચાલવામાં આવે છે, અને ખરું પૂછો તો જગતની કોઈપણ પ્રજામાં મૃત્યુ પામેલ વ્યક્તિ વિશે અપ્રિય સત્ય બોલવા-લખવાનો રિવાજ નથી. આ જ કારણે મેરી લિટલે કહ્યું છે કે 'The tombstone is about the only thing that can stand up right and lie on its face at the same time...' તમે કબ્રસ્તાનમાં જઈ કબર પરની તખ્તીઓનાં લખાણ વાંચજો, તમને એક પણ જણ દુર્જન નહીં લાગે... અને સત્ય-અસત્યની ચિંતા જીવતા માણસોને જ હોય છે, ગુજરી જનારને કોઈ ફરક પડતો નથી.

આપણે જેને સત્ય કહીએ છીએ, માનીએ છીએ ને આચરીએ છીએ તે સત્યનની અતિશયતા કેટલીકવાર હાસ્યાસ્પદ બને છે. કોઈ માણસ પોતાનાં બાળકને ટ્રેનમાં લઈ જતો હોય અને અડધી મુસાફરીએ બાળક ત્રણ વર્ષ પુરાં કરે એટલે સાંકળ ખેંચી ટ્રેન ઊભી રખાવીને માહિતી આપવા બેસે કે સાહેબ, મારા બાબાએ હમણાં જ, સાત ને દસ મિનિટે, ત્રણ વર્ષ પૂરાં કરી નાખ્યાં - તેની અડધી ટિકિટ આપી દો - આને સત્યનો અતિરેક કહેવાય.

સત્યનિષ્ઠા માટે બાળકોને જર્મન ધર્મગુરુ જોન કેન્ટનો દાખલો બોધ લેખે આપવામાં આવે છે. ઘોડા પર બેસીને સેન્ટ જોન પોતાને ગામ પાછા ફરતા હતા. જંગલમાં જ રાત પડી ગઈ. અંધારું થઈ ગયું. ડાકુઓએ ધર્મગુરુને ઘેરી લઈ કહી દીધું : 'તારી પાસે જે કંઈ હોય તે જૂઠું બોલ્યા વગર આપી દે...' ધર્મ ગુરુએ તરત જ ઘોડો, પૈસા, ઘડિયાળ વગેરે ડાકુઓના હવાલે કરી દીધું. 'તારી પાસે કંઈ રહી તો નથી જતું ને?' એક ડાકુએ ધર્મગુરુને પૂછ્યું. 'ના, મારી પાસે જે કંઈ હતું તે તમને ધરી દીધું છે...' ધર્મગુરુએ જણાવ્યું. ડાકુઓ એકાદ માઈલ દૂર ગયા ત્યારે જોન કેન્ટને ખ્યાલ આવ્યો કે પોતાની પાસે એક સોનાનો દોરો બચી જવા પામ્યો છે એટલે તે ડાકુઓની પાછળ દોડ્યા ને સોનાનો દોરો તેમને સુપરત કરતાં બોલ્યા : 'મને માફ કરો, આ દોરો મારી પાસે હતો. અજાણતામાં જ હું જૂઠું બોલ્યો એ બદલ મને ક્ષમા કરો -' પાદરીના આ સત્ય માટે તમે શું કહેશો? - અલબત્ત, તેમની આ ક્ષમાપ્રાર્થનામાં નમ્રતા છે, પણ મેરી બિટલના કથન અનુસાર દરેક નમ્રતા એ પચાસ ટકા સારો સ્વભાવ છે, બાકીનો ભાગ એ સારું જૂઠાણું છે.'

સાચી વાત એ છે કે સત્ય તથા અસત્યે આપણને છેતરવા માટે કપડાંની અદલાબદલી કરી નાખી છે એટલે મોટે ભાગે ખબર જ નથી પડતી કે આપણી આંખ સામે છે તે સફેદ સત્ય છે કે નગ્ન જૂઠ! □

બા એટલે . . . .

પ્રફુલ્લ રાવલ

હજુયે ક્યારેક બા સાંભરે છે. અને આજે ય સ્મૃતિબારણે એનું આગમન થાય છે ત્યારે હું પ્રફુલ્લ બની એને આવકારું છું. આ આવકારમાં ક્યારેક ભીની વેદના હોય છે, તો ક્યારેક ગળચટું દર્દ. પરંતુ આ તો આ ક્ષણની અનુભૂતિ છે. એ હતી ત્યારે?...ત્યારે ક્યારેક આનાથી વિરુદ્ધ લાગણી પણ થતી હતી. જો કે એ એની માનસિક અવસ્થાનું જ પરિણામ હતું. ક્યારેક એનું મન સ્વસ્થતાનો સીમાડો ઓળંગી જતું. માટે જ સહુને ગમતી બા જીવનમાં છેલ્લાં પાંચ વર્ષમાં અણગમતી બની ગઈ હતી. ઓછું અને પ્રમાણસર બોલતી બા જ્યારે સ્વસ્થતા ગુમાવતી ત્યારે વિચારતંતુ સાવ અવળો ફંટાઈ જતો. ક્યારેક પોતાના નવોઢાકાળની રંગીન સ્મૃતિમાં સરી જતી. એ કાળમાં જોયેલાં નાટકોનું સ્મરણ તાજું થતું. જૂની રૂઢિયુસ્ત પ્રણાલીની ગાથા કહે રાખતી. છેક મેટ્રિકના આરે પહોંચેલી બાને લગ્નનિમિત્તે ભણવાનું છોડવું પડ્યું એનો વસવસો આજીવન રહેલો, એ વાત પણ વ્યક્ત કરતી રહેતી. માત્ર એ ટાણે કશુંક ગુમાવ્યાનો અહેવાસ એના ચહેરા પર છતો થતો. અન્યથા એનો ચહેરો ભીતરી ભાવને બહુધા વ્યક્ત ન કરતો. ક્યારેક જન્મભૂમિ ભાવનગરની ભાતીગળ સૃષ્ટિમાં રમમાણ થઈ જતી. ભાવનગરનો દરિયો અને તખ્તેશ્વરની ટેકરી એને યાદ આવતાં. ધરાની ખોડિયારના પ્રાંગણમાં બાલ્યકાળે કરેલાં તોફાનો સ્મૃતિપટ પર છવાઈ જતાં. બાજીરાજબા કન્યાશાળાનાં સ્મરણો ઊભરાતાં અને એ સાવ બાળક જેવી બની જતી. શિશુનો અચંબો ચહેરા પર રમતો રહેતો. મારી મુખાકૃતિ પિતા જેવી, તે મારામાં પિતાની શોધ કરતી. મારા માટે એ જ શોધ એક વેદના બની જતી હતી. હું મને ધિક્કારવા લાગતો. આ જ બા સ્વસ્થ બનતી ત્યારે શાલીનતાનાં દર્શન આપતી.

બાએ મૃત્યુનું કોઈ એંધાણ નહીં આપેલું. હા, વાર્ધક્ય હતું. પરંતુ એ ચાલી ગઈ. સાવ અચાનક. એવા દિવસોય હતા જ્યારે સહુ વીંટળાઈને રાત્રિ-જાગરણ કરતાં. લાગતું કે બા હવે નહીં રહે, પરંતુ ત્યારે બા ન ગઈ. આ તો મને ઓચિંતી એક સાંજે માંહ્યલી આશંકા જન્મી અને રાત્રે એક સૂતી'તી તો પણ હું જાગતો રહ્યો. છેક પરોઢ લગી એની સંભાળ રાખી. પહેલાં ત્રણ વાર હૃદયરોગનો હુમલો થએલો. આખી રાત બાનો હાથ એ દુ:ખતા હૃદય પર ફરતો જ રહેલો. હું સહેજ ખસ્યો અને એ સાવ ખસી ગઈ. પલાયન થઈ ગઈ. રેલગાડીમાં કોઈ પ્રવાસી કોઈ સ્ટેશન આવતાં ઓચિંતો' પલાયન થઈ જાય એમ જ.

બા એટલે બા એટલે બા. મને આનાથી વિશેષ ઓળખ આપવાનું આ ઘડીએ ગમતું નથી. કેવું હતું એનું જીવન! એની જિંદગીનો વિચાર કરું છું ત્યારે 'દુ:ખપ્રધાન સુખ અલ્પ થકી ભરેલી' એ નરસિંહરાવની પંક્તિ બા માટે જ લખાએલી હોય એવું અનુભવું છું. દુ:ખ, માત્ર દુ:ખ, એ જ જીવન હતું. આથી ક્યારેક મને એ વૈશાખી બપોર જેવી લાગે. ક્યારેક એને સહરાની તપ્ત થયેલી રેતી સાથે સરખાવવાનું મન થાય. એના ભાગ્યમાં કાયમ તપવાનું જ આવેલું. એ તપીને બની તો કાંચન જ. નિર્ધનતાના પડઘા પાડતા ઘરમાં એણે લગભગ આખ્ખું આયખું પસાર કર્યું. સુખી ઘરની એ સુકન્યા સન્નારી બનીને આર્યત્વભો ઉદ્‌ઘોષ કરતી કરતી જીવનપથ કાપતી ગઈ. સુદીર્ઘ જીવનયાત્રામાં દુ:ખથી ન તો એ સાવ ભાંગી પડી કે ન તો નિરાશ થઈ. લડી, તે ય ભદ્રતાથી. અર્થની આવશ્યકતામાં પણ એ અનીતિની દાસ ન બની. સુખની આકાંક્ષા ન્હોતી એમ નહીં, પણ એની ઘેલછામાં ન રાચતી. આમ તો એને સ્થિતપ્રજ્ઞ કહી શકાય અને સ્થિતપ્રજ્ઞને ભાષા શું? ભાવના શું? હા, બાપાના મૃત્યુટાણે એના ચહેરા પર વેદના હતી, પરંતુ એણે એ વેદનાને બોલકી ન બનવા દીધી. એના કેશકર્તનની ક્રિયા નીરખીને મારું કિશોર મન વલોવાયું હતું અને પછી કપાળ પરનો કંકુનો ચાંદલો અલોપ થયો ત્યારે કેટલાય દિવસો લગી હું એ આથમેલાં સૌભાગ્યનો ચહેરો નહીં જોઈ શકેલો. સાવ છિન્ન લાગતો'તો એ ચેહરો. પછી સમયની થપાટ ખાતી ખાતી બા ક્ષીણ થતી ગઈ. 'બા' શબ્દ ભલે અવ્યય ગણાય પરંતુ મારે મન તો એ ભાવવાચક નામ હતું. છતાંય બા વ્યક્તિવાચક નામ ધરાવતી વ્યક્તિ હોવાની પ્રતીતિ મને થઈ છેક સાતમા ધોરણમાં જ્યારે My Mother નિબંધ લખવાનો આવ્યો ત્યારે જ જાણ્યું કે બાનું નામ સુભદ્રા છે. એમાં છેલ્લું વાક્ય લખ્યું'તું : I Like my mother' આજે એ વધુ Likable છે. કદાચ અભાવનું પણ એ પરિણામ હોય!

બા મારે મન તો ભાવનો દરિયો હતી. એની ભાવછબી વ્યક્ત કરવામાં આજે મને શબ્દનો ગજ ટૂંકો પડે છે. કેવળ ભાવ જ શબ્દમાં કેમ વ્યક્ત કરવો! જે કંઈ વ્યક્ત થાય છે તે તો માત્ર ભાવનો નાનકડો અંશ છે. બા ભાવની સાક્ષાત્ મૂર્તિ હતી. અભાવ-અણગમો એને નહીં જન્મેલો હોય એવું નથી, પરંતુ એના ચહેરા પર કાયમ ભાવની ભાષા વંચાતી. અલબત્ત, સિવાય ભાવ અન્ય હું કશું પામ્યો પણ નથી. એનું હૃદય સાવ બરડ ન્હોતું, પરંતુ ઘા ઝીલી ઝીલીને આવું જરૂર થઈ ગયું હતું.

બાને ખાટ બહુ પ્રિય હતી. એ સૂતી પણ ખાટ પર. ચા નિરાંતે પીતી તે ય ખાટ પર. ક્યારેક સાંજે નાસ્તો પણ ખાટ પર બેસીને કરે. પગથી ઠેસ દેતી દેતી એ ખાટ પર હળવો હિંચકો ખાતી રહેતી. જમીને પહેલું કામ તે ખાટ પર હીંચવાનું. પાણીનો પ્યાલો લઈને ખાટ પર બેસતી. ધીમે ધીમે પાણી પીએ. પછી સાડલાના પાલવથી મોં લૂછે. બધાં જ કામમાં શાંતિ રાખતી. કોઈવાર મેં એને હાંફળીફાંફળી થતી જોઈ નથી. ઉતાવળ ન તો એના વર્તનમાં હતી કે ન તો વાણીમાં હતી. ચહેરો તદ્દન શાંત. ગમે તેવી પરિસ્થિતિમાં પણ એના ચહેરાનો ભાવ ન પલટાતો. ધાર્યું કરવાની ટેવવાળી પરંતુ સહુને ગમતું કરે. પોતાનો ગમો-અણગમો દર્શાવે નહીં. સહુને વિશ્વાસમાં લેવાની અજબ આવડત એનામાં હતી.

બાને સીતાફળ બહુ ભાવે. ખાવાની રીત પણ અત્યંત સોહામણી. જરાય ત્વરા નહીં. ભીના કપડાથી સીતાફળ ધૂવે. ત્યારબાદ એક પછી

એક પેથી તોડે. બેઠક તો ખાટ પર જ. મને સીતાફળ જરાય ન ભાવે. નાનપણમાં બાને સીતાફળ ખાતી જોઈ આશ્ચર્ય થતું. આજે પણ ક્યારેક સીતાફળ જોઉં છું ત્યારે આશ્ચર્ય સાથે બાનું સ્મરણ પણ ઝબકી જાય છે.

બાને રડતી નથી જોઈ એમ નથી. પરંતુ એવી ક્ષણો જૂજ જ પ્રાપ્ત થઈ છે. મામાના મૃત્યુના સમાચાર આપ્યા ત્યારે બા ક્ષણવાર મૂક બની ગઈ. એ મૌનમાં વેદનાનો વાસ હતો. પછી સ્નાન કર્યું. નાતો પૂરો થયો. પૂરી સ્વસ્થ લાગતી'તી તો, પછી ખાટ પર બેઠી અને ભાઈની યાદ ઊભરાઈ. તે ખૂબ રડી. જાણે ભાવનદી ગતિશીલ બની રહી!

વાંચવું એ બાનો ઉપલકિયો શોખ ન્હોતો. કેવળ સમય પસાર કરવા જ વાંચતી ન્હોતી. પરંતુ વાંચવું એ એની દિનચર્યાનો એક ભાગ! એનો જીવનક્રમ! કામ કરીને થાકી જતી તો પણ વાંચતી. વાંચતા વાંચતાં ઊંઘી જતી. ઘરમાં વીજળી દીવો આવ્યો એ પહેલાં ટમટમિયાના પ્રકાશે વાંચતી. બાને વાંચતાં ઘણીવાર જોઈ છે. પરંતુ જ્યોતીન્દ્ર દવેના 'રંગતરંગ'ના વાચન ટાણે બને ખડખડાટ હસતી જોએલી. એ કાળનો એનો ચહેરો એટલે જાણે હાસ્યતરંગ! હજુયે સ્મૃતિમાં એ હસમુખ છબી જળવાયેલી છે. એણે શું શું નહીં વાંચ્યું હોય! 'સરસ્વતીચંદ્ર'થી માંડી 'સાત પગલાં આકાશમાં' લગીની નવલકથાઓ એ વાંચી ગયેલી. નવલિકા પણ વાંચતી. નાનાલાલનાં કેટલાંક ગીતો તો એને કંઠસ્થ હતાં. બાલાશંકરની પેલી પ્રખ્યાત ગઝલ 'ગુજારે જે શિરે તારે' એ હરિગીતના ઢાળમાં ગાતી. કાલાંની મોસમમાં અંતાક્ષરી રમતાં ત્યારે બાના સ્મૃતિખજાનામાંથી અનેક કાવ્યપંક્તિઓ સરતી રહેતી. મણિકાન્તનું દીર્ઘકાવ્ય 'નિર્ભાગી નિર્મળા' એનું પ્રિયકાવ્ય હતું. 'શશિકાન્ત મારા લગ્નની કંકોતરી'થી શરૂ થતી પંક્તિઓ એ લયબદ્ધ ગાતી ત્યારે ઘરમાં શાંતિ છવાઈ જતી.

બા રસોઈમાં પ્રવીણ હતી. દાળ તો એની જ. મોટાભાઈ જુદા થયા તો પણ વખાણ તો બાની દાળના જ કરે. એ સગડી પર રોટલી બનાવે. દરેક રોટલી ફૂલીને દડો થાય. હું ઘણીવાર એની એ કળા રસપૂર્વક જોતો રહેતો. આમ તો રસોઈ કરતી બાની છબી આ ક્ષણે પણ પ્રત્યક્ષ થતી અનુભવું છું.

સંસ્કારિતાનું ઈતરરૂપ તે બા. જીવનની પ્રત્યેક રીતિમાં એનાં સંસ્કારરુચિ છતાં થાય. સમાજમાં એની સુવાસ હતી. એના બોલનું વજન પડતું. એ બા આજે નથી. સ્મરણોનું આખું પોટલું મારી પાસે પડ્યું છે. અવારનવાર એ સ્મરણોને વાગોળું છું. અવારનવાર વીતેલી વાતને તાજી કરવા મથું છું. અવારનવાર સુખી થાઉં છું અને દુ:ખી પણ થાઉં છું અવારનવાર. બા હતી ત્યારે આશ્વાસન હતું. ત્યારે હું નાનો હતો. અત્યારે હું જ ત્રણ બાળકોનો પિતા બની શૈશવ, મુગ્ધાવસ્થા, યૌવન એમ સઘળું ગુમાવી બેઠો છું. ગઈકાલ અને આજનો તફાવત આજે અનુભવું છું. □

ઈશાવાસ્ય ઉપનિષદ

મંત્ર : ૬ અને ૭

ચોથા મંત્રમાં ઈશનું (બ્રહ્મનું) નિશ્ચલ, નિષ્પંદ, નિષ્ક્રિય સ્વરૂપ સમજાવી પાંચમાં મંત્રમાં એનું ગતિશીલ, સક્રિય સ્વરૂપ ગુરુએ શિષ્યને દર્શાવ્યું. હવે છઠ્ઠા અને સાતમાં મંત્રમાં બ્રહ્મવિદની અનુભૂતિ કેવા પ્રકારની હોય છે તેનું નિરૂપણ એ કરે છે.

યસ્તુ સર્વાણિ ભૂતાન્યાત્મન્યેવાનુપશ્યતિ ।
સર્વભૂતેષુ ચાત્માનં તતો ન વિજુગુપ્સતે ॥૬॥

ય: જે (બ્રહ્મવિદ); તુ-કોઈ (પણ); સર્વાણિભૂતાનિ - સર્વ કંઈ સંભૂત (યત્કિંચ જગત્યાં જગત્); આત્મનિ - આત્મતત્ત્વમાં, પોતાની મહીં; અનુપશ્યતિ - સતત નિહાળે છે; સર્વ ભૂતેષુ - ભૂતે ભૂતે, સંભૂત સર્વમાં; ચ-વળી; આત્માન્ - આત્મતત્ત્વને, ચિન્મય પોતાને; તત: - તે પછી (આ દર્શન ઉપલબ્ધિ પછી); ન-ના,નહીં; વિજુગુપ્સતે- નિંદા (ઘૃણા) કરે છે.

ચોથા અને પાંચમાં મંત્રમાં જણાવ્યા પ્રમાણે બ્રહ્મનું નિરાકાર અને સાકાર સ્વરૂપ જેણે જાણ્યું છે તે બ્રહ્મવિદ વિશ્વમાં જે કંઈ છે તે સર્વને ચિન્મય પોતાની અંદર, અને પોતાના આત્મતત્ત્વને સર્વમાં નિહિત રહેલું નિહાળે છે. આ પ્રકારની એની ઉપલબ્ધિ પછી એ કોઈનીયે ઘૃણા કરતો નથી; કારણ પ્રથમ મંત્રમાં પ્રથમ જે કહેવાયું તે ઈશદર્શન સર્વત્ર એણે અનુભવ્યું છે.

છઠ્ઠા મંત્રમાં સર્વત્ર ઈશદર્શનથી મલનું કયું આવરણ દૂર થાય છે એની વાત કર્યા પછી એ દ્વારા શાની પ્રાપ્તિ થાય છે એ સાતમાં મંત્રમાં જણાવે છે.

યસ્મિન્ સર્વાણિ ભૂતાન્યાત્મૈવાભૂદ્વિજાનત: ।
તત્ર કો મોહ: ક: શોક એકત્વમ્ અનુપશ્યત: ॥૭॥

યસ્મિન્ - જેમાં, જે પ્રાપ્ત સ્થિતિમાં; સર્વાણિભૂતાનિ - સર્વ જગત્ પદાર્થને; આત્મા-આત્મસ્વરૂપ; એવ - એ જ રીતે (રૂપે); અભૂત્, થયેલો, બનેલો; વિજાનત: - જાણનાર, અનુભવનાર, જ્ઞાની; એકત્વમ્- એકત્વ, અદ્વૈત; અનુપશ્યત: - સતત નિરંતર જોનાર; તત્ર-તેમાં, તેવી સ્થિતિમાં; ક: - કયો, શો; મોહ:-મોહ; ક: શોક: - શોક.

સર્વત્ર ઈશદર્શન સમી પ્રાપ્ત સ્થિતિમાં જે જ્ઞાની નિરંતર સર્વ જગત્ પદાર્થને આત્મસ્વરૂપ જ અનુભવે છે, અને એ રીતે દ્વૈતભાવ જેનો ટળી ગયો છે તે મોહ અને શોકની અવસ્થાઓને અતિક્રમી જાય છે, નિરંતર આનંદની સ્થિતિમાં રહે છે.

કિન્તુ જે સર્વ ભૂતોને નિહાળે નિજ આત્મમાં
સર્વ ભૂતે નિજાત્માને, ઘૃણ્ય એને ન કોઈની. ૬
ભૂતમાત્ર લહ્યાં જેણે આત્મરૂપ, નિરન્તર
એકતા નીરખે તેને મોહ શો શોક શો વળી? ૭

રાજેન્દ્ર શાહ

ક્રિકેટ-૬

ફૉરવર્ડ ડિફેન્સિવ સ્ટ્રોક અને બૅકફુટ ડિફેન્સિવ સ્ટ્રોક

કુમારપાળ દેસાઈ





ક્રિકેટના મેદાન પર બૅટ્સમૅન અને બૉલરના સંબંધને દર્શાવતા ઑસ્ટ્રેલિઆના સર બ્રેડમૅને એક સૂત્ર કહ્યું, 'આપણા બેમાંથી એકે જીતવું જ પડશે.' આનો અર્થ એ છે કે કાં તો બૅટ્સમૅને બૉલર પર પોતાનું પ્રભુત્વ સ્થાપવું પડશે અથવા તો બૉલરે બૅટ્સમૅનને વશ કરી લેવો પડશે. આથી સ્વાભાવિક રીતે જ દરેક બૅટ્સમૅન વિરોધી બૉલિંગને હતપ્રભ કરવાનો પ્રયાસ કરે છે. એની ગોલંદાજીમાં બાઉન્ડ્રિ કે સિક્સર લગાવીને એનો આત્મવિશ્વાસ ભાંગી નાખવાનો પ્રયાસ કરે છે. પરંતુ દરેક વખતે બૅટ્સમૅન દડાને કાંઈ બાઉન્ડ્રિ પર મોકલી શકતો નથી. જો આવું જ હોય તો ક્રિકેટ એ કલાને બદલે માત્ર કત્લેઆમ જેવું જ લાગે! વળી રન ત્યારે જ થઈ શકે કે જ્યારે બૅટ્સમૅનની વિકેટ અણનમ રહી હોય. આમાં આઉટ થતા બચાવી શકે એવા ક્રિકેટના સૌથી વધુ મહત્ત્વપૂર્ણ એવા બે સ્ટ્રોક છે. ફોરવર્ડ ડિફેન્સિવ સ્ટ્રોક અને બૅકવર્ડ ડિફેન્સિવ સ્ટ્રોક. હકીકતમાં આ બંને સ્ટ્રોકની આવડત બૅટ્સમૅન માટે પાયાની બાબત ગણાય છે. આની તાલીમ જરૂરી જ નહીં, બલ્કે અનિવાર્ય છે. કોઈપણ બૅટ્સમૅનના લાંબા દાવમાં સૌથી વધુ અજમાયશ પામેલો સ્ટ્રોક ફોરવર્ડ ડિફેન્સિવ સ્ટ્રોક હોય છે. એના પર પ્રભુત્વ મેળવો એટલે લાંબો વખત દાવ ખેલવાની તમારી શક્યતાઓ વધી જશે.

ફોરવર્ડ ડિફેન્સિવ સ્ટ્રોક એટલે આગળ વધીને રક્ષણાત્મક રીતે ખેલવાની રીત. 'ગુડલેન્થ' કે એનાથી સહેજ આગળ પડેલા દડાને યોગ્ય ન્યાય આપવા માટે આ આદર્શ સ્ટ્રોક છે. આમાં દડો પિચ પડે તે પહેલાં અથવા તો એ પછી તરત જ રમી શકાય એવો હોવો જોઈએ. બૅટ્સમૅન એના ડાબા પગને અને બૅટને આગળ લઈ જાય છે અને દડો જ્યાં પિચ પડે તેમ હોય, એની નજીક સુધી પહોંચી જાય છે. બૅટ અને બૉલનો સંગમ થાય છે એ સમયે એનો ડાબો પગ ઘૂંટણથી વળેલો હોય છે, જ્યારે જમણા પગનો અંગૂઠો ક્રીસની અંદર હોય છે અને સ્ટમ્પ-આઉટના ભયથી બચવા માટે એ જરૂરી પણ છે. આ સ્ટ્રોક પૂરો થાય ત્યારે શરીરનો ભાર આગળના પગ પર હશે.

ડાબો ખભો લગભગ એના ડાબા કાનને સ્પર્શતો હોય છે. અને દડો બરાબર એની આંખ નીચે જ બૅટ સાથે સંગમ સાધતો હોય છે.

આમાં બૅટ અને પૅડ વચ્ચે કોઈ 'દરવાજો' રહેવો ન જોઈએ. એમ થાય તો દડો બંને વચ્ચે થઈને દાંડી ઉડાવી જાય! દડો ખૂબ 'સ્પિન' લેતો હોય કે સ્વિંગ થતો હોય ત્યારે પણ વિકેટ મેળવવા માટે બૅટ્સમૅન આ પદ્ધતિ અખત્યાર કરે છે. આમાં ક્યારેક સ્પિનને કારણે બૅટ્સમૅનને એવી દહેશત રહે છે કે દડો બૅટને અથડાઈને ઊછળશે અને નજીકના ફિલ્ડરો કૅચ કરી લેશે.

આ ફોરવર્ડ ડિફેન્સિવ સ્ટ્રોકમાં ખેલાડી નીચેની બાબતોમાં ક્યારેક થાપ ખાઈ જાય છે. દડાની જ્યાં પિચ પડે છે ત્યાં સુધી પહોંચવા માટે એ વિકેટ પર પૂરતો આગળ વધી શકતો નથી અથવા તો ક્યારેક બૅટને આગળ લઈ જાય છે. પણ શરીર એની સાથોસાથ લઈ જતો નથી. પરિણામે એની રમતના દેહ અને આત્મા જુદા થવાનો વખત આવે! દડાની 'ફ્લાઈટ'ની 'લાઈન'ની બાજુમાં ડાબો પગ લાવવો જરૂરી છે. આમાં ભૂલ થાય તો ઘણીવાર દડો નાંખ્યા પછી ગોલંદાજ જ બૅટ્સમૅનનો કૅચ ઝડપતો હોય તેવું દશ્ય જોવા મળે. જો ગોલંદાજ 'શૉર્ટપિચ' દડા નાંખતો હોય અને દડો અચાનક ઊછળે ત્યારે જો

બેટ્સમેન આ પ્રકારનો ફટકો લગાવવા જાય તો ઘાયલ થવાની સોએ સો ટકા શક્યતા રહે છે.

ઈંગ્લેન્ડના ઓપનિંગ બેટ્સમેન જ્યોફ બૉયકોટ અથવા તો ભારતના સુનિલ ગાવસ્કર જ્યારે ફોરવર્ડ ડિફેન્સિવ સ્ટ્રોક લગાવતા ત્યારે એમણે આ સ્ટ્રોક લગાવવામાં મેળવેલી નિપુણતા દેખાઈ આવતી. આજના સમયમાં ઑસ્ટ્રેલિઆનો ડાબોડી ઓપનિંગ બેટ્સમેન માર્ક ટેલર આ સ્ટ્રોક ખેલવામાં સારી એવી નિપુણતા ધરાવે છે. આ બાબતમાં એની જ ઑસ્ટ્રેલિઅન ટીમના સાથી ડેવિડ બૂનને પણ યાદ કરવો પડે.

ક્રિકેટની રમતનો આ પાયાનો સ્ટ્રોક છે અને આ રમતના બધા જ ફોરવર્ડ સ્ટ્રેટ બેટના ફટકાઓ આના પર આધારિત છે. ક્રિકેટના એક જમાનાને જેને 'સુવર્ણયુગ' કહેવામાં આવે છે તેમાં રણજિતસિંહ, વિક્ટર ટ્રમ્પર વગેરે બેટ્સમેનો થઈ ગયા. એ સમયનના બેટ્સમેન આગળ વધીને દડાને હિંમતભેર ફટકારતા હતા. આવી રીતે આગળ વધીને દડાને ફટકારતા જોયેલા ભારતના છટાદાર ઓપનર મુસ્તાકઅલીનું દશ્ય આજે ય નજર સામે તરવરે છે.

વર્તમાન સમયની ઝડપી ગોલંદાજી પર ઝોક ધરાવતી ગોલંદાજી અને કેટલીક પિચ આગળ વધીને ફટકા લગાવવાની મોકળાશ ખેલાડીને આપતી નથી, આથી બેટ્સમેન પાસે ફોરવર્ડ ડિફેન્સિવ સ્ટ્રોક ખેલવાની આવડત જોઈએ. આથી જ કોઈ ખેલાડીને ફોરવર્ડ ડિફેન્સિવ સ્ટ્રોક લગાવતો જોશો તો ખ્યાલ આવશે કે એ દડાના 'સ્પિન'ને તોડી નાખે છે. બેટ બરાબર સીધું રાખે છે. આ સ્ટ્રોક રમતી વખતે ઉપરના હાથની પકડ (ગ્રિપ) મજબૂત રાખવી અને નીચેના હાથની પકડ ઢીલી રાખવી. આમ ન થાય તો જમણા હાથના ધક્કાને કારણે ફટકો લગાવતા વેગ ચઢી જાય છે.

ફોરવર્ડ ડિફેન્સિવ સ્ટ્રોકની માફક બેકફૂટ ડિફેન્સિવ સ્ટ્રોક પણ એ હેતુથી રમાય છે કે ગોલંદાજનો દડો બેટ્સમેનના બેટને થાપ આપીને દાંડી ઉડાવી ન જાય. જે દડો આગળ વધીને ખેલવો મુશ્કેલ હોય છે તેમાં બેટ્સમેન આ પ્રકારનો સ્ટ્રોક અજમાવતો હોય છે. આમ, પાછળ જઈને રમવામાં આવતો આ રક્ષણાત્મક સ્ટ્રોક છે. આમાં પાછળના પગને બને તેટલો પાછળ લઈ જવામાં આવે છે. ખેલાડીનો પગ સ્ટમ્પ અને ક્રીસના અંતરની લગભગ વચ્ચે આવે છે . એનો પાછળનો પંજો ક્રીસની સમાંતર, પોઈન્ટ તરફ હોવો જોઈએ. શરીરનો બધો ભાર પાછળના પગ પર હોય છે, પરંતુ સમતોલ રહેવા માટે આગળના પગને જમીનથી તદ્દન ઊંચો લઈ લીધો હોતો નથી. આમાં શરીર અને બેટ બંને સહેજ આગળ ઝૂકેલાં હોય છે.

સ્ટ્રોક ખેલતી વખતે પગને ધીરે ધીરે કે ડરતાં ડરતાં પાછળ ન લઈ જવો. એક જ વાર પગ ઉપાડીને સીધો જ પાછળ મૂકવો. આમાં દડો ઑફ સ્ટમ્પની બહાર પડે તેમ હોય તો તમારો પાછલો પગ 'ઑફ સ્ટમ્પ'ની સામે આવવો જોઈએ. જો દડો લેગ સ્ટમ્પની બહાર પીચ પડે તેમ હોય તો પાછલો પગ લેગ સ્ટમ્પની સામે આવવો જોઈએ. જો સીધેસીધો વિકેટ ભણી આવતો હોય તો પગ પણ એના સીધાણમાં જ આવવો જોઈએ. એ પછી આગળનો પગ પાછળના પગ પાસે આવશે અને તમે સીધા બેટથી દડાને રોકી શકશો. જે સમયે તમે દડો રોકતા હો એ સમયે તમારા ડાબા હાથની કોણી ઊંચી હશે અને બેટના હાથા પર જમણા હાથની પકડ ઢીલી હશે. આમ થાય તો જ કેચ ઊછળવાની સંભાવના ન રહે.

આ પ્રકારનો સ્ટ્રોક રમતી વખતે બેટ્સમેન દડા તરફ ધસી જાય તો તે થાપ ખાઈ જશે. દડાને શરીરની પાસે આવવા દેવો જોઈએ, કારણ કે દડો પિચ પડ્યા પછી અંદર કે બહાર સ્વિંગ થશે તો પણ બેટ્સમેન બેકફૂટ ગયો હોવાથી એને રમવામાં તકલીફ નહીં પડે. આ રક્ષણાત્મક સ્ટ્રોક હોવાથી બેટની બ્લેડ દડાને રમવા માટે આખી જ એની સામે રહેવી જોઈએ. બેટ્સમેનની નજર દડા પર હોવી જોઈએ. ક્રિકેટમાં આ સ્ટ્રોકનો ઘણો મોટા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે, કારણ કે આમાં દડાને ખેલવા માટે ખેલાડીને પૂરતો સમય મળે છે. દાવની શરૂઆતમાં બરાબર 'સેટ' થવા માટે આ પ્રકારની રક્ષણાત્મક રમત જરૂરી છે, કારણ કે દસેક મિનિટ બૅટિંગ કર્યા પછી બેટ્સમેન દડાને બરાબર પારખી શકે છે, પિચની વર્તણૂકનો પણ ખ્યાલ મેળવી શકે છે. ખેલાડી બરાબર સેટ થાય એટલે ક્રિકેટનો દડો એને ફૂટબૉલ જેવો દેખાય છે.


આજના ક્રિકેટ-વિશ્વમાં કેટલાક ખેલાડીઓ મુખ્યત્વે ફ્રન્ટફૂટના ખેલાડીઓ ગણાય છે. તેઓ બેકફૂટને બદલે ફ્રન્ટફૂટનો જ વધુ ઉપયોગ કરે છે. આવી રીતે આગળ વધીને ખેલનારા ખેલાડીઓમાં પાકિસ્તાનના જાવેદ મિયાંદાદ, ઑસ્ટ્રેલિઆના એલન બોર્ડર, ડેવિડ બૂન, માર્ક ટેલર વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે બેકફૂટ જઈને રક્ષણાત્મક રમત ખેલવાની ખૂબી તમને ઑસ્ટ્રેલિઆના ડીન જોન્સ, ન્યૂઝીલેન્ડના માર્ટિન ક્રોવ કે ભારતના સંજય માંજરેકર કે સચીન તેંડુલકરમાં જોવા મળશે. સચીન તેંડુલકરની મજા તો એ છે કે બેકફૂટ જઈને પણ આક્રમક સ્ટ્રોક લગાવી શકે છે. પાછળ જઈને પુલ કે હુકથી દડાને બાઉન્ડ્રિ પર મોકલતા સચીનને જોવો એ આનંદનો વિષય છે.

વિશેષે બેકફૂટથી ખેલનારા ખેલાડીઓમાં ભારતનો અઝહરુદ્દીન, નવજોત સિધ્ધુ કે ઈંગ્લેન્ડનો ડેવિડ ગોવર ગણી શકાય. ભારતના ભૂતપૂર્વ ટેસ્ટ ખેલાડી જી.આર.વિશ્વનાથ અને વેસ્ટઈન્ડિઝના ચશ્માધારી સુકાની કલીવ લોઈડ બેકફૂટથી ખેલવામાં ઘણા પાવરધા હતા. વર્તમાન સમયમાં ઈંગ્લેન્ડનો ડેવિડ ગોવર બેકફૂટથી ખેલતો ઉત્કૃષ્ટ ખેલાડી ગણાય. જ્યારે ન્યૂઝીલેન્ડનો ટ્રેવર ફ્રેન્કલીન અને ઈંગ્લેન્ડનો વેન લારકિન્સ બેકફૂટથી રમવા જાય છે, પરંતુ કુશળતાના અભાવે તેઓ નિષ્ફળ જાય છે.

ભારતના ઓપનર વામન રામનની જ વાત કરો ને! એની બેકફૂટની રમત ઘણી નબળી છે. એ પૉપિંગ ક્રીસ પર ઊભો રહીને

(અનુસંધાન પૃ. ૧૮ પર)

લાલભાઈ દલપતભાઈ સંગ્રહાલય



લાલભાઈ દલપતભાઈ સંગ્રહાલયનું મકાન

ડૉ. રમણીક શાહ

અમદાવાદના વિદ્યાક્ષેત્ર જેવા યુનિવર્સિટી વિસ્તારમાં યુનિવર્સિટીથી સેન્ટ ઝેવિયર્સ કૉલેજ તરફ જતા માર્ગ પર એક જૈન સાધુ અને જૈન શ્રેષ્ઠીના ભારતીય વિદ્યા અને સંસ્કૃતિ પ્રત્યેના પ્રેમના પ્રતીક સમી, વિદ્યા અને સંસ્કૃતિની જાણે કે જુગલબંદી જામી હોય તેવી, એક જોડિયા સંસ્થા સૌનું ધ્યાન ખેંચતી ઊભી છે. આ જોડીમાં એક છે લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર અને બીજું તે લાલભાઈ દલપતભાઈ સંગ્રહાલય.

ઈ.સ. ૧૯૮૪માં શરૂ થઈને એક વિશિષ્ટ સંગ્રહાલય તરીકે કાઠું કાઢી રહેલ લા. દ. સંગ્રહાલયના ઉદ્ભવનાં બીજ તો છેક ૧૯૫૭માં લા.દ. વિદ્યામંદિરની સ્થાપના સાથે જ વવાઈ ચૂક્યાં હતાં. વિદ્યામંદિરના સ્વપ્નદ્રષ્ટા હતા પુણ્યશ્લોક મુનિ પુણ્યવિજયજી અને શિલ્પી હતા શેઠ કસ્તુરભાઈ.

જૈન આગમ સાહિત્યના અજોડ જ્ઞાતા મુનિ પુણ્યવિજયજીએ આગમો અને અન્ય પ્રાકૃત-સાંસ્કૃત ગ્રંથોના સંશોધનની સાથોસાથ જીવનભર પ્રાચીન હસ્તપ્રતો અને જ્ઞાનભંડારોના ઉદ્ધારનું કાર્ય કરેલું. એમનું આ પ્રિય કાર્ય જાણે કે જીવનધ્યેય બની ગયેલું. પાટણ, અમદાવાદ, વડોદરા, છાણી, ખંભાત, લીંમડી, ભાવનગર, જામનગર, કોડાય આદિ ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છના અનેક જ્ઞાનભંડારોને વ્યવસ્થિત કરી તેમણે સેંકડો વર્ષો પહેલાંની સંગ્રહાયેલી હજારો હસ્તપ્રતોને કાળનો કોળિયો થઈ જતી અટકાવી હતી. ગુજરાત જ નહીં છેક રાજસ્થાનના જેસલમેર જેવા રણપ્રદેશમાં આવેલા વેરાન સ્થાનમાં મહિનાઓ સુધી રહીને ત્યાં આવેલા અપ્રતિમ તાડપત્રીય હસ્તપ્રતોના ભંડારોને વ્યવસ્થિત કર્યા હતા. જ્ઞાનભંડારો સાથેના તેમના જીવનભરના સંપર્ક દ્વારા તેમને પશ્ચિમ ભારતમાં ગામોગામ પથરાયેલી અનેકવિધ પ્રાચીન ઐતિહાસિક અને પુરાતત્ત્વીય સામગ્રીનાં દર્શન થયાં. ભંડારોમાં અને મંદિરોમાં વ્યવસ્થા અને સૂઝના અભાવે નાશ પામતી હજારો હસ્તપ્રતો અને અન્ય સામગ્રીને બચાવવા તેમણે ભગીરથ પુરુષાર્થ કર્યો. તેમને આ કાર્ય માટે એક કેન્દ્રસ્થ સંસ્થાનની અનિવાર્યતા સમજાઈ ચૂકી હતી અને જેસલમેરના તેમના નિવાસ દરમિયાન જ એક સુભગ ક્ષણે શેઠ કસ્તુરભાઈનું ત્યાં આગમન થયું. કસ્તુરભાઈ શેઠે પ્રત્યક્ષ દર્શન કર્યું. હસ્તપ્રતો અને અન્ય સાંસ્કૃતિક સામગ્રીની જાળવણી અને અધ્યયન માટેની એક સંસ્થા સ્થાપવાની મુનિશ્રીની કલ્પનાને સંસ્કૃતિ અને શિક્ષણના અનુરાગી દીર્ઘદ્રષ્ટા શેઠ કસ્તુરભાઈએ વધાવી લીધી. આમ, અમદાવાદમાં પાનકોરનાકા પર આવેલ ભગુભાઈ શેઠના વંડામાં ઈ.સ. ૧૯૫૭ના વિજયાદશમીના શુભ દિવસે લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરનો પ્રારંભ થયો.

મુનિજીએ પોતાના ગુરુ-પ્રગુરુના સમયથી સંગૃહીત એવી પોતાની પાસેની અમૂલ્ય દશ હજાર હસ્તપ્રતો અને સાત હજાર મુદ્રિત પુસ્તકો વિદ્યામંદિરને ભેટ આપ્યાં. આ પછી તો શેઠ કસ્તુરભાઈની સહાયથી મુનિજીએ આ સંગ્રહમાં અનેક નવાં પુસ્તકો અને હસ્તપ્રતોનો ઉમેરો કર્યો અને સાથોસાથ અનેક સચિત્ર હસ્તપ્રતો, લઘુચિત્રો, વિજ્ઞપ્તિપત્રો, ચિત્રપટો, મંત્ર-યંત્રપટો, તીર્થપટો, હસ્તપ્રતોની જાળવણી માટેની પ્રાચીન ચિત્રયુક્ત કાષ્ઠમંજૂષાઓ, ચિત્રિત કાષ્ઠપટ્ટિકાઓ, હસ્તપ્રતોનાં લેખન માટેની પ્રાચીન સામગ્રી, તામ્રપત્રો, ધાતુ અને પત્થરની નાનીમોટી મૂર્તિઓ, લઘુ ધાતુમંદિરો, કાષ્ઠનાં નાનકડાં મંદિરો-કાવડો, હસ્તપ્રતોની બન્ને બાજુ રાખવામાં આવતી પૂંઠાની સુશોભિત પટ્ટિકાઓ જેવી અનેકવિધ વિરલ પુરાતન વસ્તુઓ એકઠી કરી.

આ બાજુ યુનિવર્સિટી વિસ્તારમાં લાલભાઈ દલપતભાઈ ટ્રસ્ટ દ્વારા ખરીદાએલી વિશાળ જમીન પર વિદ્યામંદિર માટે સુસજ્જ આધુનિક મકાન બનાવવાનું કાર્ય શેઠ કસ્તુરભાઈએ ચંદિગઢનું નિર્માણ કરનાર

વિશ્વવિખ્યાત ફ્રેન્ચ સ્થપતિ લા કર્બુઝિયના શિષ્ય અને પાછળથી પોતાની સ્થાપત્યકળાથી દેશવિદેશમાં નામ કમાનાર ત્યારે યુવાન સ્થપતિ બાલકૃષ્ણ દોશીને સોંપ્યું. શ્રી દોશીએ એક આગવી જ ભાતની ભવ્ય ઇમારત તૈયાર કરી અને ઇ.સ. ૧૯૬૩માં પં. જવાહરલાલ નેહરુના હસ્તે તેનું ઉદ્‌ઘાટન થયું. વિદ્યામંદિરના પ્રારંભકાળથી જ શેઠ શ્રી કસ્તુરભાઈ, મુનિશ્રી પુણ્યવિજયજી અને સંસ્થાના આદ્ય નિયામક પં. દલસુખભાઈ માલવણિયાના અથાક પ્રયત્નોથી વિદ્યામંદિર એક બેનમૂન સંશોધન સંસ્થા બની રહી, તેનો હસ્તપ્રત-સંગ્રહ મહાકાય બનતો ગયો અને તેની પ્રાચીન પુરાતત્ત્વીય સામગ્રીના સંગ્રહમાં પણ અનન્ય વધારો થયો.

ઇ.સ. ૧૯૭૧ના જુલાઈ માસમાં મુંબઈમાં મુનિશ્રીનો અણધાર્યો દેહવિલય થયો. જીવનની છેલ્લી ક્ષણ સુધી મુનિશ્રીએ સંસ્થાની કાળજી લીધી હતી અને સંસ્થા માટે અત્રતત્ર જ્યાંથી મળે ત્યાંથી વિશિષ્ટ વસ્તુઓનો સંગ્રહ તેઓ કરતા જ રહ્યા હતા. તેઓશ્રીના દેહાન્ત પછી એમના પ્રશિષ્ય પં. દર્શનવિજયજીએ શેષ સામગ્રી વિદ્યામંદિરને અર્પણ કરી. મુનિશ્રીએ સંસ્થાને કેટલી અને કેવી બહુમૂલ્ય સામગ્રી આપી હતી તેનું દર્શન તેમની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળ અનને 'કુમાર'ના તત્કાલીન તંત્રીશ્રી બચુભાઈ રાવતની પ્રેરણા અને માર્ગદર્શન તળે વિદ્યામંદિરમાં આ સામગ્રીના યોજાએલ જાહેર પ્રદર્શન પરથી થતું હતું.

આ પછી તો વિદ્યામંદિરના મકાનનો ઉપરનો માળ એક સંગ્રહસ્થાનમાં જ ફેરવાઈ ગયો અને થોડા જ સમયમાં સંગ્રહાલય માટેની જગ્યા નાની પડવા લાગી. દરમિયાન ઇ.સ.૧૯૭૪માં ભગવાન મહાવીરના નિર્વાણને અઢી હજાર વર્ષ પૂરાં થવાનો અપ્રતિમ અવસર આવી લાગ્યો. ભારતભરમાં આ પ્રસંગે અનેકવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક મહોત્સવો યોજાયા. વિદ્યામંદિરમાં પણ એક સાંસ્કૃતિક પ્રદર્શન યોજાયું તથા જૈન કળા અને સ્થાપત્ય પરનો એક આંતરરાષ્ટ્રિય પરિસંવાદ પણ યોજાયો. આ પ્રસંગોમાંથી પ્રેરણા લઈ શેઠ કસ્તુરભાઈ અને લાલભાઈ દલપતભાઈ પરિવારના અન્ય અગ્રણીઓએ સંગ્રહાલય માટે એક સ્વતંત્ર ઇમારત બનાવવાનો અને તેમાં ઉપરોક્ત સામગ્રીને સુવ્યવસ્થિતપણે પ્રદર્શિત કરવાનો નિર્ણય કર્યો. પુનઃ સ્થપતિ બાલકૃષ્ણ દોશીએ સંગ્રહાલયની ભવ્ય ઇમારતની કામગીરી શરૂ કરી અને લાખોના ખર્ચે વિદ્યામંદિરના મકાનની બાજુમાં જ લા.દ.સંગ્રહાલયની વિશિષ્ટ ઇમારત ખડી કરી દીધી. મુનિશ્રીની હસ્તપ્રતો સિવાયની મોટા ભાગની પ્રદર્શનીય સામગ્રી સંગ્રહાલયમાં રાખવામાં આવી અને મુનિશ્રીની સ્મૃતિમાં સંગ્રહાલયની ચિત્રવિથિને 'મુનિશ્રી પુણ્યવિજયજી વિથિ' નામ આપવામાં આવ્યું.

સંગ્રહાલય મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચાયેલ છે. પ્રવેશ કરતાં જ નજરે પડતી ભોંયતળિયે આવેલ સ્વ.મધુરીબેન દેસાઈ શિલ્પવિથિ, તે ઉપરના માળે મુનિ પુણ્યવિજયજી ચિત્રવિથિ અને ભોંયરામાં સભાગૃહ તથા પ્રદર્શન-ગૃહ. શિલ્પવિથિનું નામકરણ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના એક અગ્રણી સ્વ. ભૂલાભાઈ દેસાઈના પુત્રવધૂ અને સ્વતંત્ર ભારતના એક વખતના સ્વીઝર્લેન્ડ ખાતેના એલચી સ્વ. ધીરુભાઈ દેસાઈનાં પત્ની સ્વ. મધુરીબેન દેસાઈના નામ પરથી કરવામાં આવેલ છે. દશકાઓ સુધી સમગ્ર ભારતભરમાં સંચિત કરેલ ભારતીય શિલ્પકળાની અનેક નાનીમોટી ઉત્તમ કૃતિઓનો સંગ્રહ સ્વ. મધુરીબેનની સ્મૃતિમાં તેમના કુટુંબીજનોએ આ સંગ્રહાલયને અર્પણ કર્યો છે. આમાં અન્યાન્ય સ્રોતો દ્વારા મળેલ બીજાં શિલ્પો ઉમેરાતાં આ શિલ્પવિથિ ભારતની વિવિધ શિલ્પશૈલીઓની પ્રતિનિધિ કૃતિઓનાં સંગ્રહસ્થાન જેવી બની ગઈ છે. ઇસવી સનની બીજી શતાબ્દીથી લઈ છેક સત્તરમી શતાબ્દી સુધીના સમય પર વિસ્તરેલ શુંગ, ગુપ્ત, પાલ, ચૌલ, ચાલુક્ય આદિ અનેક



'માળવા શૈલીમાં ચિત્રિત ભાગવત પુરાણનું એક ચિત્ર.
આશરે ઈ. સ. ૧૬૯૦

રાજવંશોના સમયમાં વિવિધ પ્રદેશોમાં નિર્મિત શિલ્પો અહીં એકઠાં કરવામાં આવ્યાં છે. અહીં માટી, પથ્થર, ધાતુઓ અને કાષ્ઠમાં કંડારાયેલ હિન્દુ, બૌધ્ધ અને જૈન એ ત્રણે પ્રાચીન ભારતીય ધર્મપરંપરાના માન્ય દેવદેવીઓની મૂર્તિઓ સંગૃહીત છે.

સ્વ. મધુરીબેનના સંગ્રહમાં દક્ષિણ ભારતની ચૌલ શૈલીની કેટલીક સુંદર મૂર્તિઓમાં ઇ.સ. નવમી સદીની, કાળા પત્થરમાં કોતરાયેલી, ચૌલ શૈલીની બધી લાક્ષણિકતાઓ સાથેની બ્રહ્માની ઊભી મૂર્તિ અત્યંત ચિત્તાકર્ષક છે.

ગુપ્તકાળ પછીની લગભગ સાતમા સૈકાની કાર્તિકેયની અર્ધપ્રતિમા (bust) પ્રસ્તરમાં કંડારાયેલી એક દુર્લભ પ્રતિમા છે, જેમાં સુકુમાર કાર્તિકેયની તરુણ મુખાકૃતિ અજીબ સજીવતા સાથે નિરૂપવામાં આવી છે.

અમદાવાદમાંથી જ ઉપલબ્ધ થયેલી દિગમ્બર જૈન પરંપરા મુજબની દેવી પદ્માવતીની ઇ. સ. ૧૯૩૯માં નિર્મિત થયાનો લેખ ધરાવતી કાંસ્ય પ્રતિમા તેની ચોવીસ ભુજાઓવાળી દેવીની આકૃતિના કારણે વિશિષ્ટ છે. આ જાતની ચોવીસ ભુજાવાળી પદ્માવતીની મૂર્તિ અદ્વિતીય છે.

એવી જ એક દુર્લભ કલાકૃતિ પ્રસિધ્ધ બૌધ્ધ દેવી તારાની મૂર્તિ છે. શેઠ કસ્તુરભાઈના અંગત સંગ્રહમાંથી આવેલી કાળા પત્થરની ઊભી તારાની આ મૂર્તિ નાસિકા ભાગે સહેજ ખંડિત હોવા છતાં બાકીના બધાં જ અંગોપાંગોની નાજુક નકશી અને કમનીય ભંગિથી અજોડ સુંદરતા ધરાવે છે.

પાલનપુરથી પ્રાપ્ત થયેલી ભગવાન વિષ્ણુની, અનુમાને બારમા શતકની પ્રતિમા પણ ધ્યાનાકર્ષક છે.

સૌરાષ્ટ્રમાં ભાવનગર પાસેનું ઇતિહાસ-પ્રસિધ્ધ ઘોઘા બંદર જૈનોનું પ્રાચીન તીર્થસ્થાન રહ્યું છે. આજથી પચીસેક વર્ષ પહેલાં ત્યાંના જૈન દેવાલયના સમારકામ પ્રસંગે એક ભૂમિગૃહની દીવાલમાંથી આક્રમણકારોના ભયથી છુપાવી રાખેલ જણાતી લગભગ દોઢસો જેટલી તીર્થંકરોની પિત્તળની બનેલી લઘુ પ્રતિમાઓ મળી આવી હતી. ઇ.સ.ની દશમી સદીથી પંદરમી સદી સુધીના ગાળામાં બનેલી આ પ્રતિમાઓમાંથી મોટા ભાગની પ્રતિમાઓ આ સંગ્રહાલયને મળી છે. આ પ્રતિમાઓ પાંચસો વર્ષના ગાળાની જૈન ધાતુપ્રતિમાઓના અભ્યાસ માટેની ઉત્તમ સામગ્રી પૂરી પાડે છે.

આવો જ એક મહત્ત્વપૂર્ણ શિલ્પસમૂહ હારીજના વ્યાપારી હોવા છતાં જે એક ઉત્તમ ચિત્રકાર છે એવા શ્રી શાંતિભાઈ દોશીની દેશદાઝ અને જાગરૂકતાના કારણે વિદ્યામંદિરને પ્રાપ્ત થયેલ, જે હાલમાં સંગ્રહાલયમાં રાખવામાં આવેલ છે. હારીજ પાસેના માકા નામે નાનકડા ગામની સીમમાંથી એક પ્રાચીન જૈન મંદિરના ભગ્નાવશેષોમાંથી પ્રાપ્ત થયેલ પંદરેક જેટલી આરસમય શિલ્પોમાં વિખ્યાત ચાલુક્ય ગુર્જરાધીપ સિધ્ધરાજ અને મંત્રી સાંતૂકની મૂર્તિઓ સાથે કેટલીક સ્ત્રી-મૂર્તિઓ છે. વિક્રમની તેરમી શતાબ્દીના અંતભાગની આ મૂર્તિઓ પર તેના નિર્માતા અને નિર્માણ-સંવતના લેખો પણ ધરાવે છે. ગુજરાતના ઇતિહાસ અને સંસ્કૃતિના અભ્યાસની દૃષ્ટિએ આ શિલ્પો અતિમૂલ્યવાન છે.



ગ્રેનાઈટમાં બનાવેલ બ્રહ્માની ચૌલકાલીન પ્રતિમા
આશરે નવમી સદી

સંગ્રહાલયના પ્રથમ માળે આવેલ સ્વ. મુનિ પુણ્યવિજયજી ચિત્રવિથિ લઘુચિત્રો - ખાસ કરીને ગુજરાત-રાજસ્થાનમાં વિકાસ પામેલી અને હજારો જૈન-જૈનેતર હસ્તપ્રતોમાં પ્રસંગચિત્રો, કથાનકચિત્રો કે વ્યક્તિચિત્રો રૂપે આલેખાએલ ચિત્રોની વિશિષ્ટ શૈલીના લઘુચિત્રોના અલભ્ય અને અદ્ભુત નમૂનાઓથી ખચિત છે. અહીં ઇસવી ચૌદમી સદીથી વીસમી સદીના પ્રારંભ સુધીનાં ચિત્રો કાળક્રમાનુસાર પ્રદર્શિત થયાં છે. અલ્પસંખ્યક તાડપત્રીય પ્રતો અને કાગળની અનેક હસ્તપ્રતોનનાં ચિત્રોમાં અહીં એક તરફ કલ્પસૂત્ર, કાલકાચાર્ય-કથા, ઉત્તરાધ્યયન સૂત્ર, વિવિધ તીર્થંકરોનાં ચરિત્રો અને સંગ્રહણી-સૂત્ર જેવા જૈન ગ્રંથોના નમૂનારૂપ સચિત્ર હસ્તપ્રતોનાં ચિત્રો છે તો બીજી બાજુ જૈનેતર ગ્રંથોમાંના ભાગવત, દેવીભાગવત, મહાભારત આદિની હસ્તપ્રતોનાં ચિત્રો છે. ગુજરાત-રાજસ્થાનમાં પ્રચલિત મધુમાલતી, ઢોલામારુની કથા, વિક્રમખાપરાચોરની ચોપાઈ જેવી લોકકથાઓની હસ્તપ્રતોનાં સુંદર ચિત્રો સાથે જ હસ્તીરોગ-ચિકિત્સા, અશ્વશાસ્ત્ર જેવા



૯મા સૈકામાં બનાવાયેલી તારાની પ્રતિમા

પ્રાણીવિજ્ઞાન-વિષયક હસ્તપ્રતોનાં ચિત્રો અને રતિરહસ્ય જેવા કામવિજ્ઞાનને લગતા પ્રાચીન ગ્રંથનાં ચિત્રો પણ છે. કલ્પસૂત્રની અનેક સચિત્ર હસ્તપ્રતોમાંથી કેટલીક સુવર્ણાક્ષરે અને રૌપ્યાક્ષરે લખાયેલ પ્રતો અહીં સંગ્રહાઈ છે. મુગલ કલમમાં આલેખાએલી કલ્પસૂત્રની એક અદ્વિતીય પ્રતના કેટલાંક દુર્લભ ચિત્રો અહીં જોવા મળે છે. હસ્તપ્રતોનાં લઘુ ચિત્રો ઉપરાંત અનેક ફુટકળ સુંદર ચિત્રો પણ પ્રદર્શિત છે. આમ, ગુજરાત-રાજસ્થાનની આગવી ચિત્રકળાની ઝાંખી કરાવતો અનન્ય ચિત્રસંગ્રહ અહીં જોવા મળે છે.

છેલ્લાં પાંચ વર્ષમાં સંગ્રહાલયે કેટલાંક નવાં ચિત્રો પણ ખરીદ્યાં છે, જે પ્રાય: રાજસ્થાનના મેવાડ, માળવા, ઉદયપુર, શીરોહી આદિની સ્થાનિક શૈલીઓમાં ચિત્રિત છે. ૧૭મી સદીના આરંભમાં 'નલદવદંતી રાસ'ની હસ્તપ્રત આનો એક સુંદર નમૂનો છે...

મુનિ પુણ્યવિજયજીના હાથમાં લાખો હસ્તપ્રતો ફરી ગઈ હતી. આથી પ્રાચીન લેખનકળા અને લિપિઓ વિશેનું પણ અગાધ જ્ઞાન એમણે સંચિત કર્યું હતું. તેમનું એ જ્ઞાન તેમની 'જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા' નામક કૃતિમાં જોવા મળે છે. એમણે લેખન માટેનાં પ્રાચીન સાધનો અને લિપિઓના નમૂનારૂપ અનેક પ્રતોનો સંગ્રહ પણ કર્યો હતો.

આ લેખનકળા-વિષયક સામગ્રી અને લિપિના નમૂનાઓ પણ અહીં જોવા મળે છે. આમાં ઉપદેશમાલા-ટીકાની ૧૨મી સદીની તાડપત્રીય હસ્તપ્રત લેખનશૈલીના એક અજોડ નમૂનારૂપ છે. તાડપત્રીય પ્રતોના રક્ષણાર્થે તેની બન્ને બાજુ મુકાતી કાષ્ઠપટ્ટિકાઓ પ્રાચીનકાળમાં સુંદર ચિત્રોથી અલંકૃત કરવામાં આવતી. આવી કાષ્ઠપટ્ટિકાઓમાંથી એક જેસલમેરથી પ્રાપ્ત ૧૨મી સદીની સોળ વિદ્યાદેવીના ચિત્રાંકનવાળી કાષ્ટપટ્ટિકા તેની ઉત્કૃષ્ટ ચિત્રકળાથી કાષ્ઠ પરનાં ચિત્રોમાં સર્વશ્રેષ્ઠ હોવાનો દાવો કરી શકે એટલી સુંદર છે.

હસ્તપ્રતોના લઘુચિત્રોની માફક જ આ ગેલરિ વસ્ત્ર પરનાં ચિત્રો જેવાં કે તીર્થપટો, મંત્રપટો, સચિત્ર વિજ્ઞપ્તિપત્રોનો પણ મહત્ત્વપૂર્ણ સંગ્રહ ધરાવે છે.

વસ્ત્ર પરના ઉપલબ્ધ જૂનામાં જૂના ચિત્ર તરીકે ઓળખાવાતો ઈ. સ. ૧૪૩૩માં ચાંપાનેરમાં બનેલો પંચતીર્થપટ અહીં પ્રદર્શિત છે.

વિજ્ઞપ્તિપત્રોમાં લોકપ્રિય મોગલ શૈલીમાં, જહાંગીરના દરબારી ચિતારા શાલિવાહન દ્વારા ઈ.સ. ૧૬૧૦માં ચિત્રિત એક વિજ્ઞપ્તિપત્રનો સમાવેશ થાય છે. આ વિજ્ઞપ્તિપત્રમાં આગરાના જૈન સંઘે દેવપાટણ-સ્થિત જૈનાચાર્ય વિજયસેનસૂરિને આગ્રામાં ચાતુર્માસ કરવાની વિનંતી કરતા પત્ર સાથે બાદશાહ જહાંગીર દ્વારા જૈન મુનિને અર્પણ કરાતા અમારિઘોષણાપત્ર પ્રસંગનું હુબહૂ આલેખન થયું છે. આનું ઐતિહાસિક મૂલ્ય સમજી શકાય તેમ છે. તો પાલનપુરથી ઈ.સ. ૧૬૪૨માં ચિત્રલિપિમાં લિખિત એક ચિત્રકાવ્યપટ પણ મહત્ત્વપૂર્ણ છે. આ ઉપરાંત અઢી દ્વીપનો પટ, શત્રુંજય તીર્થપટ, પાર્શ્વનાથ મંત્રરાજપટ, વર્ધમાનવિદ્યાપટ, સૂરિમંત્રપટ આદિ વિવિધ પટો જેવી સામગ્રી સાંસ્કૃતિક મૂલ્ય ધરાવે છે.

સ્વ. મધુરીબેન દેસાઈના સંગ્રહમાંથી બન્ને બાજુ સરખી છાપ ઉપસાવતા ચંબામાંથી (હિમાચલ પ્રદેશ) પ્રાપ્ત ૧૮મી સદીના ચંબારૂમાલ અને બીજા ભરતકામના નમૂના જેવા કેટલાક આકર્ષક વસ્ત્રકળાનાં નમૂનાઓ પણ અહીં પ્રદર્શિત છે.

આજ વિથિમાં એક કાષ્ઠકલા વિભાગ છે, જેમાં સત્તરમા શતકના ગુજરાતની કાષ્ઠકલાના સુંદર નમૂનાઓ પ્રદર્શિત છે.

શેઠ કસ્તુરભાઈના અંગત કલાસંગ્રહમાંથી અહીં પ્રદર્શિત અનુમાને અઢારમા સૈકાનું એક કાષ્ઠમય ઘરદેરાસર પાટણમાંથી મળેલ છે, તે ગુજરાતમાં તે કાળે થતા સુંદર કાષ્ઠકામની ગવાહી પૂરે છે.

આ ગેલરિમાં મૂકવામાં આવેલી શિરપુર(મ.પ્ર)થી પ્રાપ્ત થયેલ પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવની કાંસ્ય (આશરે સાતમા સૈકાની) પ્રતિમા પ્રાપ્ય જૈન ધાતુમૂર્તિઓમાંની એક અદ્ભુત કલાત્મક મૂર્તિ છે.

ગયા વર્ષે આ ગૅલરિમાં ઉમેરાયેલ સિક્કાવિભાગ પણ શરૂઆતથી જ ખાસ્સો સમૃદ્ધ છે. પ્રદર્શનાર્થે સોંપાયેલ આ સંગ્રહમાં ઇ. સ. પૂર્વે ૬૦૦ લગભગની મહાવીર અને બુદ્ધના સમયના, ગંધારથી મળેલ આહત સિક્કાઓ, ઇ.સ.ની શરૂઆત લગભગના ગ્રીક-રોમન સિક્કાઓ, ઉત્તર ભારતના શકકુષાણ સિક્કાઓ, પશ્ચિમ ભારતીય ક્ષત્રપોના સિક્કાઓ, સલ્તનતકાળના ગુજરાતના સિક્કાઓ અને મુગલકાળના અકબરના દીને ઇલાહીના લખાણવાળા તથા જહાંગીરના રાશિઓની આકૃતિઓવાળા સિક્કાઓ ઉપરાંત આઝાદી પછીના ભારતના સ્મૃતિરૂપે બહાર પડાયેલા સિક્કાઓનો પણ સમાવેશ થાય છે.

આ જ રીતે અમદાવાદ એજ્યુકેશન સોસાયટી તરફથી શ્રીમતીબેન ટાગોરનો અંગત સંગ્રહ હમણાં જ સંગ્રહાલયને પ્રદર્શનાર્થ મળ્યો છે, જેમાં નેપાલી ધાતુ અને કાષ્ઠશિલ્પો તથા પ્રસિદ્ધ ટાગોર પરિવારના અવનીન્દ્રનાથ, ગગનેન્દ્રનાથ અને રવીન્દ્રનાથ ટાગોર આદિના સુંદર ચિત્રોનો સમાવેશ થાય છે.

તાજેતરમાં સંગ્રહાલયના મકાનમાં અંદાજે રૂ. ૨૦ લાખના ખર્ચે નવી પાંખ ઉમેરાઈ રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના સંસ્કારકેન્દ્રમાં વર્ષોથી કેદ પડેલ જગતપ્રસિદ્ધ એન.સી.મહેતા ચિત્ર-સંગ્રહ આ નવા વિભાગમાં પ્રદર્શિત કરવામાં આવનાર છે તેમ જાણવા મળ્યું છે. બ્રિટિશ રાજ્યવેળાના ગુજરાતી અમલદાર એન.સી. મહેતા ભારતીય ચિત્રકળાના અચ્છા મર્મજ્ઞ અને સંગ્રહકાર હતા. તેમણે પોતાના જીવનકાળ દરમિયાન વિવિધ ભારતીય ચિત્રશૈલીઓનાં સેંકડો અદ્ભુત લઘુચિત્રો એકઠાં કર્યાં હતાં. આઝાદી પછી તેમના કુટુંબે આ ચિત્રસંગ્રહ ગુજરાત મ્યૂઝીઅમ સોસાયટીને સોંપેલ. ગુજરાતના ગૌરવ જેવો આ સંગ્રહ દશકાઓ સુધી આશ્રયહીન રહીને હવે યોગ્ય આશ્રમ પામશે એ ગુજરાત માટે સદ્ભાગ્યની વાત છે. આપણે ઇચ્છીએ કે આ સંગ્રહનાં ચિત્રો યથાયોગ્ય કાળજી સાથે પ્રદર્શિત થાય અને ગુજરાતની જનતા અને ચિત્રકળાના અભ્યાસીઓ એનો પ્રચુર લાભ લે.

ભારતીય કળાના વિદ્વાન અને સંગ્રહાલયના નિષ્ણાત ડૉ. શ્રીધર અંધારે સેવા આપી રહ્યા છે. તેમની સહાયમાં આસિસ્ટન્ટ ક્યૂરેટર તરીકે ગુજરાતી ચિત્રકળાના વિશેષજ્ઞ શ્રી લલિતકુમાર સેવા આપે છે. સંગ્રહાલયને આધુનિકતમ બનાવવા બન્નેએ પોતાની સમગ્ર શક્તિઓ કામે લગાડી છે. અમદાવાદ અને ગુજરાતના નિવાસીઓમાં, ખાસ કરીને વિદ્યાર્થીઓમાં, સંગ્રહાલય-વિષયક રુચિ કેળવાય તે માટે તેમણે અનેકવિધ જાહેર વ્યાખ્યાનો, પ્રદર્શનો અને અન્ય પ્રવૃત્તિઓ પ્રયોજી છે, જેમાં સિંધુ ખીણની સંસ્કૃતિ વિશે સામાન્યજનો અને શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ આપી શકે એવી એક વિશિષ્ટ વિથિની રચના મહત્ત્વપૂર્ણ છે. ઇ.સ.૧૯૮૭થી ગુજરાતભરના શિક્ષકો અને વિદ્યાર્થીઓ આ વિથિનો લાભ લઈ રહ્યા છે.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને કળાનાં વિવિધ પાસાં પર સમયે સમયે તજજ્ઞ વિદ્વાનોનાં વ્યાખ્યાનો અને સ્લાઈડ-શો ગોઠવવા ઉપરાંત સંગ્રહાલય ભારતીય કળાના ઇતિહાસ સાથે સંકળાયેલ સંગ્રહાલય શાસ્ત્રના વિષયો પર શિબિરોનું આયોજન પણ કરે છે અને સમયે સમયે ગુજરાતના પુરાતત્ત્વીય વિશેષતા ધરાવતા પાટણ, લોથલ, મોઢેરા જેવાં સ્થળોના શૈક્ષણિક પ્રવાસો પણ યોજે છે. અમદાવાદના સ્થાનિક વ્યક્તિગત કળાસંગ્રહો ધરાવનારાઓના નિવાસસ્થાનોએ લઈ જઈને અભ્યાસીઓ તથા રસિકોને આ સંગ્રહો જોવા-ભણવાનો લાભ આપવાની એક સરસ પ્રવૃત્તિ પણ સંગ્રહાલયે તાજેતરમાં શરૂ કરી છે. □

* લેખક આ લેખના ચિત્રો માટે લા.દ. સંગ્રહાલયનો અને વિગતો માટે શ્રી લક્ષ્મણભાઈ ભોજક તથા શ્રી લલિલતકુમારનો આભાર માને છે.

અનુસંધાન) પાર્વતીબાઈ આઠવલે (પૃ. ૫ પરથી

છેવટે ૨૦ એપ્રિલ, ૧૯૨૦ને દિવસે પાર્વતીબાઈએ સ્વદેશયાત્રા આરંભી. લંડન અને પૅરિસ થઈને તેઓ ભારત આવવા નીકળ્યાં. જે સ્ટીમરમાં તેઓ યાત્રા કરી રહ્યાં હતાં તે જ સ્ટીમરમાં કવિવર ટાગોર પણ હતા. કવિવર જેવા સહયાત્રી મેળવ્યા બાદ પાર્વતીબાઈની યાત્રા યાદગાર ન બની રહે તો જ આશ્ચર્ય. એ દિવસોની કાવ્યસભર દરેકે દરેક સાંજ તેમના જીવનની મૂડી બની રહી. ૧૫ જુલાઈ, ૧૯૨૦ને દિવસે ભારતની આ વિરલ પુત્રીએ ભારતની ધરા પર ફરી પગ મૂક્યો ત્યારે તેમની આંખમાં આનંદનાં આંસુ હતાં. એક વિધવા થઈને પોતાનું જીવન-ધ્યેય પ્રાપ્ત કરી શકવાનો તેમને પરમ સંતોષ હતો. સાથે જ ગુરૂ અને ઈશ્વર પ્રત્યે ભારોભાર આભારની લાગણી પણ કે જેમની કરુણાથી તેમનું સ્વપ્ન વાસ્તવિકતામાં પરિણમ્યું હતું. આંસુથી છલકતી તેમની પારદર્શી આંખોમાં એક અનન્ય સ્વપ્ન રમી રહ્યું હતું—પોતાની હજારો વિધવા બહેનો દુઃખ અને પીડાનાં આંસુથી ભરેલ આંખોમાં આવું જ કોઈક નવું સ્વપ્ન આંજવાનું સ્વપ્ન. □

અનુસંધાન) ક્રિકેટ-૬ (પૃ. ૧૩ પરથી

બૅકલિફ્ટ વાપરી પાછળ ગયા વગર બૅકફૂટથી રમે છે. આને પરિણામે કાં તો એ ટાઈમિંગ ગુમાવે છે અથવા તો દડાને ખેલવા માટે પૂરી જગા કરવામાં નિષ્ફળ જાય છે.

આવી રીતે ખેલવા જતાં એક સાવધાની એ રાખવી જોઈએ કે બૅટ અથવા પગની એડી સ્ટમ્પને અડી જાય નહીં. આમ થાય તો હિટ વિકેટથી આઉટ થવાની પૂરી શક્યતા રહે. ડેસમન્ડ હેઈન્સ જેવા ચુનંદા બૅટ્સમૅન પણ આવી રીતે હિટ વિકેટ થયા છે. બૅકફૂટથી રમવા જતા ક્યારેક દડો ઝડપથી અંદર આવતા બૅટ્સમૅનને હાથથી અટકાવાનનો લોભ જાગે છે અને એને પરિણામે એ હૅન્ડલ ધ બોલ'ને કારણે આઉટ થાય છે. ઑસ્ટ્રેલિઆના સીડનીના મેદાન પર ૧૯૮૬ની ૯મી ફેબ્રુઆરીએ બેન્સન ઍન્ડ હેજીસ વર્લ્ડકપ સીરીઝની બીજી ફાઈનલ મૅચમાં ઑસ્ટ્રેલિઅન સ્પિનર ગ્રેગ મેથ્યુસના દડાને હાથથી અટકાવવા જતાં મોહિન્દર અમરનાથ આ રીતે આઉટ થયો હતો.

(ક્રમશઃ)

મેળો મળે જ મળે

બકુલ ત્રિપાઠી

કહો જોઈએ આપણી ભાષામાં 'મા' જેવો ભાવસમૃદ્ધ શબ્દ બીજો કયો? મારી લાગણી કહું? ઊછળતો, ઊભરાતો, છલકાતો એવો બીજો શબ્દ છે - 'મેળો'!

કદાચ મને જ એમ લાગતું હશે. કેટલાક લોકો મેળાથી કંટાળે છે પણ ખરા; ગિર્દી, ઘોંઘાટ, અંધાધૂંધી, ધક્કામુક્કી...કદાચ એમની વાત ખરી છે. પણ મને તો મેળાનું બસ ઘેલું જ છે. મારું જીવન મેળાથી મેળાથી મેળાથી મેળો એવી યાત્રા બની રહ્યું છે! બે મેળાની વચ્ચેય મેળો ચાલુ હોય છે. આનું એક કારણ છે; હું મેળામાં જાઉં છું ત્યારે મારા ભાગનો મેળો હું સાથે લેતા જાઉં છું!

મેળો લીધા વિના જ મેળામાં જઈએ તો કદી મેળો ન મળે! ને લઈને જાઓ તો મેળો મળે જ મળે! કેવો મળે! બસ!

પણ હમણાં કંઈક જુદું જ થઈ ગયું.

અમે મેળામાં ગયા... અને... મેળો નહોતો! હમણાં જ થોડા દિવસ પહેલાં જ.

મારો પોતાનો મૂળ મેળો એ ચિત્રેસરનો મેળો! એ મારો લાડકો મેળો. એ મારો પહેલો મેળો; આવડોક હતો હું! એ મેળામાં માણેલી ચગડોળોમાં તો પછી જીવનભર વર્ષો સુધી દિનરાત ઘૂમ્યા કર્યું છે. અને એ દિવસોમાં કાનમાં વાજતેગાજતે રેલાયેલા ઝાંઝ-પખાજ, ભેરી, ભૂંગળાં... અને ગીતોના સૂર ઘોડલિયું ધમ્મકે છે... તેય દાયકાઓના દાયકાઓ મનમાં ગૂંજ્યા કર્યા છે! અરે, તે દિવસે લીધલુંને એક પૈસાનું પિપૂડું, લીલો ઝીણો કાગળ એના પર લાહીથી ચોંટાડેલો. છેડેથી ગુલાબી. તે હોઠે લગાડીએ ત્યારે ભીનું થાય, અને હોઠ સહેજ ગુલાબી થાય, તે પિપૂડું તો આજે ય ધારું ત્યારે વગાડી શકું છું... અરે એ તો મારું જાદુઈ માદળિયું છે! તાકાત છે વાસ્તવ જીવનનાં ભૂતપ્રેત ડાકણપિશાચ તાવતરિયાની કે મારા મનમાં ધૂસે ? પૂંઉઉઉં કરીને વગાડું છું અને એ જાય ભાગતાં! અને હું ખિલખિલાટ હસી પડું છું. અરે, હમણાંની જ વાત કહું. એક યુદ્ધમાં જબરજસ્ત હાર ખાધી! ક્ષણેક તો થયું કે... પણ ના! મારી પાસે તો જાદુઈ પિપૂડું! ક્યું? પેલા ચિત્રેસરના મેળાવાળું! આપણે તો વગાડ્યું, પૂંઉઉઉઉ... અને થઈ ગયો મારી આસપાસ મેળો જ મેળો... હસતો-રમતો, હોંશીલો, ઝૂલતો ડોલતો, ઊભરાતો, ઊછળતો મેળો! ઘોડલિયું ધમ્મકે સે...!

ચિત્રેસરના મેળામાં છેલ્લે ગયાને દાયકાઓ થયા અને ઠંડી હવા અને શ્રાવણ હમણાં એટલે આસન્ન પ્રસવાને વેણ ઊપડેને એમ વર્ષાએ મનમાં વેદના ઊછળી : ચિત્રેસરના મેળામાં જવું છે! કાનમાં બસ, વાગવા જ માંડ્યાં મંજીરાં અને પખવાજ! રૂંવાં ઊભાં થઈ ગયાં! જવું જ!

જો કે લીધો મિત્રોનો કાફલો. હાલો દોસ્તદારો, તમને લઈ જાઉં મારા જાદુઈ દેશમાં! ત્રણ મોટરો લીધી અને અમે ધડધડાટ ઊપડ્યા. જોડે એમણે લીધાં છ થર્મોસ અને અડધો ડઝન વોટર બૉટલ્સ! મારે તો આ શુદ્ધ જલ ગોમાટી બરાબર રહેવાનું હતું. આપણે તો ચિત્રેસર જઈને ખોબે પાણી પીવાના લોટે લોટે રેડાતું એક બાવાજી અમને પાણી પાતા તે! "અરે, ક્યા કરતે હો... બચ્ચે... ક્યા કરતે હો?" એમ બોલતા અમને ટોળાને હઠાવતા જાય, અમે ધસતા જઈએ, થોડું પાણી પિવાય, બાકીનું છબછબિયાં કરવામાં વપરાય! 'પાની' એવું મંદિરની બાજુની સફેદ દિવાલે લખેલું બાળબોધમાં કોલસાથી!

અમે તો ધમધમાટ ઊપડ્યા... હું સૌથી આગળ પહેલી ગાડીમાં આગલી સીટે... આ વખતે તો શ્રીકૃષ્ણ ચાલ્યા છે રુક્મિણીને લઈને, સાથે યાદવ સાથીઓ સામંતોને લઈને, આખીય ઝળહળતી દ્વારિકાને સાથે લઈને, સામેથી જઈને; ઉપરથી કરીને, બાળસખા સુદામાને ભેટવા... ના હોં! ખોટું કહ્યું મેં. સુદામા ચાલી નીકળ્યા છે ઉમંગના તાંદુલ લઈને સાગરહૈયાના અનંતપ્રસન્ન શ્રીકૃષ્ણને, બાળસખાને પ્રણમવા...

અમે ચિત્રેસર પહોંચ્યા. મેળો નહોતો ત્યાં! ખરેખર! સૂમસામ!

આમતેમ ફરું. પેલ્લાં ઘર, એ ય, એ જ. આ રહ્યા તે રેલના પાટા, એ જ. પેલું સંધ્યાના પ્રકાશમાં રતુંબડું થવા જતું સફેદ મંદિર, એ જ! એની ધજા નવી લાગે છે. એ તો હોય. મારા માથા પરની ધજાનો રંગ પણ નવો આવી રહ્યો છે, રૂપેરી. એ તો કારસ્તાન તોફાની બારકસ સમયનાં. પણ, મંદિર તો એ જ. પણ ટોળાં કેમ નથી? ત્યાં ત્રણ વળીઓ વાંકી વળી ગયેલી ઊભી છે. વળી ત્યાં પેલી બાજુ એક પડી છે. પિપૂડાંનાં, ફરકડીનાં રંગીન કાગળિયાં આમતેમ ઊડ્યાં કરે છે. મૃત બાળકને જન્મ આપ્યો છે જેણે એવી ઉદાસ માતા જેવી નખાઈ ગયેલી માટલી પાસે ઠીકરું. સૂતળીનાં ગૂંચળાં, તૂટેલાં, ટુકડા ટુકડા અને વેરાયેલી લાંબીટૂંકી સળીઓ. એ તીરકામઠાં હશે? જે અર્ધગોળ વળેલાં છે તે તો ધનુષ્ય હશે રામલક્ષ્મણનાં. પણ જે સીધી છે તે? તીર? કે ફરકડી? તીરને ઊડવાનું મળે. ફરકડીના સાંઠીકડાને તો મુઠ્ઠીમાં ભિડાઈ રહેવાનું. કંઈક ઊડે રમે ધૂમે તો તે કાગળની ચકરડી. કેટલીક સળીઓ આમ વાળીને કોઈએ તાડી નાખી છે. શા માટે તોડી નાખી હશે? ત્યાં પેલે છેડે પીલુડી નીચે એક કુટુંબ બેઠું છે. પુરુષ, સ્ત્રી, બે બાળકો. જોડે માલસામાનનાં પોટલાં છે. ચાદરું પાથર્યું છે ભોંયે. પૂછ્યું, તો કહે, "મેળામાં હાટ માંડેલું. હવે ઘેર જઈશું ને? ગાડું આવે છે."

"મેળો? ક્યાં?"

"મેળો આજે શાનો? ગોકળઆઠમ તો કાલ ગઈ!"

મને મારા પર ગુસ્સો ચડ્યો. મારી ખોપરીને તોડી નાખું અને અંદરથી સ્મૃતિના ગૂંચવાયેલા ગુચ્છાને કાઢીને તોડીફોડી વીંખીપીંખીને ફેંકી દઉં એવો ગુસ્સો ચડ્યો... આટલું પણ યાદ નહિ? ચિત્રેસરનો

મેળો તો ગોકળ આઠમનો. આ જ તો પધાર્યા છીએ અમે મહારાજા લાવલશ્કર સાથે ગોપ નવમીની શાંત સંધ્યાએ.

મંદિરમાં ગયો. વાસી ફૂલના ઢગલા. થાક થાક. પાણી પીવા ન મળ્યું. બાવાજી પાછલે ઓટલે ઘોરતા હતા. ન ઉઠાડ્યા. સાચેસાચ રાજર્ષિ નીરખે અને આપણને દૃષ્ટિશાપે પેલી ચકલીને કરેલું તેમ બાળી નાખે તો? આમે ય પતરાનું મોટું પવાલું આડું પડી ગયેલું. પાણી ઢોળાઈ ગયેલું. રેતીમાં ભીનાશનો સાથિયો પુરાયેલો હતો.

છતાંય મંદિરને ઓટલે બેસીને આંખો મીંચી દેત અને પ્રોસ્પેરો બનીને પળમાં ત્યાં મેળો ખડો કરી દેત અને હું - મંત્રતંત્રનો જાણકાર છું! પછી બાવાજી આવત... અને જગાડીને પૂછત, "ક્યો બેટા? ક્યા ચાહિયે?" હું કહેત, "જય રામજીકી બાવાજી, પાની પીના હૈ." એ કહેત, "અબ કા પાની તો ઢલ ગયા બેટા... ફિર કભી આના..."

કે કદાચ મને મંદિરની ઓરડીમાં લઈ જઈને પંચાજીરી આપત... પણ પેલાઓનાં હોર્ન ભૂંકવા માંડ્યાં હતાં - ઓહ શિટ! વી હેવ વેસ્ટેડ ઈનફ ટાઈમ ઈન ધીસ - ગોડ ફોરસેક્ન પ્લેસ..."

માણસો નથી હોતા ત્યારે મેળો કેવો સૂમસામ લાગે છે! પવનમાં આમતેમ ઊડી રહેલી કાગળની ચબરખીઓ...

પણ ફરીફરીને વર્ષોવર્ષ એ ચબરખીઓ જીવતી થઈ જાય છે અને ફરકડીઓ બનીને પ્રફુલ્લ ફરફરવા માંડે છે! વર્ષોવર્ષ!

પેલી માટલીનાં ઠીકરાં ઓગળી જશે. એકરસ બની જશે ભૂમિ જોડે, અને ફરી ચાકડો ફરશે, અને નવી માટલી પોતાની આસપાસ મેળો ઊભો કરી દેશે. શ્રદ્ધા રાખવી.

લોભિયણ શ્રદ્ધા નહિ, રમતિયાળ હસતી રમતી શ્રદ્ધા. કદાચ કાલનો મેળો આજના મેળા જેવો નહિ હોય. કદાચ મેળો હશે પણ મેળા જેવો નહિ લાગે. કશું ય અસંભવિત નથી અને કશું ય કોઈને માટે થતું નથી. એ મેળો એવો હશે કે અમને મેળા જેવો નહિ લાગે, તો પણ એ મેળો હશે જ. સો ટચની કસોટી એક જ... અહીં માણસો છે? તો આ મેળો છે!

ના, ના, નહિ! માણસો હશે છતાંય મેળો નહિ હોય, જો તમારા મનમાં મેળો નહિ હોય તો!

"પછી... ચિત્રેસરને મેળે તમે બધા જવાના હતા તે... જઈ આવ્યા?" મિત્રો પૂછે છે, તો હું કહું છું, "હા ખૂબ મઝા આવી."

જો કે જે સાથે આવેલા તે મિત્રો પ્રચાર કરે છે, "જૂઠો છે! ત્યાં વગડો હતો! અમને ધરમધક્કો ખવડાવ્યો!"

હું કહું છું, "કેમ વળી? પેલાં ઘેર જવાની રાહ જોઈને બેઠેલાં પોટલાવાળાનાં બે ટીણિયાંઓએ આપણી ગાડીઓ ધૂળ ઉડાડતી પાછી વળી ત્યારે પિપૂડાં નહોતાં વગાડ્યાં, પૂંઉઉઉઉ કરતા? અને પછી એ ખિલખિલાટ હસી પડેલાં અને એમની મા પણ હસેલી મોં આડે છેડો ખેંચીને..." "હા...તે?"

"એ મેળો!" હું કહું છું અને એમનાં ગુસ્સાભર્યાં મોં સામે કાલ્પનિક પિપૂડું વગાડું છું - પૂંઉઉઉઉ! □

લઘુકથા

ટોળું

મુકુન્દ ભટ્ટ

ટોળું...!

ટોળામાંની એ...કે એક વ્યકિતમાં બદલાની આગ ભભૂકી ચૂકી હતી. આંખોમાંનો આક્રોશ હવે બર્બરતાનું વરવું રૂપ લઈ ચૂક્યો હતો. કેટલાકને નિર્મમ રીતે ઢાળી દીધા હતા, કેટલાક ગંભીર રીતે ઘવાયા હતા.

દૂ...રથી કોં'ક વ્યકિત આવતી જણાઈ. ટોળામાં એકાએક આક્રમણ—ઉત્તેજનાની લ્હેર ફરી વળી! નમતી સાંજના ઝાંખા અજવાળામાં સૌ કોઈએ હાથ સાબૂત કર્યા. ક્યાંક ધારિયું તોળાયું તો ક્યાંક પાઈપ પર પકડ સજ્જડ બની! ધીમે-ધીમે પેલી વ્યકિત નજીક આવતી જણાઈ. ક્ષણવારમાં તો ટોળું વંટોળ બની ચૂક્યું! ચારેબાજુ, 'મારે-મારો, કાપી નાખો'ના ઉશ્કેરાટભર્યા અવાજો પડઘાવા લાગ્યા.

અરે...!! પણ... આ શું??? આ વ્યકિત સ્વસ્થ છે કે પાગલ? કેમ જીવ બચાવવા પાછા પગલે ભાગી નહીં?? કેમ ધ્રૂજતા હાથ અને થરથરતી જીભ દયાની ભીખ માંગતી નથી???

ટોળાને પણ ઘડીભર નવાઈ લાગી, તે ખમચાયું. નિશ્ચલ રીતે બીડાયેલા હોઠ, ભયરહિત આંખો અને અડગપણે ઊભેલી આ વ્યકિત ટોળાને કોઈ જુદી જ ભાસવા લાગી.

ટોળું અસમંજસમાં પડી ગયું હતું. કોણ પહેલ કરે ??

તેના બિડાયેલા હોઠ ખૂલ્યા અને તે બોલ્યો, 'તમારે.. મને...'

'હા... અમારે તને પતાવી...' ટોળામાંથી શબ્દોનો અગનગોળો ફેંકાયો.

'હું જાણું છું કે તમે બદલો લેવા મને મારી નાખવા માગો છો.'

'પણ...'

'હા... હા... તને' એકાએક ક્રોધભર્યા શબ્દોનું ગાંડુતૂર પ્રચંડ પૂર ઊમટી પડ્યું !

તે જરા પણ વિચલિત ન થયો.

'તો... લો આ તમારી સમક્ષ હું ઊભો છું. ઉપાડો હથિયાર અને કરો વાર...' તેના અવાજમાં અડગતા પડઘાતી હતી. 'કેમ કોઈ હાથ ઉપાડતું નથી ?? હું અહીં આવા તંગ વાતાવરણમાં કેમ આવ્યો છું ?'

હવામાં ઉશ્કેરાટભરી સ્તબ્ધતા તોળાતી રહી. તેણે ઝભ્ભાના ગજવામાંથી એક લાંબો કાગળ કાઢ્યો અને ધરી દીધો ટોળાના મોવડી સામે!! તેમાં કેટલાંક નામો હતાં... અંતે બે-એક લીટીમાં લખાણ હતું. - અમો આ સાથે સહી કરનાર દરેક વ્યકિત રક્તદાન કરી અકાળે બુઝાતા જીવન-દીપ જલતા રાખવા પ્રાણાંતે પણ તૈયાર છીએ.

પેલી વ્યકિત હજી જેમની તેમ ઊભી હતી, હિમાલય-શી અડગ. ટોળામાં થોડી ચહલ-પહલ થઈ, શબ્દોના ગણગણાટની માંખો ઊડવા લાગી, ધીમે ધીમે તોળાયેલાં હથિયાર હેઠાં મુકાયાં. □

એ એને અહીં ગોઠવશે. અહીં એટલે ખૂણામાં. ખૂણો એટલે અગ્નિ કે વાયવ્ય એની એને અવઢવ છે. બારી અને દીવાલની વચ્ચે ત્રિકોણ બનાવી ગોઠવાઈ ગયેલો એક ચોક્કસ ખૂણો એના મનમાં છે. કુંજાને એ ત્યાં જ ગોઠવશે. ચિત્રમય કુંજો. ચીનનો કુંજો. પ્રાચીન મિસરના પિરામિડમાંથી જડી આવેલો કુંજો. અરબસ્તાનનો કુંજો. લલનાઓની લાલાશમાં ભારોભાર બોળેલો, શિશુઓની પાંથીમાં હળવેથી ઓળેલો, યુદ્ધની તલવારો ટાંગેલો, રેવાલમાં દોડતા અશ્વોની હેષામાં ખૂંખારતો કુંજો. ઉષ્ણ, સિસકારતો, નગ્ન, વીર, શૃંગારી, છાકટો, લ્હેરી કુંજો. ટોપાવાળો અંગ્રેજસાહેબ અને અગિયાર વરહની ખેડુકન્યા વચ્ચે ઊભેલા દારૂના શીશા ઉપર સક્ષત પરીઓનાં ચિતરામણવાળો કુંજો. એ એને ગોઠવીને જ જંપશે. એને એટલે કે એક આદમકદ કુંજાને. એ એટલે અનિકેત, જિજ્ઞેશ, નીલેશ, અકબરઅલી, અમઝદઅલી, રોશનખાન, કંઈ પણ રાખો. પાછળ રંગવાલા, લાકડાવાલા, માંકડ, મચ્છર, હાથી, ઘોડા, સામવેદી, ચતુર્વેદી, પંડ્યા, પંડિત કંઈ પણ ઉમેરો. ચાલો, ઈલેશ રાખો. ઈલેશ તનસુખરાય અગ્નિહોત્રી, એમ. એ.

હા, તો ઈલેશનું મન ઘરની ભીંતો પરથી ઊતરવા માંડ્યું હતું. દીવાલ ઉપરનાં કેલેન્ડરો એનાં દુશ્મનો હતાં. ત્રીજી પંક્તિના ધંધાદારી કલાકારોનાં સાવ હલકાં પાપ જેવાં એ એને લાગતાં. 'હોય, પેટ હોય ત્યાં પાપ પણ હોય,' એ બબડતો. પ્રતિવર્ષ લાખો કેલેન્ડરનાં જન્મ રોકવા એ અસમર્થ હતો. નાનામોટા દેવો કેલેન્ડરમાં લટક્યા કરતા, ચિત્રપટના નટોની છાતીના વાળ ભાલાની જેમ ઉપસાવવામાં આવતા. તીર્થંકરોને આઘાત પહોંચાડે એ હદે મૌન પહેરાવાતું. ક્યાંક તો આંખ પડતાં જ બુદ્ધ નિર્વાણ પામી જતા. કેલેન્ડરો, કેલેન્ડરો. જેમ ગાવું પડે છે, બોલવું પડે છે એમ ચીતરવું પણ પડે છે. પરંતુ આ ગૂમડાં જેવાં ચિત્રો દીવાલો પર લટકાવ્યાં કરવાનો શો અર્થ? આ ચિતારાઓ તેત્રીસ કરોડ દેવોમાંથી એક પછી એક શોધીને એ દોર્યે જાય છે, પરંતુ ગટર પાસે ત્યજાયેલાં નવજાત શિશુઓની થીજી ગએલી આંખો કેમ નથી ચીતરતા? શોષાતી કામેચ્છા અને નાનકી ને નિર્દોષ વિધવાનું વચચિત્ર દોરોને! કોઈ ગળે ફાંસો ખાધેલાની ફાટી ગયેલી આંખોમાંથી મૃત્યુ પહેલાં આકાશમાં અનંત અનંત સુધી ફરી વળેલી નજરનો નકશો ઉતારોને?

ઈલેશ મોઢું ફેરવી લેતો. ફરી એક દીવાલ સામે આવી જતી. ફોટા, ચિત્રો, પૂતળાં, અરીસા - ઊડતાં તણખલાની જેમ એની આંખમાં પડતાં. બાપા સદાય બહારવટિયાની જેમ લટક્યા કરતા. છબીઓમાં સજીધજીને ઊભેલી સ્ત્રીઓ સતી થવાને શણગાર સજ્યા હોય એવી લાગતી. ઈષ્ટદેવના ફોટામાં તો મોં રાજાનું અને પગ તીકમ રાંટાના લટકાવ્યા હોય એવું લાગતું. નિરાકાર બ્રહ્મ હલકા રંગના લપેડામાંથી ચહેરો બહાર કાઢી તાક્યા કરતા. અરીસો એને ગમતો. કમભાગ્યે એક્સ-રે પડાવ્યો હોય એવી એની વાંકી દોઢી કાયા પર સારી ચામડી ક્યાંથી મઢાવવી એવો એને પ્રશ્ન થતો. આમ તો ક્યારેક બ્રહ્મજ્ઞાન થઈ જશે એવો એને ડર લાગતો. અને ફરી એકવાર એનું મન દીવાલો પરથી બધું ઉતારવા માંડતું.

કુંજો

લેખક : કનૈયાલાલ મ. પંડ્યા

બસ, એક જ કુંજો. આદમ કદનો. એ પણ ચોક્કસ ખૂણામાં ગોઠવાશે જ, પછી તો ઘર આખું સુખસુખ. કેલેન્ડરોને તરત પગ આવશે. પૂતળાં, ફોટા, ચિત્રો પીઠ પરથી ફગાવી દઈ ભીંતો થાક ખાશે. લક્ષ્યવેધી અર્જુનની જેમ એને માત્ર કુંજો જ દેખાય છે. એ પણ ચોક્કસ ખૂણામાં. નજર કંપનીના ક્વાર્ટરમાંથી, બ્લોક નંબર ૪૪ના મકાન નંબર ૮માંથી નીકળી એક ખૂણાને જ જુએ છે. બારીમાંથી ખૂણા ભણી વળેલો એક યમદૂત જેવો હાથ એકાએક રાક્ષસ જેમ રાજકુંવરીને હરી જાય એમ ઈલેશની નજરને હરી લે છે. "નખ્ખોદ જાય તારું ટપાલી. આ તો બ્લોક: ૪૩/૮વાળા જયદેવ સલ્લાની ટપાલ!" બારી અને દીવાલ વચ્ચે ત્રિકોણ બનાવી બેસી ગયેલા ખૂણા પરથી બબડતાં બબડતાં એક પરબીડિયું ઈલેશ ઉપાડી લે છે. ખેર, આ જયદેવ સલ્લાની નોકરીના ટર્મિનેશનની ટપાલ હોય તો આમ લખાવી જોઈએ:

યાદી

તમો શ્રી જયદેવ વાસુદેવ સલ્લા કે જેમણે કંપનીના ધારાધોરણ મુજબ ચામડીનું વજન કરાવવાનું રહેતું હતું તે તમોએ કરાવ્યું છે. કંપનીના માપદંડ કરતાં તમારી ચામડીનું પોત ઘણું પાતળું જણાતાં તમારી સત્યનિષ્ઠા, બાહોશી, પ્રામાણિકતા અને જેને તમો વ્યક્તિત્વ કહો છો એ બધું ઉમેરવા છતાં નિર્ધારિત માપદંડમાં એકાદ ઔંશથી વધારે કશો ઉમેરો થતો નથી. આ સંજોગોમાં તમો શ્રી જયદેવ વાસુદેવ સલ્લાને આ યાદી મળ્યાની તારીખે કચેરી સમય બાદ નોકરીમાંથી ટર્મિનેટ કરવામાં આવે છે.

કંપનીનું ક્વાર્ટર ખાલી કરી તેનો કબ્જો દિન ૬માં કંપનીને પરત સોંપી દેવો...

યાદીને એણે બેત્રણ વાર શબ્દોમાં ગોઠવી જોઈ. 'સાલું કશું ગોઠવાતું નથી. જાય બધું ચૂલામાં.' એ ફરી એકવાર બબડ્યો. બેઠો. લેંઘો સ્હેજ ઊંચો લીધો. ઊપસી આવેલા એક ગૂમડાને વલૂર્યા કરવા સિવાય એને જાણે કંઈ કામ નહોતું. ઘડીભર તો એને લાગ્યું કે ગૂમડા ઉપર ઊપસી આવેલી પેલી ચામડી જાણે કે ટર્મિનેટેડ જયદેવ સલ્લાની ચામડી છે. બારી અને દીવાલથી ત્રિકોણ બનાવી બેસી ગયેલા પેલા ખૂણામાં એણે ચૂપચાપ મોડે સુધી વલૂર્યા કર્યું. □

અંગ્રેજી સાહિત્યનું આચમન

રેસ્ટોરેશન ટ્રેજેડિ (હિરોઇક ટ્રેજેડિ)

ડૉ. મધુસૂદન પારેખ

પૂર્વભૂમિકા

રેસ્ટોરેશન કોમેડિમાં કોન્ગ્રીવ જેવા સર્જકમાં કોમેડિનું સમર્થ કલાસ્વરૂપ સિદ્ધ થયું હતું; અને ચાર્લ્સ બીજાના ફ્રાન્સની નવીન રંગરાગી સંસ્કૃતિમાં સારી પેઠે ઝબકોળાયેલા ચિત્તનો પ્રભાવ ઝીલીને, સામાજિક-નૈતિક મૂલ્યોનો ઉચ્છેદ કરીને પ્રેમ અને લગ્નની બાબતમાં 'બૌદ્ધિકતા'નો નવો અભિગમ અપનાવનારો એક નાનકડો ધનસંપન્ન સમાજ લંડન નગરમાં વિકસ્યો હતો. એ સમાજ રેસ્ટોરેશન કોમેડિમાં હૂબહૂ પ્રતિબિંબ થતો હતો.

પણ રેસ્ટોરેશન ટ્રેજેડિમાં એવી કોઈ સામાજિક વાસ્તવિકતા વરતાતી લાગતી નથી. રેસ્ટોરેશન ટ્રેજેડિના પ્રેક્ષકના કે વાચકના ચિત્ત પર પ્રથમ છાપ તેની અવાસ્તવિકતાની પડે છે. આ અવાસ્તવિકતા તે વસ્તુપ્રવાહની કે વિગતોની નથી; ઘટનાઓની તેમજ વિગતોની અસંભવિતતા તો ઘણી બધી - અરે દરેક ટ્રેજેડિમાં હોય છે; પરંતુ રેસ્ટોરેશન ટ્રેજેડિમાં તથ્યાતથ્યનો જે પ્રશ્ન ઉપસ્થિત થાય છે તે નર્મિની બાબતનો છે.

ટ્રેજેડિમાં નાયક જીવનનાં-વિધિનાં વિપુલ વૈચિત્ર્ય અથવા અવરોધોની સામે પોતાના શૌર્યને, સામર્થ્યને ચકાસતો હોય છે; અને અહીં જ કરુણતા અને ભય (pity and fear)ની સાધન તરીકે અજમાયશ થતી હોય છે. આમ ટ્રેજેડિમાં વ્યક્તિનું પૌરુષ આકરી કસોટીએ ચડે છે. ટ્રેજેડિમાં યુગની તાસીર (Temparament) પણ પ્રકટતી હોય છે.

૧૭મી સદીમાં ચાર્લ્સ બીજાના રાજ્યારોહણ પછી અમીર-ઉમરાવોનો સમાજ-સ્થાપિત મૂલ્યોને ઉથલાવીને સ્ત્રી-પુરુષના સંબંધમાં મુક્તવિહાર અથવા તો સ્વચ્છંદનો માર્ગ અપનાવી રહ્યો હતો; સામાજિક મૂલ્યોને પરિવર્તિત કરવાનો એ એક વિલક્ષણ પ્રયોગ હતો. ઊર્મિને સ્થાને બુદ્ધિને (Reason) કેન્દ્રમાં રાખીને સમાજની કાયાપલટ કરવાનો આ કીમિયો કામયાબ નીવડ્યો નહિ. થોડાં જ વર્ષોમાં પત્તાના મહેલની માફક એ પ્રયોગ પવનમાં ઊડી ગયો. સામાજિક મૂલ્યોની બાબતમાં ક્રાંતિનું જે મોજું ઊછળી આવ્યું હતું તે ખોટમાં ફેરવાઈ ગયું, લોકોની ભ્રાંતિ ભાંગી ગઈ અને મૂલ્યો વિશે ફેરવિચારણા શરૂ થઈ. આ સંજોગોમાં વિલાસની ગર્તામાં ગબડી પડેલા, કંતાઈ ગયેલી મનોવૃત્તિવાળા સમાજમાં વ્યક્તિ આસમાની-સુલતાની સામે ઝૂઝે, પોતાનો પુરુષાર્થ દાખવે એવો સંભવ જ ક્યાંથી?

એટલે એરિસ્ટોટલે જે પ્રકારનું ટ્રેજેડિનું સ્વરૂપ વર્ણવ્યું છે એને માટે રેસ્ટોરેશન યુગમાં ભાગ્યે જ કોઈ અવકાશ હતો. એરિસ્ટોટલે ટ્રેજેડિ માટે ભય અને કારુણ્ય એ બે તત્ત્વોની હિમાયત કરી હતી. તેમાં કોર્નેલે (Corneille) એક નવું તત્ત્વ - આનંદઆશ્ચર્ય (Admiration) ઉમેર્યું. કોર્નેલ પોતે ટ્રેજેડિકાર તરીકે ભય અને કારુણ્ય માટે આ નવું વિસ્મય અથવા તો આનંદઆશ્ચર્યનું તત્ત્વ કેટલે અંશે કામયાબ બની શકે તેમ છે તેનો પ્રયોગ કરી રહ્યો હતો. આમ તો એણે એરિસ્ટોટલે વર્ણવેલા ટ્રેજેડિ સ્વરૂપને જ લક્ષમાં રાખ્યું, પણ પ્રાચીન ટ્રેજેડિકારોથી એ થોડોક ફંટાયો પણ ખરો - એ બાબતમાં કે તેણે પોતાનાં ટ્રેજિક નાટકોમાં અધિનાયકોને (Heroes) સામાજિકોના પ્રેમપાત્ર બની શકે તેવા નિરૂપ્યા. કોર્નેલમાંથી પ્રેરણા લઈને રેસ્ટોરેશન યુગના ટ્રેજેડિકારોએ પણ ટ્રેજેડિનું એક નવું સ્વરૂપ-હિરોઇક ટ્રેજેડિનું (Heroic Tragedy) સ્વરૂપ ખીલવ્યું. અલબત્ત રેસ્ટોરેશન યુગના ટ્રેજેડિકારો માટે કોઈક ઐતિહાસિક અથવા કાલ્પનિક હીરો શોધવાનું મુશ્કેલ હતું. ચાર્લ્સ ૧લાના સમયમાં રાજા સામે માથું ઊંચકનાર હેમ્પડન હતો. (વહાણવેરાના વિરોધમાં તે અગ્રણી હતો) પણ બ્રૂટસની તોલે એ ન જ આવે; અને ક્રોમ્વેલ પણ અધિનાયક તરીકે ઐતિહાસિક પુરુષ હતો, પણ 'જુલિયસ સીઝર'માં સીઝરે સામાજિકોમાં જે ભય, કરુણતા વગેરે ભાવો જગાવ્યા તેવા આ ક્રોમ્વેલ જગાવી શકે? બીજી બાજુ, હિણાયેલી, નાસિપાસ થયેલી પ્રજાને શૌર્યની, પરાક્રમની ખેવના હતી. ચાર્લ્સ બીજાના રાજ્યઅમલ દરમ્યાન તો એ અસંભવિત વાત હતી. પ્રજાજીવનમાં શૌર્ય કે પરાક્રમ પ્રકટે એ તે યુગમાં કદાચ અસંભવિત વાત હતી. પણ કેટલીકવાર જીવનમાં ખૂટતી ભાવના પ્રજા કલાસ્વરૂપોમાં ખોજતી અને માણતી હોય છે. સત્તરમા સૈકામાં કલાસ્વરૂપ પાસે ભાવકોની આવી અપેક્ષા હતી જ અને નિબંધકાર ફ્રાન્સીસ બેકનનો આ પ્રકારની અપેક્ષાને પ્રબળ ટેકો હતો. તેણે લખેલું : ૧ કુદરતે માનવચિત્તને અમુક બાબતોમાં જે સંતોષ આપ્યો નથી તે સંતોષની કંઈક છાયા કાવ્યરૂપ આપી શકે. કાવ્યનું આ પ્રયોજન છે. પ્રજાની આ ઝંખના સંતોષવા માટે રેસ્ટોરેશનયુગના ટ્રેજેડિકારો પાસે રેસ્ટોરેશન પૂર્વેના કાળના નાટ્યકારોના, હિરોઇક અંશોવાળા ટ્રેજેડિના નમૂના પણ હતા. એમાં એમણે પોતાના જમાનાના રંગો પૂરવાના હતા, અને ફ્રાન્સ-સ્પેન આદિ દેશોમાં રચાયેલાં ટ્રેજિક નાટકોની અસરો એમાં વણી લેવાની હતી. ખરું જોતાં બોમાંએ (Beaumont)અને ફ્લેચરે (Fletcher)લખેલાં જે રોમેન્ટિક નાટકો લોકપ્રિય નીવડ્યાં હતાં તેમાંથી જ હિરોઇક ટ્રેજેડિનો વિસ્તાર થયો જણાય છે. આ પ્રકારની ટ્રેજેડિમાં પ્રેમ અને કુલીનતા (Love and Honour)નાં જે તત્ત્વો છે તે નવાં નથી. દેવનાં (D'Avenant) આ બે તત્ત્વોમાંથી સંઘર્ષ નિપજાવવાના અને છટાદાર સંવાદોથી સામાજિકોને પ્રભાવિત કરવાની તરકીબથી પરિચિત હતો તદ્દુપરાંત રોજર બોયલે (Roger Boyle) પણ હિરોઇક નાટકોમાં બ્લેન્ક વર્સને સ્થાને પ્રાસાનુપ્રાસયુક્ત પંક્તિઓની

---

૧. The aim and object of poetry "is to give some shadow of satisfaction to the mind of man in those points where the nature of things doth deny it - Francis Bacon (From 'Restoration Tragedy' Dobree)

અજમાયશ કરી હતી - અને એ પણ ચાર્લ્સ બીજાએ ફ્રાન્સમાંથી આણેલી નવી રીતિ હતી. ચાર્લ્સ બીજાએ પોતે પ્રેમ અને કુલીનતા પર ઝોક મૂકતાં નાટકોને પ્રોત્સાહન આપીને પ્રજાની રુચિને એક નવી દિશામાં વાળી હતી. આમ, પરાક્રમનું તત્ત્વ નાટકોમાં હતું, પણ હિરોઇક ટ્રૅજેડિનું સ્વરૂપ ખીલવવાનો યશ ડ્રાયડનને ઘટે છે.

ફ્રેન્ચ નાટ્યકાર કોર્નેઈલે ટ્રૅજેડિમાં જે નવું તત્ત્વ આનંદાશ્ચર્ય અથવા તો વિસ્મયનું (Admiration) ઉમેર્યું તે ડ્રાયડને પોતાની હિરોઇક ટ્રૅજેડિ માટે સમતુલા જાળવવા માટે પ્રેમતત્ત્વને વિશિષ્ટરૂપ આપવામાં આવ્યું. શૌર્યના કાવ્ય (Heroic Poem)માં આનંદાશ્ચર્ય કહેતાં Admirationનો ભાવ ઉત્તેજવા માટે શૌર્ય, સૌંદર્ય અને પ્રેમ એ ત્રણની આવશ્યકતા રહેતી હોય છે.

તેમાં પણ ધસમસતો આવેગસભર પ્રેમ, હિરોઇક ટ્રૅજેડિ માટે મહત્ત્વનું અંગ બની રહ્યો. શેક્સ્પીઅરે એના 'રોમિયો જુલિયેટ' અથવા તો 'ઍન્ટનિ ક્લિઓપેટ્રા'માં આ પ્રકારનો પ્રેમ નિરૂપ્યો છે, પણ ઘણું ખરું એનાં ઘણાં નાટકોમાં આવો જાણીતો પ્રેમ ગેરહાજર છે.

હિરોઇક ટ્રૅજેડિમાં પ્રેમનું નિરૂપણ અસાધારણ, વિશિષ્ટ કોટિનું છે. એ પ્રેમ ઘોડાપૂર જેવો - એથી પણ વિશેષ ઊછળતો હોય છે; એ સીમાડાનાં કોઈ બંધન સ્વીકારતો નથી; અને આવા ઘૂઘવતા પૂરથી ય પ્રબળ, વેગવાન પ્રેમ સમક્ષ અન્ય સર્વ માનવસદ્ગુણો ઝૂકી જતા જણાય છે. પ્રેમને ખાતર મૈત્રી, કર્તવ્ય, દેશભક્તિ સુધ્ધાં કુરબાન હોય છે. એ નિયમરહિત છે. ડ્રાયડનના 'ધી ઈન્ડિયન એમ્પરર' - ૧૬૬૫ (The Indian Emperor)માં કોર્ટીઝ (Cortez) નામનું પાત્ર ઉદ્ગાર કરે છે :

Honour begone, what art thou, but a breath?
I'll live proud of my infamy and shame,
Graced with no triumph but a lover's name;
Men can but Say, love did his reason blind,
And love's the noblest frailty of the mind.

પછીના રોમૅન્ટિક કવિઓએ પણ પ્રેમ પ્રત્યેના કર્તવ્યને પ્રથમ સ્થાન આપ્યું નથી; પણ શૌર્યની - પરાક્રમની સૃષ્ટિ(Heroic World)માં પ્રેમના આદેશ આગળ દેશનો દ્રોહ પણ ગૌણ ગણાતો હતો.

જોન ડ્રાયડન (૧૬૩૧-૧૭૦૦) - હિરોઇક ટ્રૅજેડિનો પુરસ્કર્તા

હિરોઇક ટ્રૅજેડિ મોટેભાગે પ્રાસાનુપ્રાસયુક્ત યુગ્મોમાં લખાતી હતી અને વાકછટાયુક્ત સંવાદો દ્વારા ટ્રૅજેડિના નાયકો સામાજિકોના ચિત્ત પર છાઈ જતા હતા.

એક દૃષ્ટાંત ટાંકવાથી પ્રાસયુક્ત છટાદાર વાણીનો વિશેષ ખ્યાલ આવશે :

Speak, Madam, by (if that be yet an oath)
Your love, I'm pleased we should be ruinedboth
Both is a sound of joy.
In death's dark tow'rs our bridals we will peep
And his cold hands
Shall draw the curtain when we go to sleep.
(Aureng-Zabe)



મહદંશે એમાં પ્રેમ અને શાલિનતા અથવા પ્રેમ અને કર્તવ્ય વચ્ચેનો સંઘર્ષ નિરૂપવામાં આવતો હતો. પરાક્રમથી શોભતા વીર નાયકો અને એમના પ્રેમમાં ગળાડૂબ, ગૌરવ અથવા કુલીનતા અને પ્રેમ વચ્ચે રહેંસાતી લાવણ્યમયી નાયિકાઓ - આ પ્રકારનું વિષયવસ્તુ મુખ્યત્વે રજૂ થતું. એ નાટકોમાં રજૂ થતાં સમગ્ર સૃષ્ટિ ઉન્માદી પ્રેમ, પરાક્રમ અને વાગ્મિતાથી સભર રહેતી. અલબત્ત, રેસ્ટોરેશન યુગના ઈંગ્લૅન્ડની વાસ્તવિક પરિસ્થિતથી આ સૃષ્ટિનું ચિત્રણ ઘણું દૂર હતું. - રેસ્ટોરેશન કાળનો સમાજ એમાં ભાગ્યે જ પ્રતિબિંબિત થતો.

આ પ્રકારની હિરોઇક ટ્રૅજેડિમાં વીર નાયકો, પ્રાચીન ગ્રીસની ટ્રૅજેડિમાં કંઈક માનસિક દૌર્બલ્યવાળા ટ્રૅજિક નાયકો હતા તે પ્રકારના નથી હોતા. બ્રૂટસ જેવા દ્વિધાયુક્ત અગર હૅમ્લેટ જેવા છિન્નચિત્ત નાયકોની અહીં અપેક્ષા નહોતી. અહીં તો અપેક્ષા હતી સાહસિક અને પ્રેમના આવેગમાં મસ્ત એવા નાયકોની - એ આત્મગર્વથી, ખુમારીથી વર્તતા અને સંઘર્ષમાં શૌર્યપૂર્વક ઝૂઝતા, અને પરાજિત થતાં ભવ્ય વાણીમાં પોતાની વેદના ઠાલવતા - જીવન અને મૃત્યુ વિશેની ફિલસૂફી ઉદ્ગારતા - પ્રાસાનુપ્રાસવાળી પંક્તિઓ દ્વારા વાગ્મિતાને સારો અવકાશ રહેતો.

રેસ્ટોરેશન યુગમાં ડ્રાયડને આ પ્રકારના નાટ્યસ્વરૂપને સફળપણે ખેડ્યું અને અનેક મર્યાદાઓ વચ્ચે પણ તેણે હિરોઇક ટ્રૅજેડિકાર તરીકે સારી એવી સિદ્ધિ હાંસલ કરી.

ડ્રાયડનની મુખ્ય કૃતિઓમાં 'ધી ઈન્ડિયન એમ્પરર' -૧૬૬૫ (The Indian Emperor), 'ટાયરેનિક લવ' ૧૬૬૯ (Tyrranic Love), 'ધ કોન્કવેસ્ટ ઓવ ગ્રેનેડા' - ૧૬૭૦ (The Conquest of Granada), 'ઔરંગઝેબ-૧૬૭૫' (Aurenge-Zebe), 'ઑલ ફોર લવ' - ૧૬૭૭ (All For Love), 'ડૉન સેબેસ્ટિઅન' - ૧૬૮૯ (Don Sebastian) વગેરેનો સમાવેશ થાય છે. ડ્રાયડનની તેમજ રેસ્ટોરેશનયુગની અન્ય ટ્રૅજેડિઓને વિવેચકોએ કૃતક (Artificial) ટ્રૅજેડિ તરીકે ઓળખાવી છે. એનું મુખ્ય કારણ એમાં જે ઊર્મિ-લાગણી છે તે અનુભૂત નથી, સહેતુક ઉપજાવેલી લાગે છે. શેક્સ્પીઅરના 'કિંગ

લીઅર' નાટકમાં ઊર્મિની સચ્ચાઈનો જે અનુભવ ભાવકને થાય છે તેવો અનુભવ હિરોઇક ટ્રેજેડિમાં થઈ શકતો નથી - લાગણીઓ કૃતક હોવાને કારણે ડ્રાયડને એની કૃતિઓમાં લાગણીની કૃતકતા શક્ય તેટલી ઓછી કરવાનો પ્રયાસ કર્યો. તેણે લાગણી અથવા ઊર્મિના પ્રાકટ્ય માટે મર્યાદિત અવકાશ રાખીને બહુધા ઘટનાઓના માળખા પર વિશેષપણે ધ્યાન કેન્દ્રિત કર્યું અને લાગણીને સ્થાને વિચાર (Thing) ઉપસાવવાનો હેતુ રાખ્યો.

ડ્રાયડન એના જમાનાનાં શાસ્ત્ર-વિજ્ઞાન આદિથી સુપરિચિત નહોતો, પરંતુ એના યુગની વિચારધારાઓ તેણે ઝીલી હતી અને વાક્પટુતા તેનામાં નૈસર્ગિક હતી. ભલે એણે એના જમાનામાં હોબ્સ ન વાંચ્યો હોય પણ એના વિચારનો મર્મ તેણે ગ્રહી લીધો હતો. ડ્રાયડન નવા વિચારોનો પુરસ્કર્તા હતો. હિરોઇક ટ્રેજેડિ રચવામાં તેની આ સજ્જતા લેખે લાગી.

અલબત્ત, ડ્રાયડનની કૃતિઓમાં કોઈ જીવનદર્શન કે સંદેશ શોધવાનો પ્રયાસ મિથ્યા છે - જેમ શેક્સ્પીઅરમાં પણ.

તેમ છતાં ડ્રાયડને જીવન અને જગત વિશે અનેક દૃષ્ટિબિંદુથી વિચાર્યું હતું. અને એની સુંદર કૃતિઓમાં ક્યાંક અલપઝલપ એ જોવા મળે છે. ડ્રાયડન પાસે વિચારને સુંદર શબ્દોથી શણગારીને રજૂ કરવાની એક વિશેષ શક્તિ હતી. ડૉ. જહોન્સને એની આ શક્તિના સંદર્ભમાં નોંધ્યું છે કે he never lacked words to clothe his thoughts, and that his fancy never languished for penury of ideas.

ડ્રાયડનને કયારે પણ નાટ્યકૃતિને ઉપકારક એવો વિચાર સ્ફુર્યો, તો નવી નવી રીતે એને શણગારીને રજૂ કર્યા વિના એ રહી શકતો નહિ. નવીન તાજગીભર્યા શબ્દોની એને ક્યારેય ખોટ પડતી નહિ. પોતાના યુગના ચિંતકોના અગર તો વિજ્ઞાનીઓના જે કંઈ વિચારો તેણે ઝીલ્યા તેને પોતાની પ્રતિભાશક્તિથી એ નવો ઉઠાવ આપી શકતો અને એમાં એની મુદ્રા ઊપસી રહેતી. એનાં નાટકો ભલે અખંડ આનંદ ન આપી શકતાં હોય તો પણ એમાં કેટલાંક મંતવ્યો - દૃશ્યો જરૂર આસ્વાદ્ય બની રહ્યાં છે. વિવેચકોએ એની આ શક્તિને 'પ્રિટિનેસ' (Prettiness) તરીકે ઓળખાવી છે. આ પ્રિટિનેસ એ બદનામીવાચક નથી. બીજા નાટ્યકારો કરતાં ડ્રાયડનની ઉચ્ચતા આ શક્તિને લીધે પરખાય છે. અલબત્ત, એ મિલ્ટનની શક્તિ માટે પ્રયોજી શકાય નહિ, પણ શેક્સ્પીઅરમાં ક્યાંક ક્યાંક એનાં દૃષ્ટાંત મળી શકે છે. એની કૃતિઓમાં એની જે કૃતિ રચવાની - એના સ્થાપત્ય માટેની સૂઝ છે તે અનેરી છે.

પ્રાચીન કાળની કે શેક્સ્પીઅરની ટ્રેજેડિમાં જેમ અંતે નાયક હતાશ થઈને થીજી ગયેલી નજરે વિધિની વક્રતા તાકી રહે છે, જીવનમાં દેવના દૈવતને સ્વીકારી રહે છે અને એક ભયપ્રદ ઊર્મિ ભાવકના ચિત્તમાં વ્યાપી વળે છે તેવું ડ્રાયડનની ટ્રૅજેડિમાં નથી. ડ્રાયડનમાં નાયકને એના કઠોર અને સંઘર્ષભર્યા જીવનને અંતે કંઈક પ્રસાદ કશુંક વળતર મળતું હોય છે. ડ્રાયડનની આ યોજના સહેતુક છે. નાટ્યવસ્તુમાં ઘણીવાર ડ્રાયડન પરાક્રમો અથવા સાહસોનાં નિરૂપણમાં અતિશયતામાં સરી પડે છે. એની ટ્રૅજેડિકાર તરીકે આવી અનેક મર્યાદાઓ છે. તેમ છતાં એની ટ્રૅજેડિ એના સમયના અન્ય ટ્રૅજેડિકારો કરતાં ઘણી રીતે ચડિયાતી છે. એમાં મુખ્ય કારણ એની શબ્દશક્તિ. આ શક્તિ જેમ વિચારને આકર્ષક રીતે રજૂ કરવામાં પ્રયોજાઈ છે તેમ નાટ્યકૃતિમાં ગીતરચનામાં પણ પ્રાયોજાઈ છે - વિશેષપણે. ઊર્મિકવિ તરીકે ડ્રાયડનની શક્તિનો આહલાદક પરિચય, એની નાટ્યકૃતિઓમાં મુકાયેલાં ગીતો પરથી મળી રહે છે. છંદ-રીતિની તેમજ રૂપની વિવિધતા આ ગીતોનું તરી આવતું લક્ષણ છે. માત્ર ગીતોમાં જ નહિ, સમગ્ર નાટ્યકૃતિમાં એનું ઊર્મિતત્ત્વ ફોરી રહેલું દેખાય છે. ગીતોને નાટ્યકૃતિમાં ઊર્મિ અથવા ભાવમાં ગતિ લાવવા અથવા પલટો લાવવા કેમ ગોઠવવા તેની સારી એવી સૂઝ છે. અને નાટ્યકૃતિમાં પાત્રોના ઉદ્ગારોને પણ આજુબાજુનો સંદર્ભ ત્યજતા વિના કેટલે અંશે ઊર્મિસભર બનાવી શકાય તેનો પણ અંદાજ છે.

આમ, રેસ્ટોરેશનયુગના ટ્રૅજેડિકારોમાં ડ્રાયડને પુરોગામીઓમાંથી તેમજ સમકાલીનોમાંથી ભલે વસ્તુ-વિચારની સામગ્રી ઉપાડી જેમ કે 'All For Love' નું સમગ્ર વસ્તુ શેક્સ્પીઅરના 'Antony and cleopatra' માંથી છે. પણ તેણે પોતાનાં હિરોઇક નાટકો દ્વારા એક નવી દિશામાં પ્રગતિ કરી. હિરોઇક ટ્રૅજેડિમાં તેણે યુગની તેમજ પોતાની અનેક મર્યાદાઓ વચ્ચે પણ પોતાની એક અનોખી મુદ્રા ઉપસાવી અને આ કલાસ્વરૂપને સુપેરે ખેડીને વિકસાવ્યું. □

અનુસંધાન) કથાસરિત્સાગર (પૃ. ૭ પરથી

આમ કેમ કર્યું, ત્યારે કહે છે, 'હવે એ એના મૂળ શ્રમણના ક્લેવરમાં જ તમારી પાસે આવશે ને? 'પંચતંત્ર'માં પોતાનો આત્મા ખોતા અને પાછો મેળવતા રાજાની કથા પણ છે. યુરોપમાં પણ આવી કથાઓ હોવાનું ફ્રેઝર જણાવે છે. (I, ૩૯-૪૦)

૩. હવે પછી કથામાં 'ઇન્દ્રદત્ત'ને બદલે 'યોગનન્દ' નામ જ આવે છે. અહીં બે નન્દને જુદા પાડવા કથાકાર બે નામો વાપરે છે : 'પૂર્વનન્દ' અથવા 'સત્યનન્દ' અને 'યોગનન્દ'. પહેલેથી જ જે નન્દ હતો તે સાચો નન્દ 'સત્યનન્દ' અથવા 'પૂર્વનન્દ'; અને પાછળથી જે પોતાની પરકાયાપ્રવેશની યોગક્રિયા દ્વારા 'નંદ' બન્યો તે 'યોગનન્દ'.

૪. સક્તુ બહુ પ્રાચીન કાળથી, ખાસ કરીને ઉત્તર ભારતમાં 'સત્તુ' કે 'સતુઆ' બહુ પ્રચલિત લાગે છે. ડૉ. પ્રસાદ ('કથા. સ. સા. તથા ભારતીય સંસ્કૃતિ', ૧૯૭૮; પૃ ૧૪૪) કહે છે કે અથર્વવેદની પરીક્ષિતગાથાઓમાં પણ સત્તુનો ઉલ્લેખ છે. રાજા પરીક્ષિતના રાજ્યમાં પત્ની પતિને પૂછે છેઃ 'તમારે માટે શું લાવું? દહીં, દૂધવાળું સત્તુ કે જવનો ચોળો?' કાચા ચણાને સહેજ ઘીમાં શેકી, એના લોટને પછી પાણી સાથે મેળવીને ખવાય છે. એનો 'સાથવો' એવો અર્થ આપણા 'જોડણીકોશ'માં છે તે બરાબર નથી. કારણકે સાથવામાં તો ઘઉંને શેકી, સાથે જાર ને ધાણીના ગોગડા વગેરે પણ શેકીને લોટ કરવામાં આવે છે ને પછી ગોળના પાણી સાથે ખવાય છે. આમ 'સાથવો' એ 'સત્તુ' નથી. સત્તુ તીર્થાટન કરનાર ને મજૂરવર્ગનું સરળ સુપાચ્ય ભાતું આજ પણ છે. એ દૂધ કે પાણી સાથે પણ લેવાય છે. કથાસરિત્સાગરમાં અર્થવર્માની વાતમાં એ ધનાઢ્ય શેઠ પોતાના અતિથિ યશોવર્મા સાથે જમવા બેઠા ત્યારે બે તોલા ઘીમાં શેકેલું સત્તુ ખાઈ ગયા. શેકેલા સત્તુ માટે 'મન્થ' શબ્દ પ્રાચીનકાળે વપરાતો એવી નોંધ છે. પવિત્ર સમધાનની જે યાદી યજુર્વેદમાં છે એમાં પણ ચણાનો સમાવેશ છે. એટલે આ સત્તુની વાનગી વેદવારાની લાગે છે. (ક્રમશઃ)

અરણ્યમાં રહેતા આપણા ઋષિઓએ ઈશ્વરને વૃક્ષની ઉપમા આપી છે : વૃક્ષ ઇવ સ્તબ્ધો દિવિ તિષ્ઠત્યેક:. કદાચ હિમાલયમાં ઊંચાં સ્તબ્ધ દેવદારુ વૃક્ષો રોજ જોતાં જોતાં ઈશ્વરની વાત કરવાની આવી તો આ ઉપમા સહેજે સૂઝી આવી હશે, જેમ દોડતી સરિતાઓને જોઈ ગાયોની ઉપમા.

આવી કોઈ ઉપમા પ્રશાન્ત મહાસાગરને કિનારે સાનફ્રાન્સિસ્કોથી ઉત્તરે ઓરેગાંન જતા માર્ગે ઊભેલાં રેડવુડનાં જંગલોમાંથી પસાર થતાં કોઈક સહૃદયની મુગ્ધતામાં આકાર પામે તો નવાઈ નહિ, એવું લાગેલું.

થોડા મહિનાઓ પહેલાં આપણા પ્રસિદ્ધ ફોટોગ્રાફર અશ્વિન મહેતાએ સાનફ્રાન્સિસ્કોથી મોકલેલું એક ફોટો કાર્ડ જોતાં પાછળ પત્રરૂપે લખેલી એમની પંક્તિઓ વાંચવાનું ભૂલી ફોટામાંનાં વિરાટ રેડવુડનાં થડિયાં વચ્ચે પુષ્પિત રોડોડ્રેનડનમાં રંગીન ફૂલો જોતો રહ્યો. થોડીવાર પછી તો માત્ર મારી નજર એ તસવીર પર હતી અને હું પહોંચી ગયો યુ.એસ.૧૦૧ નંબરના હાઈવે પર. કદાચ એનું બીજું નામ રેડવુડ હાઈવે, જ્યાંથી એક સ્થળે જરા અંદર વળતાં ડ્રાઈવ થ્રુ રેડવુડ પાર્કમાં પ્રવેશતાં રેડવુડનું અડાબીડ જંગલ.

ગગનચુંબી વૃક્ષ એટલે કેટલું ઊંચું તે આ રેડવુડનાં ઊંચે ને ઊંચે ગયેલાં વૃક્ષો જોતાં સમજાય. એવા એક ગર્વોન્નત રેડવુડ પાસે ઊભા રહી એને થડિયે હાથ ફેરવી ઊંચે નજર કરતાં ઉદાત્તનો અનુભવ.

આકાશમાં ૩૧૫ ફૂટ પ્રવેશી ગયેલા એ રેડવુડનો ઘેરાવો જ ૨૧ ફૂટનો હતો. ગૌતમ બુદ્ધને જે બોધિવૃક્ષ નીચે સંબોધિ પ્રાપ્ત થઈ તે હજી આજેય હોત તો આ રેડવુડને પોતાની વયનો સહોદર મળ્યો હોત. ગંગોત્રીથી ગોમુખ ચાલતાં જતાં ભાગીરથીને કાંઠે વયોવૃદ્ધ દેવદારુ વૃક્ષો જોતાં આવો રોમાંચ થયો હતો, પણ પેલું રેડવુડ જે શેન્ડલિઅર ટ્રી તરીકે ઓળખાય છે, તે તો દેવદારુનાં અગ્રજ.

અમેરિકાના પૂર્વ કિનારે એટલે કે આટલાન્ટિક (અતલાન્ત મહાસાગર) ને કાંઠે ન્યૂ યૉર્ક જેવાં મહાનગરોમાં માનવનિર્મિત ગગનચુંબી ઈમારતો છે, તો પશ્ચિમ કિનારે એટલે કે પૅસિફિક-પ્રશાંત-મહાસાગરને કાંઠે જાણેક આદિકાળમાં સ્વયં ઈશ્વરે વાવેલાં (એવો ભાવ એક કવિતામાં છે) આ ગગનચુંબી રેડવુડ છે. આમેય સાનડિયાગોથી ઓરેગાંન સુધીનો આ આઠસો માઈલનો કિનારો પ્રાકૃતિક સાગરીય સૌન્દર્યથી ભરપૂર છે. એ કિનારાની આસપાસ સાનફ્રાન્સિસ્કો, લોસ એન્જેલિસ (જ્યાં પ્રસિદ્ધ રમ્ય સ્થળ હોલીવુડ છે) જેવાં નગરોથી શોભતા કૅલિફૉર્નિયા રાજ્યની સમૃદ્ધિને લીધે એ 'ગોલ્ડન કોસ્ટ' તરીકે ઓળખાય છે. ખૂદ કૅલિફૉર્નિયા 'સુવર્ણરાજ્ય' તરીકે ઓળખાય છે. મારે સુવર્ણ શબ્દ વચ્ચે નહોતો લાવવો. ભૌતિક રીતે સમૃદ્ધ અમેરિકાની તો શી વાતેય કરવાની હોય ભલા! પણ જે પ્રાકૃતિક પ્રાગૈતિહાસિક સૌન્દર્ય આ કાંઠે છે તેને તો વિશ્વના પ્રકૃતિપ્રેમીઓને ઘેલું લગાડ્યું છે. એવો કોઈ ઉત્તમ તસવીરકાર નહિ હોય જેને આ કાંઠે આવેલા 'બીગ સૂર' તરીકે જાણીતા સ્થળના ફોટોગ્રાફ લેવાની ઇચ્છા ન કરી હોય. પ્રકૃતિ એના નિરાગસ રૂપમાં અહીંના સાગર પહાડ અને અરણ્યાનિમાં વિલસે છે.



અમેરિકન દૃશ્યાવલિ-૬

અમર રેડ વુડ્ઝ

ભોળાભાઈ પટેલ

આ બધાં સ્થળોએ જવાનું તો બને એમ નહોતું, પણ દરિયા અને બંધુરભૂમિના એ નૈકટ્યના ભૂવિસ્તારને થોડો નજરામાં પણ ભરી શકાય એવા ખ્યાલથી મેં લોસ એન્જેલિસથી સાનફ્રાન્સિસ્કો જવા વિમાનને બદલે ગ્રેહાઉન્ડની બસ-મુસાફરી પસંદ કરી હતી; પણ અફસોસ, બસ એ દરિયાકિનારાના ઊંચાનીચા વાંકાચૂંકા પ્રવાસી-પ્રિય માર્ગોથી નહિ, પણ અંદરાના સીધા માર્ગેથી જતી નીકળી. ચલો, તો એ આપણા ભાગ્યમાં નથી.

મારા એક મિત્ર વિઠ્ઠલ પટેલ ઉત્તર કૅલિફૉર્નિયાના આર્કેટા શહેરમાં હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટીમાં વર્ષોથી ગણિતના પ્રોફેસર છે. હું અમેરિકા ગયો છું એવી ખબર પડતાં ઘેર અમદાવાદ એમના ભાઈ ઈશ્વરભાઈનો સંપર્ક કરી મારા ત્યાંના વેરએબાઉટ્સ મેળવી સાન ફ્રાન્સિસ્કોમાં ડૉ. મનોજ દેસાઈને ત્યાં હું ઊતરેલો ત્યાં ફોન રણક્યો : 'હું આવું છું, તમને લેવા - તમારે આર્કેટા આવવાનું છે.' હું તો ચકિત.

વહેલી સવારે આર્કેરાથી ઊપડી ત્રણસો માઈલથી ય વધારે ગાડી ચલાવી એ સાન ફ્રાન્સિસ્કો આવી પહોંચ્યા. બાજુના યુનિવર્સિટીનગર બર્કલીમાં એ ભણેલા. અહીંની બધી ભૂગોળની ખબર. વિઠ્ઠલ કહે : 'મારે તમને સાનફ્રાન્સિસ્કોથી આર્કેરા સુધીનો ભૂમિમાર્ગ, પેસિફિકના કેટલાક સીસ્કેપ્સ (દરિયાઈ ચિત્રણાઓ) અને ખાસ તો રેડવુડનાં જંગલો બતાવવાં છે. ગણિતનો પ્રસિદ્ધ અધ્યાપક વિઠ્ઠલ પોતે એવો પ્રકૃતિપ્રિય. કેટલાં વર્ષો પછી મળતો હતો. મોઢા પરથી હાસ્ય તો છલકાતું રહે. એ વાતો કરતો રહ્યો. અહીંના સમુદ્રની, જંગલની, વચ્ચે ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલમાં અમે સાથે રહેતા એ દિવસોની વાત જરા ઝબકી જાય એટલું. ક્યાંક બર્કલીમાં ભણવાની મથામણની પણ વાત આવી ગઈ.

સાન ફ્રાન્સિસ્કો તો દુનિયાનાં સુંદર નગરોમાંનું એક હશે. એની વાત તો પછી, પણ એને વિષે રડયાર્ડ કિપ્લિંગની ઉક્તિઓ અહીં જ યાદ કરી લઉં. એણે કહ્યું છે કે સાન ફ્રાન્સિસ્કોનો એક જ દોષ છે, તે એ કે એને છોડવું અઘરું છે. સમુદ્રકાંઠની ટેકરીઓ પર વસેલા આ નગરનો ઉત્તર તરફનો પુલ પસાર કરી અમે ઉત્તરાયણ કર્યું. ઑગસ્ટ મહિનાનું અનુકૂળ હવામાન, ઉત્સાહમાં ને ઉત્સાહમાં વિઠ્ઠલ એકવાર તો માર્ગ પણ ભૂલી ગયો. પણ આપણે તો ભમવાનું જ હતું ને!

અમેરિકનો પણ ખરા છે. રસ્તે જતાં માણસ ક્યાંય ઊતરે નહિ, તો ય આસપાસની પ્રકૃતિ તમારી નજરોને સમૃદ્ધ કરે. યૂરોપમાં પણ આના ઘણા માર્ગ. ફ્રન્કફર્ટથી શરૂ થતો પેલો 'રોમાંટિક રોડ' અને રાઈનને કાંઠે કાંઠે જતી વાંકીચૂકી રેલવે. નદી છેક સુધી નજરમાં રહે. આ રેડવુડ હાઈ વે પણ એવો. આપણે ભૂલી જઈએ કે અમેરિકા જેવા આધુનિક દેશમાં છીએ, મોટરગાડીમાં દોડવા છતાં આરણ્યક બની જાય આપણું મન. વિઠ્ઠલ કહે, 'કેટલામી વાર કેટકેટલી ઋતુઓમાં આ માર્ગે આવ્યો છું. દરેક વખતે જાણે નવો અનુભવ!'

ત્યાં મુખ્યમાર્ગેથી માર્ગ જરા ફંટાયો અને જોયું તો રેડવુડ! માત્ર રેડવુડ! દિવસનો પ્રકાશ જાણે અમળાતો લાગ્યો. એક મિસ્ટીરિઅસ છાયા-પ્રકાશ. વિઠ્ઠલ ઘણાં વૃક્ષોને ઓળખતો. ગાડી ઊભી રાખે. અમે રસ્તાથી જરા અંદર જઈ, એ વૃક્ષનું નૈકટ્ય અનુભવીએ. એમ કરતાં અતિપ્રસિદ્ધ શેન્ડલિઅર ડ્રાઈવ-થ્રુ-ટ્રી નજીક પહોંચી ગયા. અરે, માર્ગ તો જતો હતો એ રેડવુડના વિરાટ થડ વચ્ચેથી. એટલું પહોળું થડ હતું કે મોટર આવી જઈ શકે એટલો માર્ગ કોતરી શકાય, અને કોતરી કાઢ્યો છે (આ પણ થોડું અમેરિકી માનસ!), પ્રવાસીઓ આ તરફ વધારે આવે એથી.

આ વૃક્ષરાજને તો પ્રણામ કરવા જોઈએ. નીચે ઊતરી એમની જરઠ કાયા ઉપર હાથ ફેરવ્યો ત્યાં મારી નજર પડી. કોઈની ડોકમાં પાટિયું લટકાવ્યું હોય એમ વૃક્ષમાંથી કોતરેલા મોટર-માર્ગની બરાબર ઉપર જડેલું બોર્ડ :

શેન્ડલિઅર ટ્રી
ઊંચાઈ ૩૧૫ ફુટ વ્યાસ ૨૧ ફુટ
ડ્રાઈવ-થ્રુ-ટ્રી પાર્ક
ઈ.સ.પૂર્વે ૪૦૦ થી

મને થયું કે આ તો વૃક્ષરાજનું અપમાન છે. આ પાટિયું ઉખાડી ત્યાં વૃક્ષની સ્વાભાવિક ત્વચાને ફૂટવા દેવી જોઈએ અને આ વિગતો બાજુમાં લખવી જોઈએ. અંદરથી મોટર પસાર થાય એવો માર્ગ કોરી કાઢવો એ પણ એકજાતની બીભત્સતા જ. ભલે ત્યાં ઊભા રહી પ્રવાસી સૌ ફોટા પડાવે. આ રેડવુડ ચક્રવર્તીને આરપાર વિક્ષત કરી એના રાજત્વને ખંડિત કર્યું છે. રાજદેહ પર કોઈ ક્ષત ન હોવો જોઈએ, ટચલી આંગળીએ પણ નહિ.

લગભગ અઢી હજાર વર્ષથી આ ધરતીમાંથી ફૂટી, ત્યાંજ ધ્યાનમાં ઊભું રહી તપ કરે છે આ રેડવુડ. ફ્રેંચ કવિ વાલેરીએ ક્યાંક કહ્યું છે

(અનુસંધાન પૃ. ૨૯ પર)



રેડ વુડ્ઝમાં એક 'ડ્રાઈવ-થ્રુ ટ્રી પાર્ક' છે તેમાંનું ૩૧૫ ફૂટ ઊંચું અને મૂળ પાસે ૨૧ ફૂટના વ્યાસવાળું આ વૃક્ષ સૌ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર છે. સાન ફ્રાન્સિસ્કોની ઉત્તરે આવેલું રેડવુડ ઉદ્યાનનું આ જૂનું રેડવુડ છે, જેના મૂળ પાસે થડને કોરીને મોટરો જઈ શકે તેવો માર્ગ બનાવાયો છે. ➡

૧૯મી સદીના ઉત્તરાર્ધથી અંગ્રેજોના સંસર્ગે આપણે ત્યાં જીવનનાં અનેક ક્ષેત્રોમાં નવજાગૃતિનો ઉન્મેષ પ્રગટ્યો. અનેક નવશિક્ષિતોએ સમાજસુધારણાના ક્ષેત્રમાં ઝંપલાવ્યું. આની સામે પરંપરાવાદીઓનું જૂથ પણ પરંપરાને બચાવવા બહાર પડ્યું. આમ, સુધારાવાદીઓ અને સનાતનીઓ વચ્ચે સંઘર્ષ મંડાયો. આ સંઘર્ષકાળે બુદ્ધિ નેવે મૂકી જડતાપૂર્વક પરંપરાને વળગી રહેનાર વર્ગની ત્યારે સાહિત્યકાર અને સમાજસુધારક રમણભાઈ નીલકંઠે 'ભદ્રંભદ્ર' શીર્ષકથી હાસ્યવ્યંગની નવલકથા લખી 'ભદ્રંભદ્ર'ના પાત્રને ચિરંજીવ બનાવ્યું. ૧૯૦૦માં પ્રકટ થયેલી આ નવલકથાના અંતે લેખક લખે છે : 'ભવિષ્ય કાળમાં કોઈ પ્રસંગે આ મહાપુરુષની જીવનકથાનો બાકીનો ભાગ પ્રસિદ્ધ થઈ શકશે એવી તેમના ભક્તને આશા છે'. આ આશા આમ આજ નેવું વર્ષ બાદ ફળે છે. નિદ્રાધીન થયેલા ભદ્રંભદ્ર પુનઃ જાગ્રત થાય છે - અલબત્ત, આ જમાનાના પ્રશ્ન પરત્વે સભાન બનીને. ભગવાન શ્રીકૃષ્ણ અધર્મ સામે યુદ્ધે ચઢવા યુગે યુગે અવતાર ધારણ કરે છે તેમ આપણા 'ભદ્રંભદ્ર' પણ 'સંભવામિ યુગે યુગે' કહીને આપણા પ્રવર્તમાન યુગમાં આવી પહોંચ્યા છે. ફરી... તો અહીંયાં તમે એમને દર માસે નિયમિત મળી શકશો. -તંત્રી

સંભવામિ યુગે યુગે

ધારાવાહિક લઘુનવલ . રતિલાલ બોરીસાગર

સ્વપ્ન અને સંકલ્પ

ભરઊંઘમાંથી ભદ્રંભદ્ર પ્રચંડ ધ્વનિ સાથે જાગી ગયા. એમના ધ્વનિની પ્રચંડતાથી હું પણ સફાળો જાગી ઊઠ્યો. આમ તો, એમની સમગ્ર નિદ્રાવધિ દરમિયાન ભદ્રંભદ્ર નાસિકાના ચંડ-પ્રચંડ ધ્વનિથી સમગ્ર વાયુમંડળને ધ્રુજાવતા. પરંતુ વર્ષોના સહવાસથી હું એમના નાસિકાધ્વનિથી ટેવાઈ ગયો હતો. એટલે એનાથી મારી નિદ્રામાં ક્યારેય વિક્ષેપ થતો નથી. પણ આજના ધ્વનિની પ્રચંડતા તો અનન્ય હતી. એ નાસિકાનો ધ્વનિ નહોતો, મુખવિવરમાંથી ધસી આવેલો ધ્વનિ હતો.

વર્ષો પૂર્વે, વીસમા શતકના આરંભકાળે, ભદ્રંભદ્ર આવા જ પ્રચંડ ધ્વનિ સાથે જાગી ઊઠ્યા હતા, એ પુણ્યઘટનાનું મને સ્મરણ થયું. એ વખતે એમનું નામ 'દોલતશંકર' હતું. 'દોલત' જેવા આર્યેતર ભાષાના શબ્દ સાથે પોતાના નામની સંલગ્નતાથી ભગવાન શંકર કોપાયમાન થયા હતા અને સ્વપ્નમાં પ્રકટ થઈ ભદ્રંભદ્ર સામે ત્રિશૂળ ઉગામ્યું હતું. ભગવાન ત્રિપુરારિના ક્રોધથી ભયભીત થયેલા દોલતશંકર એ વખતે પણ આજની જેમ જ ભરનિદ્રામાંથી સફાળા જાગી ઊઠ્યા હતા અને તે દિવસે પણ એમના મુખમાંથી નીકળેલા ભયના ધ્વનિથી આજની જેમ જ મારો અકાળ નિદ્રાભંગ સર્જાયો હતો. જાગ્યા પછી ભદ્રંભદ્રે પોતાના સ્વપ્નનું મારી સમક્ષ નિવેદન કર્યું હતું. પોતાનો આવો ભયંકર અપરાધ પોતાના ખ્યાલ બહાર કેમ ગયો એ અંગે તીવ્ર પશ્ચાત્તાપની લાગણી અનુભવી અને ભગવાન શંકરને પ્રસન્ન કરવા 'દોલતશંકર' જેવા ભ્રષ્ટ નામનો ત્યાગ કરી, 'ભદ્રંભદ્ર' એવું પવિત્ર નામ ધારણ કર્યું. ભદ્રંભદ્રનો વિચાર તો 'ભદ્રંભદ્ર' નામ લોઢાના પતરા પર કોતરાવી, પતરું ગરમ કરી, કપાળ પર 'ભદ્રંભદ્ર' નામની મુદ્રા ઉપસાવવાનો હતો, જેથી એમના બદલાયેલા નામથી સર્વજનો સુવિદિત થાય અને 'દોલતશંકર' નામના ઉચ્ચારણથી થતા પાપમાંથી ઊગરી શકે. પણ આવી ચિરસ્થાયી મુદ્રા ઉપસાવ્યા પછી 'ભદ્રંભદ્ર' નામ વળી બીજા કોઈ દેવને પસંદ ન પડે તો?' એવી શંકા મેં ઉપસ્થિત કરી અને આપણા તેત્રીસ કોટિ દેવોમાંથી કોઈને આ નામ સામે વિરોધ નથી એની પ્રતીતિ થાય તે માટે દરેક દેવનો એકએક દિવસ ગણી, તેત્રીસ કોટિ દિવસ પછી લોઢાના પતરાની મુદ્રા ભાલપ્રદેશ પર અંકિત કરવાનું સૂચન કર્યું. મારું સૂચન એમણે માન્ય રાખ્યું. માત્ર 'પસંદ' શબ્દ આર્યેતર ભાષાનો હોઈ એના સ્થાને હંમેશાં 'પ્રસન્ન' શબ્દ વાપરવાની સૂચના આપી. (મારા સર્વ પ્રયત્નો છતાં મારી ભાષામાં આર્યેતર શબ્દો આવ્યા વગર રહેતા નથી. ભદ્રંભદ્રનના શિષ્ય હોવાની મારી પાત્રતા એટલી ઓછી હોવાના શોકથી હું હંમેશાં સંતપ્ત રહ્યો છું. અનેક આર્યેતર શબ્દોનું શ્રવણ કરાવી મેં ભદ્રંભદ્રના કાન પ્રદૂષિત કર્યા છે, એવી લાગણી પણ ભદ્રંભદ્રે મારી સમક્ષ અનેકવાર પ્રકટ કરી છે. આમ છતાં, છેક આજપર્યંત હું મારી આ ક્ષતિ સંપૂર્ણપણે નિવારી શક્યો નથી.)

આજે પણ ભદ્રંભદ્ર પૂર્વેની રીતે જ ચંડ-પ્રંચડ ધ્વનિસહિત જાગી ઊઠ્યા ત્યારે આટલાં વર્ષે, 'ભદ્રંભદ્ર' નામથી કોઈ અન્ય દેવની લાગણી દુભાઈ કે શું એવી આશંકાથી ઘડીભર હું દિગ્મૂઢ થઈ ગયો. જો કે ભાલપ્રદેશમાં 'ભદ્રંભદ્ર' નામની ચિરસ્થાયી મુદ્રા ઉપસાવવાની વાતનું ભદ્રંભદ્રને પણ વિસ્મરણ થયું હતું એટલે કોઈ દેવને 'ભદ્રંભદ્ર' નામ સામે વિરોધ હશે તો હજુ બીજું નામ ધારણ કરવાનો અવકાશ હતો એ વિચારે મેં શાતા અનુભવી. આમ છતાં, એક પ્રશ્ન મારા ચિત્તમાં ઉદ્ભવ્યો : અમે પૃથ્વીલોકમાં વસતા હતા ત્યારે ભગવાન શંકરે સ્વપ્નમાં પ્રકટ થઈ 'ભદ્રંભદ્ર' નામ સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો તે સમજી શકાય એવું હતું. પણ હવે તો અમે સ્વર્ગલોકમાં હતા. ભદ્રંભદ્ર નામ કોઈ દેવને પ્રતિકૂળ હોય તો એ જાતે પ્રકટ થઈ કે ભદ્રંભદ્રને પોતાની સમક્ષ બોલાવી કહી શકે એમ હતા. કોઈ દેવને સ્વપ્નમાં પ્રકટ થઈ ભદ્રંભદ્રને ભયભીત કરવાની આવશ્યકતા કેમ ઊભી થઈ એ કૂટ પ્રશ્ન હું સમજ્યો નહીં. મૂઢમિત બની હું ભદ્રંભદ્ર સામે જોઈ રહ્યો.

'અંબારામ! પૃથ્વી પર અવતાર ધારણ કરવાનો સમય આવી ગયો છે.' ભદ્રંભદ્રનો અવાજ હજુ ધ્રૂજતો હતો. એમનું શરીર પણ કંપી રહ્યું હતું. માત્ર એ ક્રોધથી કંપી રહ્યું હતું કે ભયથી એ સમજવા હું

અસમર્થ હતો. 'મહારાજ! મારા જેવા અલ્પમતિ માટે આપની ગૂઢ વાણીનું વિવરણ આવશ્યક છે.' ભટ્ટંભટ્ટની ગૂઢ વાણી સમજતાં મને હંમેશા વાર લાગતી. એ ગૂઢ વાણી ઉચ્ચારતા ત્યારે હું એના વિવરણ માટે પ્રાર્થના કરતો. તેઓ હંમેશાં કરુણા કરી, મને એમની ગૂઢ વાણીનો મર્મ સમજાવતા. આજે પણ તેઓએ કૃપા કરી, પોતાની ગૂઢ વાણીનું વિવરણ કર્યું. તેઓએ કહ્યું, 'અંબારામ! તને સ્મરણ છે, પૃથ્વી પર આપણું યુગકાર્ય પુરું થયું ત્યારે આપણને લેવા ઈન્દ્રનું વિમાન આવ્યું હતું?'

'હા મહારાજ! મને સ્મરણ છે, આર્યધર્મના સદોદિત વિજય માટે સુધારાવાળાઓ સામે આપે જે ભીષણ યુદ્ધ આદર્યું હતું તેથી પ્રસન્ન થઈ ઈન્દ્રરાજાએ આપને લેવા માટે વિમાન મોકલ્યું હતું, પણ સુધારાવાળાઓ વિમાનમાં બેસી પરદેશગમનનું પાપ આચરતા હતા એટલે આપે વિમાનમાં બેસી સ્વર્ગલોકમાં જવાની ના પાડી હતી અને ઈન્દ્રમહારાજનો રથ જો લેવા આવે તો જ અને તે પણ મને - આપના ચુસ્ત અનુયાયીને જ સાથે લાવવાની અનુમતિ આપવામાં આવે તો - આપ સ્વર્ગલોકમાં આવવા માગતા હતા. ધર્મરાજ યુધિષ્ઠિર જેમ શ્વાન વગર સ્વર્ગમાં પગ મૂકવા તૈયાર નહોતા તેમ મારા પ્રિય શિષ્ય અંબારામ વગર હું સ્વર્ગે નહીં આવું એવું દૃઢ વલણ આપે લીધું હતું - એનું આજે ફરી કૃતજ્ઞ ભાવે સ્મરણ કરી કૃતાર્થ થાઉં છું.'

'અંબારામ! તારી સ્મૃતિ ઘણી તીવ્ર છે.'

'હા મહારાજ, આપની સેવાનું એ ફળ છે. મહારાજ, આપની દૃઢતાથી પ્રભાવિત થઈ ઈન્દ્રમહારાજે, વિશેષ પ્રસંગ ગણી, આપણા માટે એમનો દિવ્ય રથ મોકલાવ્યો હતો.'

'અંબારામ! આપણે દિવ્ય રથ પર આરૂઢ થવા જતા હતા ત્યારે સુધારાવાળાઓથી ભયભીત જનો આપણી સંમક્ષ ધસી આવ્યા હતા અને સુધારાવાળાઓનો નાશ કર્યા વગર સ્વર્ગે ન સંચરવાની મને પ્રાર્થના કરી હતી.'

'હા, મહારાજ! આપ એમની પ્રાર્થનાથી દ્રવિત થયા હતા અને દીનજનો પ્રત્યે કરુણાદષ્ટિ કરી આપે કહ્યું હતું, 'સુધારાવાળાઓ ક્ષીણવીર્ય થયા છે. મારું યુગકાર્ય પૂરું થયું છે. પણ હું તમને વચન આપું છું કે આ પુરાણપ્રાચીન દેશમાં સુધારાવાળાઓનો ઉત્પાત પુન: વૃદ્ધિ પામશે ત્યારે હું ફરી પૃથ્વીલોકમાં આવીશ અને સુધારાવાળાઓનો વિનાશ કરીશ.'

'અંબારામ, આપણે પૃથ્વીલોકગમન કરવાનું છે, માટે તું એનો યથોચિત પ્રબંધ કર.'

'મહારાજ, આપ સ્વર્ગલોકમાં આવ્યા પછી આર્યાવર્તમાં સુધારાવાળાઓનું બળ તો વધતું જ રહ્યું છે. વર્તમાનપત્રમાં વિજ્ઞાપન આપી તેઓ પરદેશગમન કરે છે. અને પરદેશથી પાછા આવીને પ્રાયશ્ચિત કરતા નથી. ઊલટું, નિર્લજ્જતાથી સ્વદેશાગમનની ઘોષણા કરે છે. મૂઢમતિ લોકો પણ વિદેશગમન કરનાર પાપી જીવોની નિંદા કરવાને બદલે પ્રશંસા કરે છે. ઘણાખરા બ્રાહ્મણો સંધ્યાવંદન કરતા નથી. બ્રાહ્મણ યુવાનો હવે શિખા ધારણ કરતા નથી. ઘણા તો યજ્ઞોપવીત પણ ધારણ કરતા નથી. સ્પૃશ્યાસ્પૃશ્યતા, ખાનપાનના નિષેધોનું પાલન થતું નથી. સ્ત્રીઓ પુરુષ સમોવડી થવા મથી રહી છે. બાળઉછેર, પતિસેવા અને ગૃહકાર્યના પોતાના મૂળ કર્તવ્યથી ચ્યુત થઈ આર્થિક ઉપાર્જન તરફ વળી છે. રજસ્વલા સ્ત્રીઓ માસિક ધર્મ ન પાળી, ધર્મનો વિનાશ કરી રહી છે આમ છતાં, આજ સુધી આપે પૃથ્વીલોકગમનની તત્પરતા કેમ ન દર્શાવી તેથી થતા આશ્ચર્યનું શમન કરવા આપ કૃપા કરો.'

'તેં વર્ણવેલાં પાપોની વૃદ્ધિ તો યુગબળનો પ્રભાવ છે. એ પાપોનો દંડ તેઓ ભોગવશે જ.'

'તો પછી સુધારાવાળાઓના કયા પાપાચારથી આપ વિક્ષુબ્ધ થયા છો?'

'સુધારાવાળાઓ નર્મદાવાળાઓ તરીકે જન્મ્યા છે અને આપણા ગુર્જરદેશના પર્યાવરણનો વિનાશ કરવાનો ઘોર અપરાધ કરી રહ્યા છે.'

'હું મૂઢમતિ આપના કથનનો મર્મ પામી શકતો નથી.'

'અંબારામ! તું મારા પ્રત્યે અનન્ય ભક્તિભાવ રાખતો હોવાને કારણે, તું મૂઢમતિ હોવા છતાં, મારો પ્રીતિપાત્ર છે. વત્સ અંબારામ! નર્મદાનદીનું તને સ્મરણ છે ને!'

'હા મહારાજ, આપણે નર્મદાની પરિક્રમાઓ કરી હતી. અનેકવાર નર્મદાસ્નાનનું પુણ્ય મેળવ્યું હતું.'

'એ દેવી નર્મદાએ, શિવપુત્રી નર્મદાએ આજે સ્વપ્નમાં આવીને પોતાને ઉગારવાની મને પ્રાર્થના કરી.'

'પણ આપ તો સ્વપ્નથી ભયભીત થયા હો એવું આપના મુખધ્વનિથી લાગતું હતું.'

'નર્મદાના પ્રચંડ પ્રવાહને મારી સમક્ષ ધસતો આવતો જોઈ ક્ષણવાર હું ભયદશાને પામ્યો હતો તે સત્ય છે, પણ પછી તો દેવી નર્મદાએ સૌમ્યરૂપ ધારણ કર્યું અને મારી સમીપ આવી રુદન કરવા લાગી.'

'પણ આપ પ્રચંડ ધ્વનિ સાથે જાગ્રત થયા હતા તે સ્થિતિ આપની ભયદશાના સાતત્યને પ્રકટ કરનારી ગણાય.' મેં કહ્યું, 'અંબારામ! આવો હીન તર્ક કરી તું પાપદશાને પામી રહ્યો છે. પણ મારી તારા પર અસીમ કૃપા હોઈ હું તને પાપમુક્ત કરું છું. જાગ્રતિવેળાનો મારો પ્રચંડ ધ્વનિ ભયનો નહીં, ક્રોધનો સૂચક હતો.'

'કુતર્ક માટે મને ક્ષમા કરો અને આપના સ્વપ્નનું સવિસ્તર નિવેદન કરો.' મેં અપરાધભાવે કહ્યું.

'નર્મદાવાળાઓ નર્મદાનદી પર મોટો બંધ બાંધી પુરાણપ્રાચીન નર્મદાના જલપ્રવાહને યથેચ્છ વાળવા ઇચ્છે છે. વિશાળ નર્મદાને સંકુચિત નહેરોમાં રૂંધવા માગે છે. નર્મદા પર મોટો બંધ બંધાવાને પરિણામે જંગલોનો નાશ થશે. આર્યાવર્તના મૂળ નિવાસીજનો વિસ્થાપિત થશે. નગરજનોના સહવાસને પરિણામે તેઓ પોતાની મૂળ સંસ્કૃતિનો ત્યાગ કરશે. આવાં વિપરીત પરિણામોની સંભાવનાથી ત્રસ્ત થઈ દેવી નર્મદાએ ચોધાર આંસુઓ વહાવી પોતાના રક્ષણ માટે મને પ્રાર્થના કરી છે.' 'ઈન્દ્રમહારાજના દિવ્ય વરદાનથી મને પૃથ્વીલોકની સઘળી વિગતોની માહિતી છે. કેટલાક પર્યાવરણપ્રેમીઓ જીવ પર આવીને નર્મદાનો બંધ બંધાતો અટકાવવા મથી રહ્યા છે. આપે કષ્ટ લેવાનું કોઈ વિશેષ પ્રયોજન જણાય છે?'

કેટલાક પર્યાવરણ-પ્રેમીઓ નર્મદાની રક્ષા માટે તુમુલ યુદ્ધ કરવા તત્પર છે એ તારી વાત ખરી છે, પરંતુ નર્મદાવાળાઓનું બળ

વિપુલ છે. રાજ્યસત્તાની એમને સહાય છે. માટે આપણે સત્વરે જવું જોઈએ, વત્સ! નર્મદાવાળાઓ પ્રત્યેના ક્રોધથી મારો અંતરાત્મા કાંપી રહ્યો છે. એ સર્વ નર્મદાવાળાઓનો હું વિનાશ કરીશ.'

'મહારાજ! આપ પૃથ્વીલોક પર પાછા આવ્યા છો એ સમાચારથી જ નર્મદાવાળાઓ ભયભીત બની જશે. એમનાં ગાત્રો શિથિલ થશે. આપના પ્રચંડ ઘોષથી બંધની શિલાઓ ધ્રૂજીને પડવા માંડશે.'

'તારી ગુણજ્ઞતાથી હું પ્રસન્ન છું, વત્સ! તું કહે છે એવું જ થશે. તું ઈન્દ્રમહારાજને મળીને આપણા ભૂલોકગમનનો સત્વરે પ્રબંધ કર.'

'મહારાજ! હજુ નિદ્રાવધિ પૂરો થયો નથી. શેષનિદ્રાવધિ માટે આપ શયન કરો. પ્રાતઃકાલ થતાં જ હું આપની આજ્ઞાનું પાલન કરીશ.'

'તથાસ્તુ વત્સ!' આટલું કહી ભટ્ટંભટ્ટ પુનઃ નિદ્રાધીન થયા. પણ મને તાત્કાલિક નિદ્રા આવી નહીં. મોટી પરીક્ષાનો કાળ આવી રહ્યાનો ભાસ થયા કરતો હતો.

ભટ્ટંભટ્ટ પ્રાતઃકાળપર્યંત 'સંભવામિ યુગે યુગે'નું કથન ઉચ્ચારતા રહ્યા. વચ્ચે થોડીવાર માટે મારી આંખ મળી ત્યાં એકાએક મોટો અવાજ થયો અને હું નિદ્રામાંથી જાગી ગયો. જાગીને જોયું તો ભટ્ટંભટ્ટ દીસે નહીં. ગભરાઈને મેં આમતેમ જોવા માંડ્યું. પોતાના શયનસ્થાનથી ભટ્ટંભટ્ટ ઠીકઠીક દૂર ચત્તાપાટ પડ્યા હતા. હું એકદમ એમની પાસે ધસી ગયો. એમની આંખો હજુ બંધ હતી. ધમણની જેમ એમનો શ્વાસ ચાલી રહ્યો હતો. મેં ગભરાઈને પૂછ્યું, 'મહારાજ! શું થયું?'

'શ્રીકૃષ્ણ ભગવાને જેમ ગોવર્ધન પર્વત ઊંચકી લીધો હતો તેમ હું નર્મદાબંધ ઊંચકી લઈશ ને દૂર મહાસાગરમાં ફેંકી દઈશ.' એમ કહી તેઓ ઊઠ્યા અને સ્વર્ગકક્ષની સુવર્ણદીવાલ મૂળમાંથી ઊંચકવા પ્રયત્ન કરવા લાગ્યા. મેં કહ્યું, 'મહારાજ! આપ શું કરી રહ્યા છો?'

'હું નર્મદાબંધને મૂળમાંથી ઉખાડીને સમુદ્રમાં ફેંકી રહ્યો છું.' ભટ્ટંભટ્ટ ફરી સ્વપ્નદશામાં હોય એમ લાગ્યું. પૃથ્વીલોકમાં જોવા મળતા અનાજના પીપને હલાવતો હોઉં એમ મેં એમને હલાવ્યા ને કહ્યું, 'મહારાજ, આપ સ્વપ્નદશાને પામ્યા જણાઓ છો. જાગૃત થાઓ.' ભટ્ટંભટ્ટ જાગૃત થયા એટલે મેં કહ્યું, 'આ નર્મદાબંધની દીવાલ નથી. આપણા સ્વર્ગકક્ષની સુવર્ણદીવાલ છે. એને ઉખેડવા આપ અસમર્થ છો.'

મારા કથનથી ભટ્ટંભટ્ટ અત્યંત અપ્રસન્ન થયા અને બોલ્યા, 'મારો પ્રિય શિષ્ય હોવા છતાં તું મારા સામર્થ્ય વિશે અશ્રદ્ધાવાન છે એ તને શોભતું નથી. હું સમગ્ર સ્વર્ગલોકને ઊંચકીને પાતાળલોકમાં ફેંકી દેવા સમર્થ છું. પણ એમ કરવું એ આર્યત્વનું ભૂષણ નથી માટે હું તેમ કરતો નથી. પણ નર્મદાબંધ તો હું ઊંચકીને અવશ્ય સમુદ્રમાં ફેંકી દઈશ. એ વિશે તું શંકા ન રાખીશ.'

ભટ્ટંભટ્ટના કથનથી ક્ષોભ પામીને મેં કહ્યું, 'ક્ષમા કરો, મહારાજ! મેં મૂઢમતિએ આપના અપાર સામર્થ્ય વિશે શંકા કરીને આપનો ઘોર અપરાધ કર્યો છે.'

'તું મારો પ્રિય શિષ્ય હોવાથી તારા ગમે તેવા અપરાધને હું ક્ષમા કરીશ. પણ હવે પ્રાતઃકાલ થયો જણાય છે. તું આપણા પૃથ્વીગમનના આયોજન વિશે પ્રવૃત્ત થા.'

'જેવી આજ્ઞા, મહારાજ!' મેં નમ્રતાથી કહ્યું. (ક્રમશઃ)

અનુસંધાન) અમેરિકન દશ્યાવલિ-૬ (પૃ. ૨૬ પરથી
કે દુનિયામાં ખરેખર કોઈ તપસ્યારત હોય તો તે માત્ર વૃક્ષ. આ વૃક્ષરાજ તપસ્વીમુનિથી ઓછા છે? નમોનમઃ!

પછી તો આસપાસનાં વિસ્તારમાં અમે ભમવા લાગ્યા. કેટલા બધા તપસ્વીઓ ઊભા છે. એક જગ્યાએ આ ઊંચાં વૃક્ષોને એકસાથે ઊભાં જોઈ કોઈને કવિતા સૂઝી છે, તે બાજુમાં લખેલી છે. કવિએ એવો ભાવ વ્યક્ત કર્યો છે કે આ રેડવુડનાં વૃક્ષો તો ખુદ દુનિયાના સર્જનહારે વાવેલાં છે, અને હે પાન્થ, જો તારે આ વૃક્ષોના જેવા સીધા, સાચા અને સુન્દર થવું હોય, જગતને પણ દેવાલય જેવું બનાવવું હોય તો જરા નીચે નમ, ધૂંટણિયે પડ, કેમ કે, God stands before you in these trees. - આ વૃક્ષો રૂપે હે પાન્થ સ્વયં ઈશ્વર તારી સામે ઊભો છે. આ કવિ તો આપણા આરણ્યક ઋષિ નજીક પહોંચી ગયા - વૃક્ષ ઈવ સ્તબ્ધો...

અમે જરા અરણ્યમાં ઊંડા ઊતરતા ગયા. ભેજભીનાશમાં તમરાંના સૂર. ક્યાંક તડકો પડે છે, વણ વધારે તો છાયા. ત્યાં અરણ્ય વચ્ચે એક નદી વહી જતી હતી. અમે નદીમાં પણ ઊતર્યા અને છેક એના પાતળા પ્રવાહ સુધી પહોંચ્યા. આ પટમાં આવીને ઊભા તો ઉપર ખુલ્લું આકાશ દેખાયું અને અહીંથી અંદર એકબીજાની સ્પર્ધામાં ઊંચે ને ઊંચે ગયેલાં વૃક્ષોને જોવાનો પરિપ્રેક્ષ્ય મળ્યો. રાત ઊતરતી હશે ત્યારે આ સરિતાનાં જળ અને વૃક્ષોનાં પર્ણ વચ્ચે મૂંગો સંવાદ ચાલતો હશે.

વળી પાછા વૃક્ષો નજીક ગયા. પાસપાસે ઊભાં છે વિરાટ વૃક્ષો. કેટલી હશે એમની વય? મને મહાભારતના ભીષ્મ, દ્રોણ અને કૃપાચાર્ય કેમ સાંભરી આવ્યા? તમરાંના અવાજમાં એ તપ કરે છે. એમની નજીક ગયા. એમને પ્રણામ કર્યા. બાથે ભીડ્યા. અડોઅડ ઊભી અમારી 'ઊંચાઈ' માપી એ કેટલે ઊંચે ગયાં છે, તે જોવા ડોક પાછળ નમાવી, પણ કેટલી નમે. ઉપરનાં બધાંની ડાળીઓ એકબીજામાં ભળી લીલા છત્ર રૂપે બની ગઈ હતી. ત્યાં એક સ્થળે ધરતી પર બે ત્રણ રેડવુડ આડાં પડેલાં. કદાચ સદાકાળ માટે સૂતાં રહેશે. માતા ધરતીએ હજી ઝાલી રાખવાનો પ્રયત્ન કર્યો છે, હજી મૂળિયાં ધરતીમાં છે. ના, રેડવુડ કદીય મરતું નથી, માત્ર રૂપાંતર પામે છે. આડા પડેલા થડિયામાંથી વળી પાછા અંકુર ફૂટે છે. રેડવુડ અમર વૃક્ષ છે.

સાંજનો સમય. અરણ્યના આછા અંધકાર ઉપર ક્યાંક ઓગસ્ટના ભૂરા આકાશના ખંડ. નદી પર તડકો. અમે જ્યાં ઊભા હતા ત્યાં આવવા તડકાને અતિ વાંકા વળીને આવવું પડે. પછી તો અમે જંગલની બહાર નીકળ્યા, નદી સાથે આવી. વળાંકોવાળો પર્વતીય છાયાલુ શીતલ માર્ગ.

લગભગ અંધારું થયે અમે આર્કેરા શહેરમાં પ્રવેશ કર્યો. યુનિવર્સિટી કૅમ્પસ વટાવી -૫૮૦ કૅલિફૉર્નિયા એવેન્યુ, વિઠ્ઠલનું ઘર. લતિકાએ સ્વાગત કર્યું. મને ઊતરવા આપેલા ખંડની પાછલી બારી વિઠ્ઠલે ખોલી - તો પાછળ જંગલ.

મેં વિઠ્ઠલને કહ્યું : 'આહ, જંગલ અહીં પણ. આ બારી માટે તારી અદેખાઈ ન કરું તો બીજું શું કરું?' □

ચામડીના રોગો ખરજવું અને તેના ઉપચારો

માધવ ચૌધરી

અજીર્ણથી લોહીવિકાર થઈ શરીરની ચામડીમાં તે ખરજવારૂપે દેખા દે છે. શરીરમાંની વધુ પડતી ગરમી ખરજવા દ્વારા શરીર-બહાર નીકળે છે. શરીર પરનું ખરજવું એ આમવાતનું રૂપાન્તર છે. તેથી ખરજવામાં લોહીનો દોષ પ્રથમ મટાડવો જોઈએ. અજીર્ણના ઉપાયો કરવાથી પણ ખરજવામાં ફાયદો થાય છે. જ્યાં સુધી ખોરાકમાં ફેરફાર કરવામાં આવતો નથી ત્યાં સુધી ખરજવાનો રોગ મટતો નથી. દાહક ઔષધોના પ્રયોગથી ખરજવું બાળી નાખવાથી થોડા સમય માટે ખરજવું મટે તો છે; પરંતુ કાં તો તે ફરીથી થાય છે અથવા એક નહીં તો બીજી જગ્યાએ શરીરમાં ખરજવું થાય છે. ખરજવા પર ડામર ચોપડવાનો પ્રયોગ ખૂબ સરસ છે. ખરજવાના લેપો સાથે ધોયેલું ઘી મેળવવાથી ચામડીની કુમાશ વધી જલદી આરામ થાય છે. લાંબો સમય એકલો કાંચનાર ગુગળ દૂધ સાથે લેવાથી કોઈ પણ મલમ ચોપડ્યા સિવાય પણ ખરજવું મટી શકે છે. ખરજવાના રોગીએ ઘી-દૂધનો સાત્ત્વિક ખોરાક લેવો. માંસ, ઘઉં, ન પચે એવાં કઠોળ, ગળપણ, ખટાશ, તીખાશ બંધ કરવાં. વિરુદ્ધ આહાર બંધ કરવો. ખરજવા દરમિયાન અજીર્ણ થાય તો લંઘન (ઉપવાસ) કરવું. લાંબા સમય સુધી શંખાવળીનો ક્વાથ પીવાથી ચામડીના વિકારો મટે છે અને લોહીશુદ્ધિ થાય છે. જો શરીરમાં શુદ્ધ લોહી હોય તો ખરજવું, ખસ-ખૂજલી કે દાદર જેવા ચામડીના રોગો થતા જ નથી. તુલસીના મૂળનો ક્વાથ પીવાથી પણ ખરજવું મટે છે.

સર્વ સામાન્ય ખરજવાના ઉપાયો

(૧) કુંવાડિયાનાં બી છ ભાગ, બાવચીનાં બી ચાર ભાગ અને ગાજરનાં બી બે ભાગ લઈ, તેને બારીક ખાંડી, ગાયના મૂત્રમાં માટીના વાસણમાં એક અઠવાડિયા સુધી પલાળી રાખીને, એ પછી ચોપડવાથી ખરજવું મટે છે.

(૨) કણજીનું તેલ, લીંબુનો રસ અને કપૂર એકત્ર કરી ચોપડવાથી ખરજવું મટે છે.

(૩) રાઈના લોટને આઠ ગણા જૂના ગોળમાં અથવા સો વાર ધોયેલાં ગાયના ઘીમાં મેળવીને લેપ કરવાથી ખરજવામાં ફાયદો થાય છે.

(૪) લસણની કળીઓ વાટી, તેની લુગદી બનાવી ખરજવા પર મૂકવાથી ચામડીનાં ભીંગડાં પોચાં પડી ઊખડી જાય છે અને ચામડી લાલ થાય છે. પછી તેના ઉપર બીજો સાદો મલમ ચોપડવાથી ખરજવું મટે છે. (લસણ ચોપડવાથી બળતરા બળે છે. બળતરા સહન કરવાની તૈયારી રાખવી.)

(૫) ગાજરનો છૂંદો કરી અથવા તેને ખૂબ પીસી (કચરી), તેમાં મીઠું નાખી પાણી નાખ્યા સિવાય બાફીને ખરજવા ઉપર બાંધવાથી ખરજવું મટે છે.

(૬) ખજૂર કે ખારેકનો ઠળિયો બાળી, તેની રાખ કરી ચોપડવાથી ખરજવું મટે છે.

(૭) પપૈયાનું દૂધ અને ટંકણખાર ગરમ પાણી (ઊકળતા)માં મેળવી એકરસ કરી જૂના ખરજવા પર લેપ કરવાથી જૂનું ખરજવું (દાદર અને ખસ-ખૂજલી પણ) મટે છે.

(૮) ફટકડી અને મોરથુથુ વાટી, પાણીમાં મેળવી, એ પાણી વડે ખરજવાવાળો ભાગ વારંવાર ધોઈને ઉપર ડામર ચોપડી, છાણાની રાખ ભભરાવવાથી ખરજવું મટે છે.

(૯) તુલસીનો રસ અને લીંબુનો રસ એકત્ર કરી, ખરજવા પર ઘસવાથી ખરજવામાં ફાયદો થાય છે.

(૧૦) ખરજવા પર દિવેલ ચોપડવાથી ફાયદો થાય છે. ◻

નિવેદન

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય' લિમિટેડ'ના નામે મનીઑર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બૅંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બૅંક કમિશનના રૂ. ૧૩-૦૦ ઉમેરવા, અન્યથા બૅંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પૂરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટૅમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર'નું વાર્ષિક લવાજમ હાલમાં રૂ. ૭૫-૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૨૫૦ તથા આજીવન રૂ. ૭૫૦-૦૦ છે.
- 'કુમાર' દર માસની ૧૫ તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી દસેક દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ-ઑફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી.
- લેખકોએ પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.

તમામ પત્રવ્યવહારનું સરનામું

'કુમાર કાર્યાલય લિમિ., ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧

સાહિત્યસંપર્ક

૧૯૯૦નો સાહિત્ય અકાદમી પુરસ્કાર



અનિલ જોશી

ઈ.૧૯૯૦નો રાષ્ટ્રિય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર જેમના નિબંધસંગ્રહ 'સ્ટેચ્યૂ'ને પ્રાપ્ત થાય છે તે અનિલ જોશીનો જન્મ ૧૯૪૦ના જુલાઈની ૨૮મી તારીખે ગોંડલમાં થયેલો. એમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ગોંડલ અને મોરબીમાં લઈ અમદાવાદની એચ. કે. આર્ટ્સ કોલેજમાંથી ગુજરાતી મુખ્ય અને સંસ્કૃત ગૌણ વિષયો સાથે બી.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી હતી. ૧૯૬૨ થી ૧૯૬૯ દરમિયાન હિંમતનગર અને અમરેલીમાં શિક્ષણકાર્ય કરેલું. ૧૯૭૧થી મુંબઈમાં 'કોમર્સ'ના તંત્રી વાડીલાલ ડગલીના અંગત મદદનીશ તરીકે જોડાયેલા. ૧૯૭૬થી એક વર્ષ માટે પરિચય ટ્રસ્ટમાં સહસંપાદક તરીકે રહ્યા. ૧૯૭૭થી આજ દિન સુધી મુંબઈ મહાનગરપાલિકામાં ભાષાવિકાસ પ્રકલ્પમાં ગુજરાતી ભાષાના મુખ્ય સલાહકાર તરીકે સેવાઓ આપે છે.

આ સદીના સાતમા-આઠમા દાયકા દરમિયાન પોતાની કવનપ્રવૃત્તિથી એમણે સાહિત્યરસિકોનું ધ્યાન દોર્યું છે. ગુજરાતી ગીત [illegible] ગીતો ઉપરાંત ગઝલ અને ગદ્યકાવ્યો પણ રચ્યાં છે. એમનાં હૃદ્ય કાવ્યોનો પ્રથમ સંગ્રહ 'કદાચ' ૧૯૭૦માં પ્રકટ થયો ત્યાર પછી ૧૯૮૧માં એમનો બીજો કાવ્યસંગ્રહ 'બરફનાં પંખી' પ્રકટ થયો છે.

એમણે મુખ્યત્વે વર્તમાનપત્રોમાં કટારલેખન કરતાં કરતાં ગદ્યને ઘૂંટ્યું છે. ૧૯૮૮માં 'પવનની વ્યાસપીઠ' નામક લલિત નિબંધનો સંગ્રહ પ્રકટ થાય છે અને એ જ વર્ષે એમના અંગત નિબંધોનો સંગ્રહ 'સ્ટેચ્યૂ' પણ પ્રકટ થાય છે. વીસ અંગત નિબંધોના આ સંગ્રહમાં નિબંધકારે પોતાના શૈશવને કલ્પનાની પાંખે ઉડ્ડયન કરાવ્યું છે. આ સંગ્રહમાં 'બોલપેન', 'કાગડો ધોળા દિવસનું અંધારું છે', 'બારીને પડદાનું કફન' જેવા આસ્વાદ્ય નિબંધો સાથે કેટલાક સામાન્ય નિબંધો પણ પ્રાપ્ત થાય છે. અહીં ગદ્ય કવિતાગંધી બન્યું છે અને અતીતરાગનો ઉદ્રેક એમાં ઊડીને આંખે વળગે છે. શૈશવમાં માણેલું ગ્રામવાતાવરણ એમણે અહીં સુચારુ રીતે તાદૃશ કરી આપ્યું છે. આવા નિબંધસંગ્રહના સર્જકને આ પારિતોષિક મળવા ટાણે અભિનંદન !

અવલોકનો

પ્રસન્નકર પ્રકાશન

૧૯૯૦ના વર્ષમાં પ્રકટ થયેલાં અનેક નોંધપાત્ર પ્રકાશનોમાંનું એક છે 'સાધનાત્રયી'. શાન્તિનિકેતનના સુખ્યાત શિક્ષક ક્ષિતિમોહન સેનના આસ્વાદ્ય લખાણોનો આ દળદાર સંગ્રહ શૈક્ષણિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનો છે. આ ગ્રંથ છ વિભાગમાં વહેંચાયેલો છે : શિક્ષણસાધના, તંત્રની સાધના, ચીન-જાપાનની યાત્રા, મધ્યયુગની સાધનાધારા (જેનો અનુવાદ જયંતીલાલ આચાર્યે કરેલો છે), પ્રકીર્ણ લેખો અને વ્યાખ્યાનો તથા પત્રો.

આ લેખોમાંના ઘણાખરા વ્યાખ્યાનો રૂપે અપાયેલાં છે. આ લેખો દ્વારા આચાર્ય ક્ષિતિમોહન સેનની એક શિક્ષક તરીકેની અને મરમી સાધક તરીકેની મૂર્તિ ખડી થાય છે તે આપણને સ્પર્શ્યા વગર રહે તેવી નથી. એમના [illegible] સાથે મરમી ચિંતકનું ઊંડાણ પણ જોવા મળે છે. ગુજરાત સાથે એમનો કેવો ઘરોબો હતો તે પણ આ ગ્રંથમાંનાં કેટલાંક લખાણોથી પામી શકાય છે. એમની શૈલી ચિત્રાત્મક અને રુચિર છે. આમાંના કેટલાકના અનુવાદો નગીનદાસ પારેખ, મોહનદાસ પટેલ આદિએ કરેલા છે, તે એની શ્રદ્ધેયતાનું પ્રમાણપત્ર બની રહે છે. વળી, આ ગ્રંથનું એક મહત્ત્વનું અંગ છે આચાર્ય ક્ષિતિમોહન સેનના સુપુત્રી અમિતા સેને લખી આપેલો અને ગ્રંથારંભે મુકાએલો ચરિત્રાત્મક લેખ.

નેચરલ શેડના ભારે કાગળ પર સુઘડ મુદ્રણવાળો, ડિમાઈ કદનાં ૭૬૪ પૃષ્ઠોનો અમેરિકન સુદૃઢ પાકી બંધાઈનો આ સચિત્ર ગ્રંથ શાળામહાશાળાઓ અને ગ્રંથાલયોએ તો અવશ્ય વસાવવા જેવો છે જ, પરંતુ સુરુચિપૂર્ણ વાચન-બુભુક્ષુએ અંગત રીતે પણ વસાવવાલાયક છે.

(સાધનાત્રયી- સંપાદકો : ઉમાશંકર જોશી, નગીનદાસ પારેખ, જયંતીલાલ આચાર્ય, મોહનદાસ પટેલ ; પ્રકાશક : પરિમાણ પ્રકાશન; પ્રાપ્તિસ્થાન ગ્રંથાગાર, જવાહરલાલ નેહરુ મ્યુનિ. માર્કેટ સામે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯; રૂ. ૨૫૦-૦૦)

મધ્યકાલીન સંતકવિ વિષેનું શ્રદ્ધેય પુસ્તક

મધ્યકાલના સંતકવિ આનંદઘનની કવિતામાં નિજાનંદી મસ્તી છે અને અત્રતત્ર સાહિત્ય-સંસ્પર્શ પણ છે. એમની કવિતા ગુજરાત અને રાજસ્થાનની સહિયારી મિલકત સમાન છે. મધ્યકાલીન પરંપરામાં એમનો અવાજ નોંધપાત્ર છે. આવા સંતકવિના જીવન અને કવનને આલેખતો અને મૂલવતો ગ્રંથ 'આનંદઘન : જીવન અને કવન' મધ્યકાલીન સાહિત્યના અભ્યાસી ડૉ. કુમારપાળ દેસાઈએ તૈયાર કર્યો છે, જેમાં આનંદઘનની કેટલીક અપ્રકટ રચનાઓ અને એનો પરિચય પણ આપવામાં આવ્યો છે. વળી, એક પ્રકરણમાં આનંદઘનના કવનની કબીર, મીરાં અને અખાના સંદર્ભે ચર્ચા પણ કરવામાં આવી છે, જેને કારણે આ સંતકવિની સર્જક પ્રતિભાનો તુલનાત્મક ખ્યાલ આવે છે. આ ગ્રંથમાં આમ, લેખકની સંશોધનવૃત્તિનાં પણ સમ્યક્ દર્શન થાય છે. (પ્રકા. શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૭; પાકું પૂઠું, ડિમાઈ પૃ. ૧૫૮, રૂ.૩૦)

(અનુસંધાન પૃ. ૩૪ ઉપર)

માધુકરી

રાજઘાટ પર
આટલાં ફૂલો નીચે ને આટલો લાંબો સમય
ગાંધી કદી સૂતા નથી
હસમુખ પાઠક

જશવંત ઠાકર (સ્વર્ગસ્થ)



તા. ૫-૫-૧૯૧૫ એ શ્રી જશવંત ઠાકરનો જન્મદિવસ. જન્મસ્થળ મહેલાવ. તાલુકે નડિયાદ, રિયાસત ગાયકવાડી. પિતા દયાશંકર સાત ધોરણ ભણેલા સૂઝસમજ સત્તરથી વધારે. માતા લલિતાબહેન નડિયાદના નાગરવાડાની સંસ્કૃત પાઠશાળામાં સાત ધોરણ પૂરાં કરેલાં. તેમનાં મા પાર્વતીબહેનની દેખરેખ નીચે બીજા પુત્ર જશવંતનો જન્મ. ગામની જમીનમાં ફળ પુષ્કળ પાકે. દયાશંકર પાસે જમીન અને ૧૪ આંબા, પણ ખેતીમાં રસ નહીં. જામનગર રાજમાં સિટી સર્વે ઑફિસર. પ્રથમ પુત્ર કમલેશ પછી છ વર્ષે જશવંતનો જન્મ (પછી) સાત વર્ષે મધુસૂદન (પછી) બાદ ગૃહસ્થજીવન સમાપ્ત. આવાં દૃઢ નિગ્રહી માતાપિતા. ૪થે વર્ષે યજ્ઞોપવિત સંસ્કાર બાદ બટુક પાસે પુસ્તક પૈસા ધાન્ય શસ્ત્ર (પસંદગી માટે) મુકાતાં જશવંતે પુસ્તકની પસંદગી કરી. આગળ જતાં સ્કાઉટ માસ્તર રાણેના માર્ગદર્શનમાં સ્કાઉટ પ્રવૃત્તિમાં પણ ભાગ લીધો.

પ્રાથમિક શિક્ષણ મહેલાવમાં. કુશાગ્ર બુદ્ધિ અને ધરખમ સ્મૃતિને લીધે પ્રથમ વર્ષમાં જ બે ધોરણ પૂરાં કરી ત્રીજામાં પ્રવેશ. ત્યાં પણ ત્રીજું અને ચોથું સાથે કર્યાં. સ્વામી પ્રકાશાનંદ ગોદડિયા પેઠે માથે લીલો કટકો, કમરે કટકો, હાથમાં દંડૂકો ટેકરે આસન. વેશ લીધો સ્વામીનો. પછી સ્વામીએ સમજાવ્યું, સાધુ તો ભણવાથી, સંસ્કૃત જાણવાથી થવાય. જશવંતે અણદાબાવા પાસે ગીતા મુખપાઠ કરી અને પ્રથમ ત્રણમાં સ્થાન લીધું. આ મેધાવી કિશોરને મહંત તરીકે ગાદીપતિ થવા કેળવાવવાનું નિમંત્રણ મળ્યું પણ દેશપ્રેમ ખાતર એ નકાર્યું અને બે આનાની ખાદીની ટોપી માગી.

સાતેક વર્ષ પિતા સાથે રહ્યા. ત્રણ સાડાત્રણ મહિના ભારતયાત્રા કરી પાછા ફરતાં ચાંદોદથી એક હોડી નર્મદાતીર તીર્થયાત્રા માટે ભાડે કરી. બાજુમાં કરનાળી બ્રિટિશ ગામ. ત્યાંના પોલીસોએ આ જ હોડી માટે આગ્રહ રાખતા. ગાયકવાડી ચાંદોદના પોલીસો સાથે તકરાર મારામારી. ત્યાં ગંગનાથના સ્વામી છૂપા ક્રાંતિકારી બ્રહ્માનંદજીને ખબર પડતાં મંદિરના સન્યાસીઓ સાથે આવી બ્રિટિશ પોલીસોને મારી ભગાડ્યા. સત્તા સામે પણ સંઘર્ષના બીજ જશવંતમાં અહીં વવાયાં અને તે વિઠ્ઠલભાઈ બહારવટિયા, સૌરાષ્ટ્રના સિંહ છેલભાઈ દવે, બાબર દેવા તથા જામનગર પીજની વ્યાયામશાળા ગાંધીજી,દરબાર ગોકળદાસ દેસાઈ આદિ પુરુષો પાસેથી પોષણ પામ્યાં. ગિરિનાર પર્વતની સાતેક ટૂંકો શાળાની ટુકડી સાથે લગભગ વિક્રમ કહી શકાય એટલા ટૂંક સમયગાળામાં ચઢી ઊતરતાં નીડરતા સાહસિકતા ખંત અને દઢતા પણ કેળવાયાં. ગાયકવાડી રિયાસતમાં શિક્ષણ, શાળા, ગ્રંથાલય આદિ પ્રવૃત્તિ સારી ચાલે.

જામનગરમાં સંગીતની પ્રવૃત્તિમાં પણ આગળ અને લયબદ્ધ અંગ્રેજી કવિતા પઠનમાં પણ ત્રણે વર્ષ પ્રથમ આવી પોષાક પુસ્તક અને પૈસા મેળવેલાં. અહીં આથી પૈસાનો લોભ જાગ્યો. એક વોરા મિત્રે છાપામાંની ઈનામી કુપનો કાપી લઈ નામ આગળ ડૉ. લગાડી દવાઓના સેમ્પલ મંગાવી વેચવાનું શિખવાડ્યું. ધંધો ચાલ્યો પણ મોટાભાઈ કમલેશે આ છેતરપિંડી એ જેલસજાપાત્ર ગુનો છે એમ સમજાવી બંધ કરાવી.

સંગીતની પ્રવૃત્તિ સાથે સાહિત્યની પ્રવૃત્તિ પણ પ્રો. મનસુખલાલ ઝવેરીના વર્તુલમાં દાખલ થઈ. અભ્યાસ વધાર્યો. જામનગરમાં ખોજાઓ બાળકો ઉપાડી જઈ જુલ્મ કરી મારી નાખે એવી અફવાઓ ચાલે. બેચાર મિત્રો સાથે જશવંત ખોજાવાસમાં રાતે ફરી આવ્યા. અફવા પાયાવિનાની છે એમ જાતતપાસે જાહેર કર્યું અને કોમી એખલાસ વધાર્યો. દલિત પીડિત હરિજન અને મુસ્લિમ એવા ભેદ નહીં. લલિતાબ્હેન પણ સૌને પોતાને રસોડે જમાડે. ઘરમાં આશ્રય પણ આપે. આગળ ઉપર ઠક્કરબાપા અને નરસિંહભાઈ પટેલ સાથે અંત્યજોના કામમાં જોડાયા. મતભેદો પણ થયા.

જામનગરમાં ક્રાંતિકારી સાહિત્ય કૉંગ્રેસ પત્રિકા ખુલ્લેઆમ વહેંચાતાં વેચાતાં શેઠ અમૃતલાલનું સૌરાષ્ટ્ર ફૂલછાબ. પણ તેમાં એક જયંતિ દોશી સાથે પરિચય. તેણે એક નવયુગ ગ્રંથમાળા કરી તેમાં જશવંતનું 'સીતમની ચક્કી' પ્રકટ કર્યું. દરમિયાન નવી દિલ્હીમાં કૉંગ્રેસનું ગેરકાયદેસર અધિવેશન શેઠ રણછોડલાલના પ્રમુખપદે ભરાયું. સરકારે દમનનો દોર છૂટો મૂક્યો. જશવંત તથા ચંપાબહેન મહેતા ત્રિરંગો લઈ જતાં તો ત્યાં ઘોડેસ્વાર પોલીસે પછાડ્યાં અને જેલમાં પૂર્યાં. આ પહેલાં જામનગરમાં અભેદ મંડળ રચી હસ્તલિખિત પત્રિકાઓ છપાવી વહેંચી. સરકારની તપાસમાં દોઢ દિવસ વ્યાયામશાળામાં સંતાઈ છેવટે પકડાઈ દોઢ દિવસ જેલમાં રહી ન્યાય માટે ખડા થવાનું થતાં માફી માગવાનું ન સ્વીકારતાં પિતાને બોલાવી છેવટે જામનગર છોડાવી નડિયાદ રવાના થવાનું બન્યું.

દરમિયાન મેટ્રિકની પરીક્ષા ૧૯૩૦માં પસાર કરી મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. તે ગાળામાં અનેક સામ્યવાદી આગેવાનો, કાર્યકરો સાથે પરિચય, ચર્ચા-વિચાર-વિનિમય. કૉંગ્રેસી કાર્યકરોની ઢીલીનીતિ આદિ કારણોએ તેનું વિચારવહેણ સામ્યવાદ તરફ ઢળ્યું અને જવાહરલાલ નેહરુના લાહોરના પૂર્ણ સ્વાતંત્ર્યના ઠરાવે રંગ ભરી દીધો. લાલ વાવટાવાળું યૂનિયન રચ્યું અને અમદાવાદમાં સામ્યવાદી પક્ષનું કાચું યૂનિટ સ્થપાયું તેના પહેલાં મંત્રીનું પદ જશવંતે

લીધું. સ્વાતંત્ર્યદિનનો કમ્યૂનિસ્ટ મેનિફેસ્ટો બહાર પડ્યો અને રાજદ્રોહનો આરોપ મુકાઈ ધરપકડનું વોરન્ટ નીકળ્યું. ખાડીઆમાં શ્રી અંબુભાઈ પુરાણીનાં પત્ની લીલાવતીબહેને આશ્રય આપ્યો. પોલીસની ધોંસ વધવા માંડી. મૃદુલાબ્હેન સારાભાઈએ આશ્રયસ્થાના શોધી કાઢી, નાણાં આપી અમદાવાદ છોડાવી મુંબઈ જતા રહેવા સલાહ આપી. ત્યાં પહોંચી ત્રણેક મહિના રહી જાણકારી મેળવી પાછા અમદાવાદ ફર્યા ત્યાં પોલીસની કરડી નજર. ફરી મુંબઈ,ત્યાંથી કાનપુર, સોલાપુર, ગોકાક, કર્ણાટક પહોંચી ૧૯૩૩માં ફ્રેંચ દ્વારા શાસિત વિસ્તાર પોંડીચેરીમાં શ્રીઅરવિન્દાશ્રમમાં આશ્રય મેળવ્યો. દરમિયાન માતાપિતાએ નડિયાદમાં સ્થાયી થવાનું નક્કી કરતાં કુટુંબની સ્થાવરજંગમ મિલકત ત્રણ ભાગે વહેંચવાની ઈચ્છા વ્યક્ત કરતા જશવંતે પોતાનો ભાગ બે ભાઈઓમાં વહેંચી આપી દીધો. જામનગરમાં નાટકની દીક્ષા અથવા પ્રવેશ વલસાડના એક દીક્ષિત કુટુંબના દ્વારા થયેલો. વળી એક પારસી સજજન કાત્રક ખૂબ જ શ્રેષ્ઠ નાટકજ્ઞ અને શાહ ચંદુલાલના મૂંગા ચલચિત્ર રણજિત મુવીટોનનો પણ સારો એવો પ્રભાવ. કમલેશ તો મુંબઈ ચાલી પણ નીકળેલા.

પોંડીચેરીમાં કિશોર જશવંત્ હવે ૧૮ વર્ષે યૌવનનો આવિષ્કાર પામે છે. સ્ત્રી વિષે જાગૃત સભાન બને છે. ત્યાં સ્ત્રી-પુરુષો વચ્ચે કોઈ ભેદ ન હતા. પણ આશ્રમજીવનની પવિત્રતા હતી. નિર્મળતાનું વાતાવરણ અહીં જશવંતને શ્રી અરવિંદ, શ્રી માતાજી, અંબુભાઈ, આર્જવ, અમલ, પૂજાલાલ, નલિનીકાન્ત, હરીશ ચટ્ટોપાધ્યાય આદિ અનેક પ્રતિભાઓનું માર્ગદર્શન સાહિત્યક્ષેત્રે મળ્યું. અનેક સરસ કાવ્યો લેખો નિબંધો તેમજ અનુવાદો વિ. જશવંતે આશ્રમજીવનમાં કર્યા અને ત્રણ સાડાત્રણ વર્ષ એમ જ વહી ગયાં. દીર્ઘકાવ્ય 'ઉર્વશી', નાટકો, ઈત્યાદિ પણ રચાયાં. અવનિ પર અવતાર લેતાં નાનીમાએ નામ પાડ્યું હતું લાડમાં કાળિયો, તો આ અરવિંદાશ્રમમાં પ્રવેશ્યા પછી નામ મળ્યું જશ્મિન. અનેક રીતે સંસ્કારાઈ કિશોરમાંથી યૌવનમાં પ્રવેશી પાંગરેલા યુવક જશવંતનું ક્રાંતિકારી મન કદાચ વિકાસ પામીને પણ સંપૂર્ણ તૃપ્ત ન હતું. શોષિતો પ્રત્યેની અનુકંપા·રાજકીય સામાજિક આર્થિક અને વૈચારિક સંઘર્ષ વિના શોષણ દૂર ન થઈ શકે એ તત્ત્વજ્ઞાને જશવંતને લોકસમુદાયના વિશાળ ફલક તરફ કદમ માંડવા પ્રેરણા આપી. તેમાં પોંડીચેરીની મિલના કામદારોની હડતાલે ભારે વેગ આપ્યો અને જશવંતની બેચેની વધતી ચાલી. છેવટે આશ્રમ છોડવાનું નક્કી કર્યું. એમનાં લગ્ન કુ. ભારતીબહેન શુકલ સાથે થયાં. પરિવારમાં ત્રણ સંતાનો : ભારવિ અને જયદેવ બે પુત્રો તથા પુત્રી અદિતિ.

અંદરથી આસ્તિક શ્રદ્ધાળુ જશવંતના જીવનના ત્રણ પ્રસંગો એણે જ નોંધાવ્યા છે. પોતાના સાતમા વર્ષે પિતા સાથે સોમનાથ મંદિર (ખંડિયેર અવસ્થામાં ત્યાં તો)માં પિતાના લઘુરુદ્રની પળોમાં કોઈક મધુર ગુંજન સંભળાયું હતું જે છેવટ સુધી યાદ હતું. જામનગરના નિવાસસ્થાન પાછળ મોટું ખાલી નિર્જન મેદાન હતું અને અજથાના કાળમાં જશવંતને સાંજ પડે પાછળની બારીમાં આકારો-છાયાઓ હંમેશાં દેખાયાં કરતાં. આશ્રમના વસવાટ દરમિયાન માતા લલિતાબાની દમથી લગભગ મરણાસન્ન બનેલી તબિયત અંગે પિતાનો આવી પહોંચવા માટે તાર મળ્યો. શ્રી અરવિંદની રજા માગી પણ ના મળી. બેચેન જશવંતનું મન ભારે ભીંસમાં. થોડા દિવસો પછી બાનો પત્ર આવ્યો. મધરે મા મીરાંએ બાને પત્ર લખેલો અને ફૂલો બીડેલાં અને ત્યાર પછી લલિતાબહેનની તબિયત સુધરી ગઈ અને પછી જીવનભર દમે મુલાકાત લીધી નહીં. જશવંત તે વિષે લખે છે 'હું બાની તબિયત દમમુક્ત બની તેને કોઈ અંધશ્રદ્ધનાં મૂલ્યોથી નવાજવા માંગતો નથી. શ્રી અરવિંદે કે માએ જે સાધના કરી હોય તે ખરી પરંતુ મા (મધર) ના પત્ર ફૂલ પાછી મારી બાની દમે કદી મુલાકાત લીધી નથી એ હકીકતને અંધશ્રદ્ધા કે વહેમના અંચળા નીચે હું કેવી રીતે નકારી શકું.'

અરવિન્દાશ્રમમાં મધરના વાત્સલ્યસભર આશ્રમ-પરિવારના પ્રેમથી છલકતું વાતાવરણ ભારે હૃદયે ભીના આંખે છોડી જશવંતે ફરી સમાજમાં મુંબઈ મારફત પ્રવેશ કર્યો. જતાં શ્રી રમણ મહર્ષિના આશ્રમમાં દોઢ દિવસ રોકાઈને જૈન બૌદ્ધહિંદુ અને આર્ય સંસ્કૃતિનાં મૌન શાન્ત નિરંજન નિરાકાર સાંખ્ય યોગના વૈરાગી મૂર્તિમંત સાધકના દર્શન કરી તીરુવત્તામલાઈ છોડ્યું. મુંબઈ આવી પોતાના ઉપરનું વોરંટ રદ કરાવ્યું શ્રી ક. મા. મુનશીજીની સહાયથી. પણ અભ્યાસ તો કરવો જ હતો. મેડિકલમાં પ્રવેશ ન મળ્યો એટલે સુરત જઈને આર્ટ્સમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધો અને અનેક સામ્યવાદી અને સમાજવાદીઓમાં સંપર્ક કેળવ્યો અને પ્રવૃત્તિમાં ઝંપલાવ્યું. વિદ્યાર્થીસંગઠન કર્યું, પુસ્તિકાઓ છપાવી. વિદ્યાર્થી પરિષદ ભરી.

સ્વાતંત્ર્યદિનની ઉજવણી માટે સરકારી કોલેજોમાં લડત ઉપાડી હડતાલ યોજી. પ્રિન્સિપાલ શિરાજે દમન ચલાવ્યું. જશવંત કોલેજમાંથી બરતરફ. વળી સમાધાન થયું. બરતરફી પાછી ખેંચી. આ બધી પ્રવૃત્તિઓમાં કોલેજનાં સત્રો મુંબઈ સુરત અમદાવાદમાં ભરાતાં રહ્યાં.પારકી છઠ્ઠીનો આ જાગનાર છ વર્ષે લગભગ અભ્યાસ પૂરો કરી સ્નાતક બને છે. દરમિયાન વિજયરામ વૈદ્યની સહાય-અર્થે નાટક ભજવવાનું આયોજી તેમં રસ લીધો. કોલેજમાં પ્રો. અત્રેના નાટક 'ઉંબર બહાર'માં મુખ્ય સ્ત્રીપાત્ર પણ ભજવ્યું અને સામ્યવાદી પ્રવૃત્તિ કરતાં કરતાં ઈન્ડિયન પીપલ્સ થીએટર શરૂ કર્યું. ગાંધીજીના પ્રભાવ નીચે જશવંતે સંયમ પાળવાનું અને અપરિગ્રહનું વ્રત લીધેલું તેમાં ઘણે લાંબે ગાળે અપરિગ્રહની સાચી સમજણ એમને મળી કે ચીજવસ્તુ તથા નાણાંનો સંગ્રહ નહિ પણ માલિકીહકકનો અહંકાર પોષાય તેવો સંગ્રહ ન કરવો અને એ પ્રભાવે હજારો રૂપિયા એણે અનેક જરૂરતમંદોમાં વહેંચી માર્યા.


બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન યુદ્ધવિરોધી આંદોલનમાં જશવંતે પૂર્ણપણે ભાગ લીધો અને ધરપકડ પણ વહોરવી પડી. જેલમાં એણે સાહિત્ય-પ્રવૃત્તિ ખૂબ ઉત્સાહથી ચલાવી. ઘણું સર્જન કર્યું. પોંડીચેરીમાં કૈશોર્ય યૌવનની મુગ્ધતાથી સર્જન કર્યું હતું. જેલમાં મનન ચિંતન અને સિદ્ધાંતોની ભૂમિકાએ સર્જન થયું. 'વલ્કલ' 'તાપી પર' 'લાલ પ્રકાશ' નવલકથાઓ. 'સુલ્તાના

રઝિયાં 'માય પીપલ સિંગ' અંગ્રેજીમાં રચ્યા ઉપરાંત લેખો અનુવાદો વગેરે ઘણું સાહિત્યકકાર્ય કર્યું. ચારેક વર્ષ બાદ જેલમાંથી છુટ્યા. જશવંત માટે હવે તો રાહ નક્કી થઈ ગયો હતો. ઈંડિયન પીપલ્સ થીએટ્રિકલ એસોસિએશને આકાર લેવા માંડ્યો અને તેની દેશભરમાં શાખાઓ ખૂલવા માંડી. જશવંતે તેમાં જાન દઈ ઝુકાવ્યું અને આશરે ૧૦૦ થી ૧૫૦ જેટલાં નાટકો દિગ્દર્શિત કર્યા. એમણે અનેકમાં અભિનય આપ્યો. એમણે વડોદરા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કલા મહાવિદ્યાલયમાં નાટ્યવિભાગના અધ્યક્ષ તરીકે કામ કર્યું. અમદાવાદ કાર્યક્ષેત્ર બનાવવાની, ખૂબ ઈચ્છા એટલે એચ. કે. આર્ટ્સ કોલેજમાં નાટ્ય વિભાગના અધ્યક્ષ ૧૯૭૦માં. ગુજરાત કોલેજના નાટ્ય વિભાગના અધ્યક્ષ ૧૯૭૫માં. સમરકંદ બુખારા અને મોસ્કોનો ૧૯૭૬માં, પૂર્વ જર્મનીનો પ્રવાસ ૧૯૬૮માં. અભિનય માટે ન્યૂ દિલ્હીની સંગીત નાટ્ય અકાદમીએ રાષ્ટ્રિય પુરસ્કાર આપ્યો. ૧૯૭૧માં રણજિતરામ સુવર્ણ ચંદ્રક અને ૧૯૮૬માં સોવિયેટ લેન્ડ નેહરુ પુરસ્કાર.

૧૯૫૭માં નવા નટો માટે કેટલાંક સૂચનો *'નાટ્ય શિક્ષણનાં મૂળ તત્ત્વો'* 'નાટ્યપ્રયોગ શિલ્પ' ૧૯૫૯માં 'અભિનય કલા' ૧૯૭૨માં 'વિરાટ જાગે છે' ૧૯૫૧માં 'કલ્યાણી'ની રચના. 'છેડે આવ્યું છીંડું' 'ભગતની સમાધિ' 'જીવનનો જય' 'સાબદા થાઓ' 'માટીમાંથી સોનું' જેવાં મૌલિક નાટકો; 'ઉર્વશી' સર્ગાત્મક કાવ્ય 'અંતરપટ' 'આરત' જેવા કાવ્યસંગ્રહો. ૧૯૪૪માં ઉદયશંકર સાથે ત્રણ માસ સહવાસ કલકત્તામાં. 'નાટક' પાક્ષિકનો પ્રારંભ. 'પ્રજાશક્તિ'ના તંત્રી. જશવન્ત ઠાકર એક કુશળ નટ, અભ્યાસી નાટ્યાચાર્ય અને સંવેદનશીલ મનુષ્ય હતા. ૨૯મી ડિસેમ્બર ૧૯૯૦ના રોજ એમનું અવસાન થતાં ગુજરાતી રંગભૂમિએ આપ્તજન ગુમાવ્યાનો આંચકો અનુભવ્યો. -પિનાકિન્ ઠાકોર

કુદરતની કરામત
લુરે કેવ્ઝ

કુદરતની કરામતનો કોઈ તાગ પામી શક્યું છે ? ક્યારેક તો આપણી બુદ્ધિ કામ ન કરે તેવી કરામત કુદરત કરતી હોય છે. આવી



જ એક કરામત અમેરિકામાં ક્લીવલેન્ડથી વૉશિંગ્ટન જતા આવતી લુરે કેવ્ઝ છે. અહીં કરોડો વર્ષથી કોઈ અદીઠ શિલ્પીએ હેરતભરી પથ્થરની ગુફાઓનું સર્જન કર્યું છે. કુદરતી રીતે જ આ ગુફાઓમાં પથ્થરનાં જાણે અવનવાં શિલ્પો રચાયાં છે. આ એક ગુફા નથી, પણ ગુફાઓનો સમૂહ છે. અહીંની જુદી જુદી ગુફાઓને જુદાં જુદાં નામ આપવામાં આવ્યાં છે. એક ઘન ઈંચ ખડકળાંથી આકાર સિદ્ધ થતાં, કહે છે, એક સો ને વીસ વર્ષ લાગે છે !

આવા તો અહીં કેટલાયે આકારો જોવા મળે છે: વૃક્ષાકૃતિ ખડક, મત્સ્યાકૃતિ ખડક, મૂર્ત્યાકૃતિ ખડક! એક જુઓ ને એક ભૂલો. કેટલેક સ્થળે તો ઝુમ્મરાકૃતિ ખડકો છત પર લટકે છે. નીચે એકત્ર થએલા જળરાશિમાં આ લટકતા આકારોનાં પ્રતિબિંબ નયનરમ્ય દૃશ્ય સર્જે છે.

આમાંની એક ગુફામાં એક ખડક તોડીને વચ્ચેથી રસ્તો કાઢ્યો છે. રસ્તાની બે બાજુના ખડકોનો આકાર બાફેલું ઈંડું વચ્ચેથી છેદાઈને બે અડધિયાંમાં વહેંચાઈ ગયું હોય તેવો છે. અહીંનાં લોકોમાં એક પ્રકારની એવી માન્યતા છે કે આ ખડકાર્ધને સ્પર્શવાથી સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય છે. કુદરતની કરામત અને મનુષ્યની સુખેચ્છાની આ કેવી યુતિ ! પ્રવાસીઓને મુગ્ધ કરે તેવું લુરે કેવ્ઝનું પ્રાકૃતિક સર્જન અમેરિકાની અજાયબી છે !

અનુસંધાન) સાહિત્યસંપર્ક (પૃ. ૩૧ પરથી

વાચક મેરુસુંદરકૃત બાલાવબોધ

જૂની ગુજરાતીમાં પદ્યની જેમ ગદ્યનું પણ ખેડાણ થયેલું છે. ગદ્યલખાણોના વિવિધ પ્રકારોમાં એક છે બાલાવબોધ. વિક્રમની ૧૬મી સદીમાં થઈ ગયેલા મેરુસુંદરે ૧૯ બાલાવબોધ રચેલા છે. સંસ્કૃતમાં રચાયેલા 'શ્રી અજિતશાંતિ-સ્તવન' પરના મેરુસુંદરે તૈયાર કરેલા બાલાવબોધનું બે હસ્તપ્રતોને આધારે ડૉ.કુમારપાળ દેસાઈએ અહીં સંપાદન કર્યું છે. અંતે મહત્ત્વપૂર્ણ શબ્દાર્થ અને ટિપ્પણ પણ આપવામાં આવ્યાં છે. આપણા બાલાવબોધનાં સંપાદનોમાં આ ગ્રંથ મહત્ત્વનો ઉમેરો બની રહે છે. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, ડિમાઈ પૃ. ૭૨, રૂ. ૨૦)

પ્રાપ્ત પ્રકાશનો

આતમતૃષા : ઇન્દુ રજની મોદીનો કાવ્યસંગ્રહ (પ્ર. દિવ્યબાળા કે. મજમુદાર, ૩૪૧, લીલા નિવાસ, ચંદાવરકર રોડ, માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯, કાચું પૂઠું, ડિમાઈ પૃ. ૬૨, રૂ. ૧૨-૦૦)

વિનાયક-વિષાદયોગ : બહાદુરભાઈ જ. વાંકનો વાર્તાસંગ્રહ (પ્ર.કુસુમ પ્રકાશન, ૬૧ એ, નારાયણનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. *કાચું પૂઠું, ક્રાઉન* પૃ.૧૧૨, રૂ. ૧૬-૦૦)

પરિચય ટ્રસ્ટ (મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડીંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨)ની નવી પુસ્તિકાઓ : પુસ્તિકા ક્રમાંક - ૭૬૩ - ગરીબી નિવારણની યોજનાઓ (લેખક : જિતેન્દ્ર સંઘવી) ક્રમાંક ૭૬૪ - હૃદય રોગની અદ્યતન સારવાર (લેખક : ડૉ. સિદ્ધાર્થ ડગલી) ક્રમાંક ૭૬૫- માનવ ઉત્ક્રાંતિ (લેખક : ડૉ. રાહુલ વસા) પ્રત્યેક ક્રાઉન પૃષ્ઠ ૩૨, પ્રત્યેક પુસ્તિકાની કિં. રૂ. ૩-૦૦

પરિચય ટ્રસ્ટ (મહાત્મા ગાંધી મેમોરીઅલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૦૨) ની ત્રણ નવી પુસ્તિકાઓ : ગુજરાતી સાહિત્ય પરિષદ . લેખક . યશવંત દોશી, વીલ કેવી રીતે કરવું . લેખક . હરીશ ર. યાદવ. 'સ્નેહરશ્મિ' . લેખક . રમણલાલ જોશી. (દરેક પુસ્તિકાની કિં. રૂ. ૩)

સોબત કરતા શ્વાનની, બે બાજુનું દુઃખ;
ખીજ્યું કરડે પિંડીએ, રીઝ્યું ચાટે મુખ.

એકવાર એક મહાત્મા પોતાના શિષ્ય સાથે ફરતા ફરતા એક ભક્તને ત્યાં જઈ પહોંચ્યા. ભક્તે પ્રેમથી રાંધીને મહાત્માને ભોજન તો કરાવ્યું, પરંતુ રસોઈ સહેજ કાચી રહી ગઈ હતી એટલે મહાત્માને પેટમાં ચૂંક ઊપડી. શિષ્યને આ વાતની જાણ થતાં મહાત્માએ કહ્યું કે 'હું ભક્તના ભોજનને નહિ, ભાવને જમું છું, માટે રસોઈ કાચી હતી તેમ તે ભક્તને કહેશો નહિ.' આ મહાત્મા તે ભગવાન બુદ્ધ.

¤

શબ્દવ્યૂહ કે શબ્દકસોટીની શોધ ઇંગ્લૅન્ડના - લીવરપુલના આર્થર વેઈને કરી હતી. ૨૧મી ડિસેમ્બર ૧૯૧૩ના 'ન્યૂ યૉર્ક વર્લ્ડ' નામક વૃત્તપત્રમં આ પ્રકારનો એક શબ્દકોઠો એણે સૌ પ્રથમવાર પ્રકટ કર્યો.

¤

શિયાળામાં દાઢી કરતા પૂર્વે ચાર-છ ટીપાં તેલ લઈ દાઢી પર માલિશ કરશો તો કુમાશથી દાઢી થઈ શકશે.

¤

નાકમાં છોડ જામતા હોય તો રાત્રે સહેજ ઘી લગાડીને સૂઈ જવાથી રાહત રહેશે.

¤

આજે શાળાઓમાં ભૂમિતિના જે પ્રમેયો શિખવાય છે તેનો સંગ્રહ આશરે ૨૩૦૦ વર્ષ પૂર્વે યૂકિલડે કર્યો હતો.

¤

શરદીને કારણે નાક બંધ થઈ ગયાં હોય તો દીવેલ ગરમ કરી તેનાં બબ્બે ટીપાં નાકમાં નાખવાથી નાક ખૂલી જશે.

¤

ગણિતગમ્મત : ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૦ આને અપૂર્ણાંકમાં એવી રીતે લખો કે જેથી જવાબ ૧ આવે. દરેક આંકડો આવવો જ જોઈએ તેમજ કોઈ પણ આંકડો બે વખત આવવો જોઈએ નહિ. —મનુભાઈ દેસાઈ

¤

હથેળીમાં થોડું પાણી લઈ તેમાં ગ્લિસરિનનાં ચાર-છ ટીપાં નાખી તેનું મિશ્રણ કરી ચામડી પર ઘસવાથી ચામડી શિયાળાને કારણે ફાટશે નહિ.

¤

કારમેલમાં એક વિચિત્ર કાનૂન એવો છે કે કોઈ પણ પુરુષ જો પોતાના પેન્ટના મૅચિંગનું જૅકેટ ના પહેરે તો તે કાનૂનભંગ ગણાય છે.

¤

ફૂલને ખીલવા દો, મધમાખી આપોઆપ તેની પાસે આવશે. ચારિત્રશીલ બનો, વિશ્વાસ જાતે જ તમારા પર મુગ્ધ થઈ જશે.

રામકૃષ્ણ પરમહંસ

¤

પૃથ્વી ઉપર જ્યારે બીજો માણસ પેદા થયો ત્યારે પહેલાના અધિકારોના બે ભાગ થઈ ગયા. હવે તમે જ વિચારો કે દુનિયાની આજે જેટલી વસતી છે તે હિસાબે તમારા ભાગે કેટલા અધિકારો રહે છે.

¤

જાણો છો કે આપણે જેને 'ડ્રૉઈંગ રૂમ' (દીવાનખંડ) કહીએ છીએ તે મૂળ તો 'વિથ્‌ડ્રૉઈંગ રૂમ'નું ટૂંકું રૂપ છે. એનો અર્થ કદાચ એવો થાય કે ઘરકામથી પરવારીને ઘરધણી જ્યાં બેસીને આરામ કરે (યા આવનાર મુલાકાતીને બેસાડે). 'દીવાન'નો એક અર્થ છે આરામદાયક મોટી બેઠક (પાટ) જ્યાં બહુધા ઘરધણી બેસતો હોય. ઘરમાં આવતા મુલાકાતીઓનું અહીં સ્વાગત થાય, કે અહીં એમની સાથે વાતોચીતો કે ટોળટપ્પાં થાય. બહારની વ્યક્તિ મોટે ભાગે ઘરમાં અહીં સુધી જ પ્રવેશ પામે અને ઘરનાં શોખસમૃદ્ધિ-સજાવટનું પ્રદર્શન પણ આ ખંડમાં જ જોવા મળે.

¤

સ્થૂળકાય અંગ્રેજ લેખક ડૉ. જોનસન એકવાર સાંકડી ફૂટપાથ પરથી પસાર થતા હતા ત્યારે સામેથી આવનાર વ્યક્તિને કહ્યું : 'મને જરા માર્ગ આપશો ?'
પેલી વ્યક્તિએ જવાબ આપ્યો : 'હું મૂર્ખને માર્ગ આપતો નથી.'
'હું આપું છું,' કહી ડૉ. જોનસન ફૂટપાથ પરથી નીચે ઊતરી ગયા.

¤

રાજકારણ પ્રેમ જેવું છે : એનું પ્રાથમિક જ્ઞાન પણ ન ધરાવવા છતાં બધાં એમાં કૂદી પડે છે.

¤

જોડણીભેદે અર્થભેદ

સુણવું-સાંભળવું; સૂણવું - સૂજી જવું

¤

સ્કૉટલૅન્ડમાં નવા વર્ષની ઉજવણી નિમિત્તે એવી માન્યતા પ્રવર્તે છે કે વીતી રહેલા વર્ષની છેલ્લી રાત્રીએ ૧૨ વાગ્યે જે કોઈ પહેલો અતિથિ ઘરમાં પ્રવેશે તે પોતાની સાથે સુખ-સમૃદ્ધિ-સૌભાગ્ય લઈને આવે છે. આથી વર્ષની છેલ્લી રાતે ૧૨ વાગ્યા પહેલા નવયુવાનો પોતાની સાથે માખણ, પાઉં, કેક, ટૉફિ, વગેરે લઈને ઘરેથી નીકળી પડે છે અને ૧૨ વાગ્યા પછી તરત જ પોતાના મિત્રોને ત્યાં પહોંચી જાય છે, જ્યાં એમનો પૂરો આદરસત્કાર કરવામાં આવે છે.

¤

ગણિતગમ્મતનો ઉકેલ

(૧) ૧૩૫/૨૭૦+૪૮/૯૬ = ૧
(૨) ૩૮૫/૯૭૦+૧/૨ = ૧
(૩) ૧૪૫/૨૯૦+૩૮/૭૬ = ૧
(૪) ૧૭/૩૪+૨૮/૫૬-૦/૯ = ૧

¤



કલાકણિકા : સોવિયેત સંઘમાં પ્રાચીન કોસ્ત્રોમા શહેર અને એની આસપાસના પ્રદેશમાં, આપણે ત્યાં જેમ ઓરિસ્સામાં ધાતુના બારીક તારની ગૂંથણીથી આકૃતિઓ રચવામાં આવે છે તેમ, ધાતુના બારીક તારથી બનાવાયેલી કૂકડાની આ આકૃતિ હસ્તકલાનો આકર્ષક નમૂનો છે.

છેલ્લું પાનું

¤